॥ श्रीगुरु दत्तात्रेयायनमः ॥

श्री

भृगुकच्छ (भरुच) महात्म्य.

टीका करनार,

परम पूज्य श्री गांडा महाराज

भागाकोट, भरुच.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

કલ્યાણજી નિચ્છાભાઈ દેશાઇ.

ઓફીસ ખડકી—ભરૂચ.

શ્રી 'જ્ઞાનોદય' પ્રીન્ટિંગ પ્રેસ—ભરૂચ.

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૩. સને ૧૯૧૭

કિંમત રૂ. ૦-૮-૦ આઠ આના.

॥ श्रीगुरु दत्तात्रेयायनमः ॥

श्री

भृगुकच्छ (भरुच) माहात्म्य.

टीका करनार,

परम पूज्य श्री गांडा महाराज

भागाकोट, भरुच.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

કલ્યાણજી નિચ્છાભાઈ દેશાઇ.

ઓફીસ ખડકી—ભરૂચ.

શ્રી 'જ્ઞાનોદય' પ્રીન્ટિંગ પ્રેસ—ભરૂચ.

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦.

સંવત્ ૧૯૭૩. સને ૧૯૧૭

કિંમ્મત રૂા. ૦-૮-૦ આઠ આના.



શ્રી જ્ઞાનોદય પ્રિન્ટિંગ પ્રેસમાં, ઇચ્છાલાલ અમૃતલાલ
મામલતદારનાએ નવા દહેરા પાસે નં. ૫૦૫
વાળા મકાનમાં છાપી—ભરૂચ.

અનુક્રમણિકા.

—******—



॥ ॐ ॥

॥ श्री गुरु दत्तात्रेयाय नमः ॥

श्री भृगुकच्छ महात्म्य.

गणराज नंदिश्वरं गुरु दत्तात्रयशिवम् ॥
मार्कंडेय महामुनिं भूयो भूयो नमाम्यहम् ॥ १ ॥

ટીકા—સર્વ દેવોમાં પૂજ્ય, સર્વ દેવોના રાજા એવા શ્રી ગણુપતિ, નંદિરાજ, શ્રીસદ્ગુરૂ ભગવાન શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ, મારા ઇષ્ટદેવ શ્રીદત્તાત્રેય, કુળદેવતા શ્રીશુક્લેશ્વર મહાદેવ અને શ્રીરૂદ્રનાં ચૌદ વર્ષ જેમનું આયુષ્ય છે એવા નર્મદાના ભક્ત શ્રીમાર્કંડ મહારાજને હું વારંવાર સાષ્ટાંગ નમસ્કાર કરૂં છું. ॥૧॥

नमस्तस्यै भृगुकच्छे रेवा गंगा सरस्वतीम् ॥
शूलेश्वरी मूलपीठं तथा सौभाग्यसुंदरीम् ॥ २ ॥

ટીકા—હવે હું આ ભૃગુકચ્છપ ક્ષેત્ર (ભરૂચ) ના મુખ્ય દેવતા નર્મદા, ગંગા, સરસ્વતી, તથા આ ત્રિભુવનમાં પરમાત્માની શક્તિ જે મહામાયા લક્ષ્મી યા પાર્વતી નામથી ઓળખાય છે; તેમનાં આ જગતમાં મુખ્ય એકસોને આઠ સ્થાન છે. તેમાંનાં બે મહાસ્થાન જે દેવીની મુખ્ય પીઠ કહેવાય છે. જેમનું સ્મરણ દર્શન કરતાં મનુષ્યો પાપ, તાપ અને દૈન્યથી તરત મુક્ત થઇ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરે છે તે મૂળપીઠની દેવી સૌભાગ્યસુંદરી જે ભૃગુમહારાજની સાથે રહેલાં છે તેગને; અને શૂલેશ્વરી દેવી (જે આજે બહુચરામાતાને નામે ઓળખાય છે) તેમને હું સાષ્ટાંગ નમસ્કાર કરૂં છું. ॥૨॥

आदित्य विश्वरूपंच श्रीपतिं मूल श्रीपतिम् ॥
नारायण गिरिं देवं भृगुमुनिं नमाम्यहम् ॥ ३ ॥

શ્રી સૂર્યનારાયણ આ ભૃગુક્ષેત્રમાં તપ કરી મહાદેવજીને પ્રસન્ન કરી જગતને પ્રકાશ કરવાનું સામર્થ્ય મેળવી બાર નામથી આ જગતમાં પ્રખ્યાત થયા તે આદિત્ય, તથા જે પરમાત્મા ધર્મ-સંસ્થાપન કરવાને માટે સૃષ્ટિના આરંભમાં સગુણ સ્વરૂપ ધારણ કરી શ્રીનારાયણ નામથી ઓળખાયા; જેમણે બદ્રીકાશ્રમમાં રહી દેવોને તથા ભૃગુક્ષેત્રમાં આવી શ્રીભૃગુ મહારાજની કન્યા લક્ષ્મીજીને વાસુદેવ સ્વરૂપ (વિરાટ સ્વરૂપ) બતાવ્યું, અને ભૃગુતનયા સાથે લગ્ન કરવાથી જેમનું શ્રીપતિ નામ પડયું, અને સર્વ સિદ્ધિ તથા તપનું મૂળ બ્રહ્મચર્ય પાળવાથી મૂલ શ્રીપતિ નામથી આ જગતમાં ઓળખાયા. એ ભગવાને લગ્ન વખતે કહ્યું છે કે જે મને નારાયણગિરિ નામથી યાદ કરશે, તેનાં ગિરિ સમાન પાપને હું તરત બાળી મૂકીશ, તે પરમાત્માને; તથા ભૃગુક્ષેત્રમાં જે સ્થાનમાં એ ભગવાનનાં લક્ષ્મીજી સાથે લગ્ન થયાં તે દેવતીર્થને (ભાગાકોટનો ઓવારો) અને શ્રીભૃગુ મહારાજને સાષ્ટાંગ નમસ્કાર કરી આ ગાંડા નામનો દાસ માગણી કરે છે કે હે દેવો, આપશ્રી મારી બુદ્ધિમાં સદૈવ નિવાસ કરો, અને આ શ્રી ભૃગુકચ્છપ ક્ષેત્રનું મહાત્મ્ય લખવાની આજ્ઞા આપો. એવી રીતની પ્રાર્થના સાંભળી એ દેવોએ હૃદયને પ્રેરણા કરવાથી આ ક્ષેત્ર મહાત્મ્ય લખવામાં હું નિમિત્ત માત્ર થાઉં છું. ।।૩।।

वेदे तीर्थे च देवे च मंत्रे च औषधे गुरौ ॥
यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ॥ ४ ॥

આ જગતમાં વેદ, તીર્થ, દેવ, મંત્ર, ઔષધી અને શ્રી સદ્‌ગુરૂ એ છ દરેકને પોતપોતાની ભાવના પ્રમાણે ફળ આપે છે એમાં જરાપણ સંશય કરવા જેવું નથી. ।।૪।।

चित्तमंतर्गतं दुष्टं तीर्थ स्नाना न्न शुद्धति ॥
शतशोथ जलैर्धौतं सुरा भांड मिवाऽशुचिः ॥ ५ ॥

મનુષ્યમાં હૃદયગત રહેલું ચિત્ત (મન) સદૈવ દુષ્ટ ભાવનામાં જોડાઈ રહેલું હોવાથી તે, તીર્થ સ્નાન કરવાથી શુદ્ધ થતું નથી.

જેમ મોં બંધ કરેલા દારૂ ભરેલા વાસણને ઉપરથી હજારોવાર ધોતાં તેની અંદરની દુર્ગંધી જતી નથી, તેમ મનની અંદરની દુષ્ટ ભાવના કાઢયા સિવાય મનુષ્યને તીર્થનું ફળ મળતું નથી. માટે જેમને તીર્થાદિકનું ફળ જોઇતું હોય તેમણે રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય, ઇર્ષા, અસૂયા, દંભ, દર્પ, અને અહંકારને છોડી તીર્થ સ્નાન કરવું. શુદ્ધ ભાવનાવાળા મનુષ્યોનેજ તીર્થાદિ પાવન કરે છે. ॥ ૫ ॥

न शरीरमलत्यागान्नरो भवति निर्मलः ॥
मानसे तु मले त्यक्ते भवत्यंतस्तु निर्मलः ॥ ६ ॥
विषयेष्वपि संरागो मानसो मल उच्यते ॥
तेष्वेवाहि विरागोस्य नैर्मल्यं समुदाहृतम् ॥ ७ ॥

મનુષ્યો તીર્થમાં જઇ સ્નાન કરી કેવળ શરીર ધોવાથી કાંઇ શુદ્ધ થયેલાં કહેવાતાં નથી, પણ મનની પાસે દોષોને છોડાવતાં તે મન શુદ્ધ થાય છે. ॥૬॥ પ્રાણીમાત્રને ઇંદ્રિયોના વિષય-ભોગપર પ્રીતિ તેજ મનનો મેલ કહેવાય છે. જ્યારે એ વિષય-ભોગપર મનુષ્યને પૂર્ણ વૈરાગ્ય થાય ત્યારે તેનું મન નિર્મળ થયું કહેવાય છે. એ મલ છોડવા માટે દરેક મનુષ્યે વેદ, તીર્થ, દેવ, મંત્ર, ઔષધ અને શ્રી સદ્‌ગુરૂની ભાવનાપૂર્વક સેવા કરવી. એ સાધનથી ઉપર બતાવેલા તમામ દુર્ગુણો ધીમે ધીમે નીકળી જઇ તેનાથી સાધન ચતુષ્ટ સંપન્ન થવાય છે, અને છેવટે પરમ સુખની પ્રાપ્તિ કરે છે. માટે દરેક મનુષ્યે ભાવનાપૂર્વક તીર્થનું સેવન જરૂર કરવું. ॥૭॥

उक्त तीर्थे फलानां च पुराणेषु स्मृतिष्वपि ॥
अर्थवाद भवां शंकां विहाय भरतर्षभ ॥ ८ ॥

માંર્કડ મહારાજે યુધિષ્ઠિર મહારાજને કહ્યું છે કે રાજા, સ્મૃતિ અને પુરાણાદિમાં તીર્થને માટે જે ફળ કહ્યું હોય તેમાં શંકા કરી તેને અર્થવાદ (ખોટી લાલચ) માની અશ્રદ્ધાવાન નહિ થતાં એવચનપર પૂર્ણ વિશ્વાસ રાખવો. શાસ્ત્રે કહ્યું છે કે " भगवद्वचन क्षुलपमपि विश्वासेन महतां फलं लभेत् ॥ સમર્થનું વચન કદાચ ક્ષુલપ હોય તોપણ શું થયું. તેનાપર વિશ્વાસ રાખનારને મહાન ફળ મળે છે. ॥ स्थूला रुंधती न्यायेन ॥ અજાણ્યા મનુષ્યને સૂક્ષ્મ

અરૂંધતીનો તારો બતાવવો હોય તો પ્રથમ સ્થૂલ સપ્તઋષિ મંડળને બતાવી પાછળથી તેને અમુક તારાની સાથે જે સૂક્ષ્મ તારો દેખાય છે તે અરૂંધતી, એમ સ્થૂલ ઉપરથી સૂક્ષ્મ બતાવવામાં આવે છે; અથવા અક્ષરોના નિર્ગુણ સ્વરૂપને ઓળખવા માટે પ્રથમ કૃત્રિમ સ્થૂળ સ્વરૂપની ઓળખ કરાવતાં તેને આધારે અક્ષરોના નિર્ગુણ સ્વરૂપનેં જાણી જઇ મનુષ્ય વિદ્વાન થાય છે. એ વિદ્યા શીખવામાં પણ જે લોકો સાત્વિક વૃત્તિથી પવિત્રપણે રહી શ્રી સદ્દગુરૂની સેવા કરી વિદ્યા શીખે છે તેમને એ વિદ્યા સાત્વિક, સારાં ફળ અને તેવી રીતનો આનંદ આપવા વાળી થાય છે. જે લોકો એ નિયમે વિદ્યાભ્યાસ કરતા નથી તેમને એ વિદ્યા રજોતમો ગુણમાં જોડી છેવટ પર્યવસાય દુઃખની અંદર ડુબાડે છે. જેમ રસાયણ શાસ્ત્રને જાણવાવાળા વસ્તુઓના સૂક્ષ્મ ગુણ દોષોને જાણી જઈ તે તે વસ્તુઓને પરસ્પર મેળવી અનેક પ્રકારની લીલાઓ કરી બતાવે છે, તેવી રીતે વેદશાસ્ત્રોના પારને જાણવાવાળા અનુભવીઓએ નિર્ગુણ બ્રહ્મને જાણવા માટે તીર્થ, મૂર્તિપૂજાદિ જે જે સાધનો બતાવ્યાં હોય તેની અંદર શંકા નહિ કરતાં પૂર્ણ વિશ્વાસ રાખી કાયા, વાચા, મનવડે તે તે નિયમે શ્રી ગુરૂની સહાય લઇ વર્તતાં ધીમે ધીમે પોતાની અંદરના દોષો જઇ સૂક્ષ્મ બુદ્ધિ થતાં ધ્યાન યોગવડે તે પુરૂષાર્થી ઇશ્વરના અને માયાના સ્વરૂપને જાણી પોતે ત્રિકાળદર્શી થાય છે. ત્યાર પછી તે અનુભવીને શાસ્ત્રના કોઇ વચન માટે સંશય રહેતો નથી. સ્મૃતિ, શાસ્ત્ર અને પુરાણાદિ બનાવવાવાળા મહર્ષિઓ મોટાં તપ કરી અમર પદવી ભોગવે છે તેથી એ લોકોને સાધુ પુરૂષો ભગવાન કરીને કહે છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः ॥
ज्ञान वैराग्य योश्चैव षण्णां भग इतीरणा ॥ १. ॥

સમગ્ર ઐશ્વર્ય, સર્વ પ્રકારથી ધર્મનું રહસ્ય, પૂર્ણયશ, સર્વ સિદ્ધિઓ, પૂર્ણ ઇશ્વરના સ્વરૂપનું જ્ઞાન અને પૂર્ણ વૈરાગ્ય એ છ સાધનો તે ભગ, અને તે જેમની પાસે હોય તે ભગવાન કહેવાય છે. આપણા આચાર્યો એવી રીતના પૂર્ણ ગુણસંપન્ન હોવાથી તેમનું વચન કેવી રીતે મિથ્યા થાય. માટે સર્વ શંકા છોડી દઇ શુદ્ધ ભાવના રાખી દેવ તીર્થાદિનું સેવન કરવું.

तीर्थसेवा समं नास्ति स्वशरीरस्य शोधनम् ॥
कृच्छ्र चांद्रायणा द्यैर्वा द्वितीयं तीर्थसेवनम् ॥ १० ॥

આ શરીરથી થયેલાં તમામ પાપોનો નાશ કરવાને શાસ્ત્રે બે સાધનો મુખ્ય બતાવ્યાં છે. તેમાં તીર્થ સેવા કરી કૃચ્છ્ર, ચાંદ્રાયણાદિ વ્રતરૂપી તપ કરવું એ ઘણુંજ ઉત્તમ છે. એ પ્રમાણે નહિ બને તો એક તીર્થસેવા શ્રદ્ધાપૂર્વક કરવી. એનાવડે તમામ પાપોનો નાશ થઇ શરીર પવિત્ર થતાં પોતે શાંત વૃત્તિવાળો થવાથી બ્રહ્મવિચાર કરવાના સાધનવાળો થાય છે ॥ ૧૦ ॥

स्मरणा ज्जन्मजनितं दर्शनाञ्च त्रिजन्मजम् ॥
सप्तजन्म कृतं नश्येत् पापं रेवावगाहनात् ॥ ११ ॥

નર્મદાનું સ્મરણ કરવાથી એક જન્મનું, દર્શન કરવાથી ત્રણ જન્મનું, અને સ્નાન કરવાથી પૂર્વના સપ્ત જન્મનાં પાપ નાશ પામે છે. ॥ ૧૧ ॥

वर्षाऋतु समायोगे सर्वानद्यो रजस्वलाः ॥
मुक्त्वा सरस्वतीं गंगां नर्मदां यमुना नदीम् ॥ १२ ॥

વર્ષાઋતુ આવતાં તમામ નદીઓ બે માસ પર્યંત રજસ્વલા ધર્મને પ્રાપ્ત થાય છે. તેથી એ ઋતુમાં નદીઓમાં સ્નાન કરવાને શાસ્ત્રે મના કરી છે; પરંતુ ગંગા, સરસ્વતી, નર્મદા અને યમુના એ નદીઓને રજસ્વલા ધર્મ પ્રાપ્ત થતો નથી, તેથી એ નદીઓમાં સર્વકાળ સ્નાન કરવાની શાસ્ત્રે આજ્ઞા કરી છે. ॥ ૧૨ ॥

मोक्षतीर्थेहि सत्प्राहुः पुराणपुरुषाश्रितम् ॥
भृगोः क्षेत्रेच तीर्थानां कोटिरेका समाश्रिता ॥ १३ ॥
सर्वामराश्रयं प्रोक्तं सर्वातीर्थाश्रयं तथा ॥
त्रिषु लोकेषु विख्यातं पूजितं सिद्ध साधनम् ॥ १४ ॥

માર્કંડ મહારાજ કહે છે કે હે યુધિષ્ઠિર, પુરાણ પુરૂષ એવા પરમેશ્વરના આશ્રય થકી જે તીર્થ સ્થપાયું તે ક્ષેત્ર ભૃગુક્ષેત્રના નામથી સર્વ તીર્થોમાં પ્રખ્યાત છે. એ મોક્ષ તીર્થમાં નર્મદાનો આશ્રય કરીને કરોડ તીર્થો રહેલાં છે. તમામ અમરોએ તથા બીજાં તમામ તીર્થોએ એ તીર્થનો આશ્રય લીધો છે. એવી રીતનું ત્રણ લોકમાં પ્રખ્યાત અને સર્વ સિદ્ધિની પ્રાપ્તિનું સર્વથી મોટું સાધન એવા એ પુણ્યતીર્થનું મહાત્મ્ય તું સાંભળ.

क्रोषमेकं प्रमाणं च एतत्क्षेत्र मनुत्तमम् ॥
सिद्धक्षेत्र मिदंस्थानं सर्वपाप प्रणाशनम् ॥ १५ ॥

એ ક્ષેત્ર એક કોશના પ્રમાણનું એટલે ભૃગુ મહારાજને મધ્યમાં લઇ આજુબાજુ એક કોશનું સર્વ પાપોને નાશ કરવાવાળું ઘણું ઉત્તમ સિદ્ધ સ્થાન છે. ॥ ૧૫ ॥

એ ક્ષેત્રમાં એક કરોડ તીર્થો હોવાથી એનું મહાત્મ્ય લખવાને સરસ્વતી તથા શેષ સુદ્ધાં સમર્થ નથી; છતાં મારી અલ્પમતિ પ્રમાણે એ તીર્થમાંથી માર્કંડ મહારાજે યુધિષ્ઠિર મહારાજને પદ્મ-પુરાણમાં લખેલાં જે તીર્થો કહ્યાં છે તેનો સાર માત્ર આ જગ્યાએ લખું છું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરી ભૃગુ મહારાજના આશ્રમથી પૂર્વમાં એક કોશપર કપિલેશ્વર તીર્થ છે તેનું મહાત્મ્ય લખવામાં આવે છે.

—※—

તીર્થ પહેલું.

श्री मार्कंडेय उवाच—

उत्तरे नर्मदाकूले भृगुक्षेत्रस्य मध्यतः ॥
कपिलेश्वरं तु विख्यातंविशेषात्पाप नाशनम्॥ १ ॥

માર્કંડ મહારાજ કહે છે કે હે યુધિષ્ટિર રાજા, નર્મદાને ઉત્તર કિનારે ભૃગુકચ્છપ ક્ષેત્રમાં સર્વ પાપોને નાશ કરનારૂં કપિ-લેશ્વર નામનું અત્યુત્તમ અને મહા પ્રખ્યાત તીર્થ છે. તેની ઉત્પત્તિને તમે સાંભળો. આ બ્રહ્માંડના આરંભમાં બ્રહ્મદેવના માનસિક પુત્ર કર્દમ મહારાજે સરસ્વતી કિનારે શ્રીક્ષેત્રમાં (સિદ્ધપુર) રહી દશ હજાર વર્ષ તપ કરી શ્રી ભગવાનને પ્રસન્ન કરી સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ કર્યા પછી બ્રહ્મદેવની આજ્ઞાથી સ્વાયંભૂ મનુ મહારાજની કન્યા દેવહુતિ જોડે લગ્ન કરી નવ કન્યા ઉત્પન્ન કરી. તે કન્યામાંથી મરિચા ને કલા, અત્રિમહારાજને અનસૂયા, અંગિરાને શ્રદ્ધા, પુલસ્ત્યને હવિર્ભુ, પુલહને ગતિ, ક્રતુને સત્ક્રિયા, ભૃગુને ખ્યાતિ, વસિષ્ઠને અરૂંધતિ અને અથર્વા ઋષિને શાન્તિ નામની કન્યા પરણાવી. ત્યાર બાદ સર્વજ્ઞ, સર્વજ્ઞાન

સંપન્ન, સર્વ ઋષિઓમાં પૂજ્ય એવા પુત્ર માટે કર્દમ મહારાજ અને દેવહુતિ માતાએ મોટું તપ કરી શ્રી વાસુદેવ ભગવાનને પ્રસન્ન કરી અમને આપના સમાન પુત્ર થવો જોઇએ એવો વર માગવાથી એ ભગવાન દેવહુતિ માતાના નિમિત્તે ઉત્પન્ન થઇ આ જગતમાં કપિલ મહામુનિ નામથી પ્રખ્યાત થયા. (કેટલાક અણસમજમાં એ ભગવાનને સાંખ્ય સ્મૃતિ કર્તા કરીને કહે છે, પરંતુ તે કપિલ પાછળથી બીજા ઉત્પન્ન થયેલા છે.) એ કપિલ ભગવાને પોતાની માતા દેવહુતિને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરી વિદેહ મુક્તિ પ્રાપ્તિ કરાવ્યા પછી શ્રી માતુશ્રીની આજ્ઞા લઇ હાલ જ્યાં ગંગાજી સમુદ્રને મળે છે તે જગ્યાએ પોતે આવ્યા, અને તમામ દેવ ઋષિઆદિએ પ્રાર્થના કરવાથી સર્વને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરી પછી પાતાલમાં જઇ એકાંત નિવૃત્તિની જગ્યામાં બેસી સ્વસ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા.

એ પ્રસંગમાં અયોધ્યા નગરીના સગર નામના રાજાએ બ્રહ્મઋષિઓની સભા મેળવી પૂછયું કે હે મહારાજો, કયું કર્મ કરવાથી સર્વ કરતાં વિશેષ પુણ્યની પ્રાપ્તિ થાય તે કૃપા કરીને કહો. ઋષિઓ કહે છે હે રાજા, સર્વ તપ અને અશ્વમેધાદિ યજ્ઞો કરવાથી પણ જે ફળ ન મળે તે ફળ યથાવિધિ કન્યાદાન આપવાથી મળે છે. એ સાંભળી રાજાએ વિચાર કર્યો કે શ્રી મહાદેવજીને પ્રસન્ન કરી તેમની પાસેથી સાઠ હજાર કન્યાઓ માગવી. એવો નિશ્ચય કરી સગર રાજા તપ કરવા બેઠા. કેટલોક કાળ જતાં સગર રાજાને શ્રી મહાદેવજી પ્રસન્ન થયા.

સગર રાજાને તપ કરવા બેઠેલા જાણી સર્વે દેવો વિચાર કરવા લાગ્યા કે આ રાજાને હાથે જો સાઠ હજાર કન્યાનું દાન થશે તો એ પુણ્યની સામે આપણું કાંઇજ ચાલશે નહિ, માટે કોઇપણ રીતે એમના તપમાં વિઘ્ન આણવું; એવો નિશ્ચય કરી સર્વ દેવોએ મળી સરસ્વતી માતાને કહ્યું, આપશ્રી વાણીના દેવતા કહેવાઓ છો, અને આપની સત્તા ચરાચરમાં સર્વના ઉપર છે માટે કૃપા કરી જે વખતે શ્રી મહાદેવજી સગર રાજાને પ્રસન્ન થાય તે વખતે તેમને પુત્રીની જગાએ પુત્ર બોલાવો; એટલે અમારી ઉપાધિ દૂર થશે. આ ઉપરથી શ્રી મહાદેવજીએ પ્રસન્ન થઇ સગર રાજાને વર માગવાનું કહેતાં રાજા વર માગે છે કે હે ભગવાન, આપશ્રી

મારા ઉપર પ્રસન્ન થયા હો તો મને સાઠ હજાર પુત્ર આપો. તે સાંભળી શ્રી મહાદેવજી "તથાસ્તુ" કહી ગુપ્ત થયા. પછી સગર રાજાને "હાય હાય મેં ભગવાન પાસે પુત્રીની જગાએ આ શું માગી લીધું" એમ અતિશય પશ્ચાતાપ થવા લાગ્યો. એવામાં ત્યાં આકાશવાણી થઇ કે "હે રાજા, તું શું કામ શોક કરે છે. એ તારા પુત્રો એકેકના કરતાં એકેક ચઢીઆતા થશે." એ સાંભળી રાજાએ વિચાર કર્યો કે હવે આપણે એ પુત્રોની સહાયતાથી સો અશ્વમેધ યજ્ઞ કરીશું. એવો નિશ્ચય કરી એ રાજાએ પુત્રો થતાં અશ્વમેધ કરવાનો આરંભ કર્યો. સંકલ્પ પ્રમાણે નવ્વાણું યજ્ઞોની સિદ્ધિ થતાં દેવો વિચાર કરવા લાગ્યા કે જો આ રાજાનો એક યજ્ઞ હવે નિર્વિઘ્ને પૂરો થશે તો એ જરૂર ઇંદ્રાસન લેશે, તેથી એને માટે કાંઇ યોજના કરવી જોઇએ. એને માટે ઇંદ્ર રાજાએ કહ્યું કે એ સગરના પુત્રો નિર્વિઘ્ને યજ્ઞો થવાથી ઘણા ઉન્મત્ત થયા છે, તેથી આ વખતે મારો એવો વિચાર છે કે એનો ઘોડો પાતાળમાં જ્યાં કપિલ ભગવાન ધ્યાન ધરીને બેઠા છે ત્યાં બાંધી આવવો, પછી સગરના પુત્રો પોતાના અભિમાનને લીધે શ્રી કપિલ ભગવાનની સમાધિનું ઉત્થાન કરશે; એટલે તેમની ક્રોધ દૃષ્ટિથી એ પુત્રો ભસ્મ થઇ જશે, અને આપણા ભયનો નાશ થશે આવા નિશ્ચયથી ઇંદ્રરાજા સગર રાજાના ઘોડાને પાતાળમાં શ્રી કપિલ મહારાજની નજીકમાં જઇને બાંધી આવ્યા. ત્યાર બાદ એ ઘોડો નહિ મળવાથી શોધ કરતા કરતા એ રાજપુત્રો પાતાળમાં ગયા. ત્યાં એ ઘોડો એ પુત્રોની દૃષ્ટિએ પડતાં વિચાર કર્યો કે ઘોડાને લાવનાર આ મનુષ્યજ હોવો જોઇએ. એવી રીતે નિશ્ચય કરી પોતાના અભિમાનમાં કપિલ ભગવાનને નહિ ઓળખતાં તેમની સમાધિનો તેમણે ભંગ કર્યો.

स ब्रह्मा स महादेव स देवो गुरुडध्वजः ॥
पूज्यमानः सुरैः सिद्धैस्तिष्ठते ब्रह्म वादिभिः॥ २ ॥
वसतस्य स्यराजेंद्र कपिलस्य जगद्गुरोः ॥
विनाशं चाऽग्रतःप्राप्ता क्षणेन सगरात्मजाः॥ ३ ॥

હે રાજા એ કપિલ મહારાજ એજ પોતે બ્રહ્મદેવ, મહાદેવ અને વિષ્ણુરૂપ હોવાથી દેવો અને સિદ્ધોમાં પુજાયેલા; બ્રહ્મવાદિ એટલે અદ્વૈત સ્વરૂપને પૂર્ણ જાણી તે સ્વરૂપમાં રમી રહેવાવાળા

એવા એ જગદ્ગુરૂ છે. તેમના નિવાસની એ સગર પુત્રોને ખબર નહિ હોવાથી એ ભગવાનની સમાધિનો ભંગ થતાં એકાએક દૃષ્ટિ ખોલતાની સાથે સામા ઉભેલા તમામ સગર પુત્રો ક્ષણમાત્રમાં બળીને ભસ્મ થઇ ગયા. તે જોઇ શ્રી કપિલ ભગવાનના મનને ખેદ થયો કે અરે સર્વ સંગ પરિત્યાગ કરી સંન્યાસ લઇ ચિત્તને નિર્વિષય કરવા છતાં મારી સામે આ સગર રાજાના સાઠ હજાર પુત્રો બળીને ભસ્મ થયા એ સંન્યાસાશ્રમથી વિરૂદ્ધ થયું, તેથી મારે અવશ્ય એ પાપનું ક્ષાલન કરવું જોઇએ. એવો નિશ્ચય કરી એ ભગવાન પાતાળમાંથી નીકળી સર્વ પાપોના સમુહને બાળવાવાળી, ભકતોના મનોરથોને પૂર્ણ કરવાવાળી, જે પોતાની અંદરના કંકરો સુદ્ધાંને શંકરરૂપે અને ગણપતિરૂપે પૂજાવવાવાળી, ત્રિભુવનમાં માન પામેલી, મહાદેવના સમુદાયથી જેનાં બંને તટો શોભી રહેલાં છે એવી, જેમની સેવા દેવના દેવ મહાદેવ, વિષ્ણુ અને બ્રહ્મદેવ સુદ્ધાં કરે છે એવી, જેમની પ્રતિજ્ઞા શરણે આવેલા પ્રાણીમાત્રોને સદ્ગતિ આપવાની છે અને જેમનું સેવન દેવ, સિદ્ધ મુનિ અને દૈત્યો પણ કરે છે એવી, જે રૂદ્રના શરીરમાંથી ઉત્પન્ન થયાં છે એવી, તમામ પાપરૂપ મલને નાશ કરી કૈલાસપદને આપનારાવાળી મહા સમર્થ નર્મદા મહા નદીને કિનારે પધાર્યા. ત્યાં એ ભગવાન શ્રી ભૃગુકચ્છપ અને નર્મદાને સાષ્ટાંગ નમસ્કાર કરી પોતાથી થયેલા પાપનો પશ્ચાતાપ કરી તપ કરવાને બેઠા, અને નિયમથી સ્નાન, દાન, વ્રતોપવાસ અને જપાદિ કરી નર્મદાની કૃપાથી કૃતકર્મનું નિવારણ થવાથી પરમ શાન્તિને પામ્યા. એ કપિલ ભગવાને શ્રી મહાદેવજીની સ્થાપના કરી જે બાણની પૂજા કરી તે કપિલેશ્વર મહાદેવથી ઓળખાય છે, અને ત્યારથી એ તીર્થનું નામ કપિલેશ્વર તીર્થ પડયું. એ તીર્થમાં ચૈત્ર શુકલ ચતુર્દશી, દરેક મંગળવાર, ચોથ, નોમ અને પર્વણીને દિવસે સ્નાન દાનાદિનું મહત્ ફળ મળે છે. શ્રી કપિલ ભગવાન તે દિવસથી એ સ્થાનમાં નિવાસ કરીને રહ્યા છે, એવું એ મહાન તીર્થ ભૃગુક્ષેત્રમાં છે. હે રાજા, જે લોકો એ તીર્થની ભાવનાથી સેવા કરશે તેમના સર્વ મનોરથો એ ભગવાન પૂર્ણ કરશે.

॥ ઇતિશ્રી કપિલેશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૧ ॥

તીર્થ બીજું.

હે રાજા, કપિલેશ્વર તીર્થ પછી તમારે ઘોડેશ્વર તીર્થમાં જવું. ત્યાં અશ્વિનિકુમારે તપ કરી શ્રી મહાદેવજીને પ્રસન્ન કર્યા અને તેમની કૃપાથી દેવોના વૈદ્ય કહેવાયા. એ સ્થાનમાં સપ્તમી અથવા રવિવારે ભક્તિપૂર્વક નર્મદામાં સ્નાન કરી જે એ વૈદ્યનાથ મહાદેવની પૂજા કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થઇ નીરોગી થાય છે. જે એ તીર્થની ઉપાસના કરે છે તે વૈદ્યક વિદ્યામાં ઘણોજ કુશળ થાય છે.

॥ ઇતિશ્રી ઘોડેશ્વર વૈદ્યનાથ તીર્થ મહાત્મ્ય ॥ ૨ ॥

—*—

તીર્થ ત્રીજું.

श्री मार्कंडेय उवाच—

ततो गच्छेन्महीपाल पिंगलावर्त्तमुत्तमम् ॥
तीर्थं सर्व गुणोपेतं कामिकं भुविदुर्लभम् ॥ १ ॥

માર્કંડ મહારાજ કહે છે હે રાજા, હવે તમારે શ્રી ભૃગુકચ્છપમાં પિંગલેશ્વર (મહારૂદ્ર) નામનું તીર્થ છે ત્યાં જવું. એ તીર્થ સર્વ તીર્થો કરતાં ઘણું ઉત્તમ અને સર્વ કામનાને સિદ્ધ કરવાવાળું હોવાથી અભાગી મનુષ્યોને પ્રાપ્ત થતું નથી તેથી એ તીર્થ પૃથ્વીમાં દુર્લભ ગણાય છે. એ તીર્થ મનુષ્યોનાં કાયિક, વાચિક, માનસિકાદિ તમામ પાપોનો નાશ કરી સર્વ સુખોને આપવાવાળું છે, તેથી એનું સર્વ લોકો સેવન કરે છે. હે રાજા, એ પિંગલેશ્વરની ઉત્પત્તિને સાંભળો—પૂર્વે અમયાવી નામના રાજાના યજ્ઞમાં બ્રાહ્મણોએ અગ્નિ નારાયણને બહુ હવિ આપવાથી અગ્નિ રોગી થયા. એ રોગની શાન્તિ માટે નર્મદાનો પ્રભાવ જાણી ભૃગુક્ષેત્રમાં આવી તપ કરવા માંડયું. એ પ્રસંગમાં શ્રી મહાદેવજી એકાએક બ્રહ્મલોકમાં જતાં ત્યાં બ્રહ્મદેવના પાંચમા મુખમાંથી ભયંકર નાદો નીકળતા જોઇ તે મસ્તકને કાપી નાંખ્યું, તેનું રક્ત ત્રિશૂળને લાગવાથી તેને કાઢવાને અનેક ઉપાયો કર્યા છતાં તે રક્ત નહિ જવાથી પોતે તમામ દેવો સહિત તીર્થ યાત્રા કરવાને નીકળ્યા.

પૃથ્વી ઉપરનાં તમામ તીર્થોમાં ફરવા છતાં તે રક્ત નહિ જવાથી છેવટ નર્મદા કિનારે શૂલપાણેશ્વર આવતાં ત્યાં એ રક્ત ધોવાઇ ત્રિશૂળ શુદ્ધ થયું. એ વખતે એ ભગવાન પૃથ્વીપરનાં તમામ તીર્થોનું જળ પોતાના કમંડલુમાં લઇ ભૃગુક્ષેત્રમાં આવ્યા. ત્યાં અગ્નિ નારાયણને તપ કરતા જોઇ પ્રસન્ન થઇ તેમના રોગનો નાશ કરી શ્રી મહાદેવજી બોલ્યા, હે અગ્નિ, આજથી હું પ્રાણી માત્રોના તમામ રોગો અને પાપનો નાશ કરવાને શ્રી સૂર્યનારાયણ સહિત આ સ્થાનમાં રહીશ. પછી દેવોને કહ્યું કે તમે આ ઉત્તરના ભાગમાં એક મોટો ખાડો કરી તેની અંદર આ મારા કમંડલુમાંના સર્વ તીર્થોમય જળને રેડો. દેવોએ તે પ્રમાણે કર્યું; ત્યારે મહાદેવજી બોલ્યા કે હે દેવો, આજથી આ તીર્થ દેવખાત નામથી ઓળખાશે, જે કોઇ એ તીર્થમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરશે અગર એની અંદરની મૃત્તિકા વિધિપૂર્વક શરીરે લગાડી નર્મદામાં સ્નાન કરશે તેના તમામ રોગો અને પાપોનો નાશ કરી સર્વ સુખોને આપીશ; જે કોઇ અહીંઆં આવી રવિવારને દિવસે એ પ્રમાણે સ્નાન કરી આ અગ્નિએ સ્થાપન કરેલા પિંગલેશ્વર મહાદેવની પૂજા કરશે તેની સર્વ ઇચ્છાને પૂર્ણ કરી છેવટ દેવલોકની પ્રાપ્તિ કરાવીશ; મહા રોગવાળો આ સ્થાનમાં એકસોને આઠ રવિવારે આવી ઉપર પ્રમાણે શ્રદ્ધાથી સ્નાન, દાન અને પૂજા કરશે તેના રોગોનો નાશ કરી સર્વ કામનાને પૂર્ણ કરીશ, એ તમારે નિશ્ચયપૂર્વક જાણવું; જ્વરની પીડાવાળો જો એક રવિવારથી બીજા રવિવાર સુધી એ પ્રમાણે કરશે તો તેના જ્વરનો નાશ થશે; એમ કહી મહાદેવજી ગુપ્ત થયા.

॥ ઇતિશ્રી પિંગલેશ્વર મહાત્મ્ય ॥ ૩ ॥

તીર્થ ચોથું.

श्री मार्कंडेय उवाच—

भूतीश्वरं ततो गच्छेत्सर्व तीर्थेष्वनुत्तमम् ॥
दर्शना देव राजेंद्र यस्य पापं प्रणश्यति ॥ १ ॥

ટીકા—માર્કંડ મહારાજ કહે છે કે હે રાજા, હવે તમારે

ભૂતીશ્વરનાં દર્શન કરવાં. એ તીર્થ ઘણું ઉત્તમ અને દર્શનમાત્રે પાપોને નાશ કરનારૂં છે. એની ઉત્પત્તિ સાંભળો. એ સ્થાનમાં કૈલાસ નિવાસી શ્રી મહાદેવજીએ પધારી નર્મદામાં સ્નાન કરી આખા શરીરે ભસ્મ લગાડી, તે કારણથી એ મહાદેવનું નામ ભૂતીશ્વર પડયું. જે કોઇ એ સ્થાનમાં જઇ નર્મદામાં સ્નાન કરી આખે શરીરે યથાવિધિ ભસ્મ લગાડી એ મહાદેવજીની પૂજા કરે છે, તેનો અનંત વર્ષ પર્યંત શીવલોકમાં વાસ થાય છે. એમાં પણ અમાવાસ્યાદિ પર્વણિ, પૂષ્ય અને જન્મ નક્ષત્ર વિશેષ ફળને આપવાવાળું છે.

सर्वेषामेव स्नानानां भस्मस्नानं परं स्मृतम् ॥
एक कालं द्विकालं वा त्रिकालंचाऽपियः सदा ॥
स्नानं करोति चाऽऽन्मेयं पापं तस्य प्रणश्यति ॥ २ ॥

ટીકા—હે રાજા, મંત્ર, ભૌમ, વાયવ્યં, દિવ્ય, વારૂણ, આગ્નેય અને માનસિક એ સાત પ્રકારનાં સ્નાનો શાસ્ત્રે કહ્યાં છે. એમાં ભસ્મસ્નાન સર્વ કરતાં શ્રેષ્ઠ છે, માટે એ સ્નાન સર્વકાળ કરવું. તેમ નહિ બને તો દિવસમાં એક, બે અગર ત્રણવાર સંધ્યા કરતી વખતે કરવું. એ અગ્નિસ્નાન જે કરે છે તે પોતાનાં તમામ પાપોને બાળી મૂકે છે એ પ્રમાણે વેદ, શાસ્ત્ર, પુરાણ, દેવ, સિદ્ધ, ઋષિ, દૈત્યો અને તમામ અનુભવીઓ પોતાના અનુભવપૂર્વક કહે છે. જેવી રીતે અગ્નિ તમામ વસ્તુને બાળી તે વસ્તુને પોતાના સ્વરૂપે કરે છે તે અગ્નિનું વીર્ય એ ભસ્મ કહેવાય છે તેની અંદર સર્વેને પવિત્ર કરવાનું સામર્થ્ય કેમ નહિ હોય તેનો વિચાર ઇશ્વરે બુદ્ધિ આપી હોય તો દરેકે કરી લેવો. અરે, તમે બાહ્ય દૃષ્ટિથીજ જુઓ એ ભસ્મ પાત્રોને લગાડતાં પાત્રો શુદ્ધ થાય છે, જમીનપર ફેંકતાં જે વનસ્પતિને એનો સંબંધ થાય તે વર્ષાકાળમાં ઘણીજ બળવાળી જોવામાં આવે છે, અનાજની સાથે મેળવતાં અનાજ સળી જતું નથી. અરે, તમેજ તમારા શરીરે લગાડીને જુઓ એનાવડે દરાજ, ખુજલી આદિ રોગોનો નાશ થઇ શરીર શુદ્ધ થાય છે કે નહિ. જો એ ભસ્મને ઠંડકાળમાં લગાડશો તો ઠંડી, ઉષ્ણકાળમાં લગાડશો તો ગરમી અને વર્ષાકાળમાં લગાડશો તો શરદી શરીરમાં વ્યાપ્ત થશે નહિ.

દુષ્ટ વિષવાળાં પ્રાણીઓ કરડયાં હોય તેનાપર લગાડતાં વિષનો નાશ થતો જોવામાં આવે છે. એવી રીતનું અદ્‌ભુત સામર્થ્ય ભસ્મમાં રહેલું છે. ત્યારે એ ભસ્મને શાસ્ત્રે કહેલી વિધિ પ્રમાણે તૈયાર કરી યથાવિધિ મંત્રસહિત શરીરે લગાડતાં તે મનુષ્યના પાપતાપનો અવશ્ય નાશ કરે છે, એમાં જરા પણ શંકા કરવા જેવું નથી. ઉપર બતાવેલાં સાત પ્રકારનાં સ્નાનો મનુષ્યને પવિત્ર કરવાવાળાં છે, માટે જે પ્રસંગે જે બને તે સ્નાન કરી દરેકે પવિત્ર રહેવું. એમાં મંત્રસ્નાન એટલે જળવડે શરીરપર માર્જન કરવું. ભૌમસ્તાનમાં શરીરે મૃતિકા લગાડવી, વાયવ્યસ્નાનમાં ગાયોનું ટોળું જતું હોય તેની ઉડેલી ધૂળ શરીરપર લેવી, દિવ્યસ્નાન એટલે સૂર્ય પ્રત્યક્ષ દેખાતાં વરસાદ પડતો હોય તેવારે વરસાદમાં જઇને ઉભા રહેવું, વારૂણસ્નાનમાં પ્રત્યક્ષ જળથી સ્નાન કરવું, અગ્નિયસ્નાનમાં યથાવિધિ શરીરે ભસ્મ લગાડવી અને માનસિકસ્નાન એટલે શ્રી ગુરૂ ઇશ્વરનાં મૂર્તિમંત સ્વરૂપનું હૃદયમાં ધ્યાન ધરી મનને પવિત્ર કરવું. એ સાત સ્નાનમાં એક પછીનાં એક સ્નાન શ્રેષ્ટ ફળોને આપવાવાળાં છે.

હે રાજા, એ નિયમે ભસ્મ લગાડી એ ભૂતીશ્વર મહાદેવનો પૂજા કરવી, અને પંચાક્ષરી મંત્રના જપવડે ભગવાનના જ્યોતિ સ્વરૂપનું ધ્યાન કરવું. એનાવડે એ સ્થાન પરમપદની પ્રાપ્તિ કરાવે છે. તેથી એ મોક્ષતીર્થ કહેવાય છે. એ મહારૂદ્રની અંદર છે.

॥ ઇતિશ્રી ભૂતીશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૪ ॥

---*---

તીર્થ પાંચમું.

હે રાજા, એ શ્રી ભૃગુકચ્છપમાં સૈંધવાય નામની દેવી નર્મદા કિનારેથી અર્ધા કોશપર છે તેનાં દર્શન કરવાં. એ જગાએ યોગીની સહિત પાર્વતી માતા રહ્યાં છે. એ સ્થાન કૂવાની અંદર હોવાથી તે કૂવાની ગંધ પૂષ્પાદિવડે પૂજા કરવી. એમાં પણ અષ્ટમીને દિવસે એ મહાફળ આપે છે. એ દેવી પોતાના ગણો સહિત શરદ ઋતુની શુકલ અષ્ટમીને દિવસે અહીંઆં આવ્યાં છે તે દિવસે એ કૂવાની પૂજા કરતાં વાંછિત ફળ મળે છે.

॥ ઇતિશ્રી સૈંધવાયતન મહાત્મ્ય ॥ ૫ ॥

---*---

તીર્થ છઠ્ઠું.

श्री मार्कंडेय उवाच—

ततो गच्छत्तुराजेन्द्र गंगावाहकमुत्तमम ॥

नर्मदायां महापुण्यं भृगुर्तीर्थे समीपतः ॥

ટીકા—હે રાજા, હવે તમારે ભૃગુમહારાજની નજીકમાં ગંગાવાહક નામનું મહાપુણ્ય આપવાવાળું નર્મદામાં ઉત્તમતીર્થ છે ત્યાં જવું, એ જગ્યામાં મહાપુણ્ય આપવાવાળી ગંગાજીએ આવીને સો વર્ષ પર્યંત મહા વિષ્ણુને પ્રસન્ન કરવાને તપ કર્યું છે. એ ગંગાજીની ઉત્પત્તિને તમે સાંભળો—પૂર્વે હિરણ્યકશિપુ નામનો મહા પ્રખ્યાત રાક્ષસ શ્રી મહાદેવજીને પ્રસન્ન કરી તેમની પાસેથી હું દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ, પક્ષી, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વિ, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવજીથી તથા રાત્રદિવસમાં નહિ મરૂં એવો અમર વર માગી લઇ દેવોને અતિ દુઃખ આપવા લાગ્યો. તે જોઇ ભગવાને વિચાર કર્યો કે આ દૈત્યને કોઇ નિમિત્તથી મારવો જોઇએ. એવો વિચાર કરી એ દૈત્યને ત્યાં મહા ભગવદ્ભક્ત પ્રલ્હાદ નામનો એક પુત્ર ઉત્પન્ન કર્યો. તેની દેવોના ઉપર ભક્તિ જોઇ એ રાક્ષસ અતિ ચીઢવાઈ ગયો, અને તે પુત્રને મારવાને અનેક ઉપાયો કર્યા છતાં તે નહિ મરવાથી છેવટ એ દૈત્યે એક મોટો લોખંડનો સ્તંભ અગ્નિવડે તપાવી પુત્રને કહ્યું તું દેવનો પક્ષ છોડી દે, નહિ તો તને આ તપાવેલા સ્તભે વળગાડી બાળી મૂકાવીશ. તે સાંભળી એ પુત્ર બોલ્યો, હે પિતાશ્રી, હું એ પક્ષ છોડીશ નહિ મને મારા ઇષ્ટદેવપર પૂર્ણ ભરોસો છે તેથી તે ભગવાન મારૂં રક્ષણ કરશે. એ સાંભળી તે દૈત્યે આજ્ઞા કરી કે તું એ સ્તંભે વળગ, હું જોઉં છું કે તારા ઇષ્ટદેવ તારૂં કેવી રીતે રક્ષણ કરે છે. એ પુત્રે પિતાશ્રીની આજ્ઞા મસ્તકે ચઢાવી તે સ્તંભને વળગવા જતાં એકાએક તે સ્તંભ ફાટી તેની અંદરથી મહા અલૌકિક ભયંકર નૃસિંહ સ્વરૂપ સંધ્યાકાળની વખતે પ્રગટ થઇ એ દૈત્યને પકડી એ ભગવાન બોલ્યા, તારા વર પ્રમાણે તું જો કે હું મહાદેવજીના આપેલા વરમાંથી કોઇ સ્વરૂપ છું ? અને આ વખતને તું દિવસ કહે છે કે રાત્રિ ? એ સાંભળી

તે દૈત્ય વિચાર કરવા લાગ્યો કે આ દેવના સ્વરૂપને શું કહેવું. નીચેથી જોતાં મનુષ્ય જેવું દેખાય છે, અને ઉપરથી જોતાં સિંહનું મુખ દેખાય છે, વળી આ વખતે દિવસ રાત્રિ પણ કહેવાતી નથી. એવી રીતે ઉત્તર આપવાને અસમર્થ થતાં એ નૃસિંહ ભગવાને એ દૈત્યને મારી પોતાના ભક્ત પ્રલ્હાદને અભયવર આપી એ દૈત્યની જગાએ રાજા બનાવ્યો. ત્યારબાદ એ ભક્તને એક બળી નામનો પુત્ર થતાં તેને રાજ્ય આપી પ્રલ્હાદજી તપ કરવાને નીકળી ગયા. એ બળીરાજા મહા ધીર, મહા શૂર, સર્વ ધર્મને જાણુવાવાળા, મહા દાતા અને ગોબ્રાહ્મણ પ્રતિપાલક એવા સપ્તદ્વિપના રાજા થયા. એ બળી મહારાજાએ શ્રીગુરૂ ઈશ્વરને પ્રસન્ન કરી મોટા મોટા વરો મેળવી ઇંદ્રાસન લેવાને સો અશ્વમેધ કરવાનો વિચાર કરી તે કામનો આરંભ કર્યો. શ્રી ગુરૂની કૃપાથી બળી રાજાના નવ્વાણું યજ્ઞ નિર્વિઘ્ને સમાપ્ત થયા, અને સોમા અશ્વમેધનો આરંભ કર્યો તે જોઇ ઇંદ્ર રાજા ગભરાઇ શ્રી ભગવાનને શરણે જઈ બોલ્યા—હે દેવના દેવ, આપશ્રીનો જય થાઓ. આપશ્રી મારા માતાપિતા અને કુળદેવતા હોવાથી હું આપને શરણે આવ્યો છું. હે ભગવાન, પ્રલ્હાદના પુત્ર બળીરાજા આ સોમો અશ્વમેધ કરી મારૂં ઇંદ્રાસન લેવાની ઇચ્છા રાખે છે. એ સાંભળી શ્રી ભગવાન બોલ્યા, હે ભક્તરાજ! તું ગભરાઇશ નહિ. એને માટે હું કશ્યપ ઋષિને ત્યાં વામનરૂપે (ત્રિવિક્રમ) જન્મ લઇ વ્યવસ્થા કરીશ. ત્યારબાદ એ ભગવાન કશ્યપ ઋષિને ત્યાં ઉત્પન્ન થઈ બળીરાજા જ્યાં યજ્ઞ કરતા હતા ત્યાં આવવાને નીકળ્યા. અહીંઆં એ ભગવાન આવતા પહેલાં બળી રાજાના ગુરૂ શ્રી શુક્રાચાર્ય ભગવાન પ્રથમથી એ પ્રપંચ જાણી જઇ નગરમાં નહિ પેસવાને માટે બંદોબસ્ત કરવાથી વામનજીને રાજદૂતોએ અટકાવ્યા. ભગવાને ત્યાં બેસી સામવેદનું એવી રીતે ગાયન કર્યું કે તે ગાયન સાંભળી તમામ ઋષિઓ મોહિત થતાં યજ્ઞનું કામ અટકી પડયું. તે જોઇ બળીરાજા પૂછવા લાગ્યા, હે ગુરૂજી આ વેદનું ગાયન કયા ઋષિ કરે છે તે મને કહેવું જોઇએ, કારણ કે એ ઋષિ મહા સમર્થ જણાય છે તેથી હું વિનંતિ કરીને એમને આ યજ્ઞમાં બોલાવી લાવું એટલે આપણો યજ્ઞ નિર્વિઘ્ને પૂર્ણ થશે.

શુક્રાચાર્ય—હે રાજા, એ ઋષિ આ યજ્ઞમાં ઉપયોગના નથી. કદાચ તમે જો એને બોલાવી લાવશો તો તમારા યજ્ઞમાં મોટું વિઘ્ન આવશે. એ ઋષિ આ નગરમાં ન આવી શકે એટલા માટે મેં પ્રથમથી દ્વારપાળોને ચેતાવી બંદોબસ્ત રખાવ્યો છે માટે તમે એ ભાંજગડમાં ન પડતાં જલદીથી યજ્ઞનું કામ કરીલો.

બળી—ગુરૂજી! આપશ્રી આવા ગુણસંપન્ન ઋષિને અંદર આવવાને કેમ ના પાડો છો? આપ ના કહો છો ખરા, પરંતુ મારૂં અંતઃકરણ એ મહર્ષિનાં દર્શન કરવાને તત્પર થઇ રહ્યું છે. જ્યાં સુધી આપશ્રી એ ઋષિનું રહસ્ય નહિ કહેશો ત્યાં સુધી મને યજ્ઞનું કાર્ય કરવું સુઝ પડશે નહિ.

શુક્રાચાર્ય—હે રાજા, એ પવિત્ર ઋષિ નથી, પરંતુ તમારા પિતામહને મારનાર અને દૈત્યોના કુળનો નાશ કરનાર તમારા દુશ્મન વિષ્ણુ છે. તેઓ ઇંદ્ર રાજાની પ્રાર્થના સાંભળી આ યજ્ઞનો ભંગ કરવાને આવ્યા છે, તેથી મારે તમને ના કહેવો પડે છે. એમને તમે લઇ આવશો તો બળતું માગી તમારા કાર્યની સિદ્ધિ થવા દેશે નહિ.

બળી—હે ગુરૂજી, મારા પિતામહને મારનાર વિશ્વંભરનાથ પોતે હોવાથી તેમણે તેમને સદ્‌ગતિ આપી મારા કુળની કીર્તિને આ જગતમાં ગજાવી મૂકી. તે મારા પિતાશ્રીના ઇષ્ટદેવ, અને તેમને માટે જગતમાં કોઇએ નહિ જોએલું, જાણેલું એવું નૃસિંહ સ્વરૂપ ધારણ કરી અભયવર આપી તેમને શાંત કર્યા. એ ભગવાન મારા પિતાશ્રીના ઇષ્ટદેવ હોવાથી મારા કુળદેવતા કહેવાય છે. જેમને દેવ, દૈત્ય, અને તમામ ઋષિમુનિઓ નમસ્કાર કરે છે, જે આ બ્રહ્માંડના માલીક કહેવાય છે, જે બ્રહ્મદેવરૂપે થઇ સૃષ્ટિની રચના કરે છે, વિષ્ણુ સ્વરૂપ ધારણ કરી સૃષ્ટિનું પાલન કરે છે, અને રૂદ્રરૂપ ધારણ કરી સૃષ્ટિનો સંહાર કરે છે; જેમની કૃપા મેળવવાને બ્રહ્માંડમાંના તમામ પ્રાણીઓ પ્રાર્થના કરે છે, જેમનાં દર્શન કરવાને દેવ, ઋષિઆદિ હજારો વર્ષ પર્યંત તપાનુષ્ઠાન કરે છે, અંતકાળે જેમનું નામ એકવાર યાદ આવતાં યમનો ભય રહેતો નથી. જે પોતે નિર્ગુણ છતાં પોતાની માયાના આશ્રયવડે આ બ્રહ્માંડ રચવાથી ઇશ્વર કહેવાય છે. જે જગતમાં સગુણસ્વરૂપે

ઓતપ્રોત ભરાઇ રહેવા છતાં જેમના નિર્ગુણ સ્વરૂપને ધક્કો લાગતો નથી. જે અજ, અવ્યય, પુરાણપુરૂષ, પુરૂષોત્તમ, પરાત્પર, પરમેશ્વર, મહાદેવ, પૂર્ણાનંદ, પરબ્રહ્મ, અવિનાશ, સચ્ચિદાનંદ, અદ્વિતિય, એક, અક્ષર, વેદપુરૂષ, નરકાન્તક, નારાયણ, વિષ્ણુ, વિશ્વંભર, જગન્નાથ, દાતા, ધાતા, અને દયાળુ નામથી ઓળખાય છે. જેમનાં એકવાર દર્શન થતાં જન્મ મરણનો ભય રહેતો નથી, એવા પરમ કૃપાળુ ભગવાન મારૂં અહિત કરશે એ વાત મારા લક્ષમાં આવતી નથી; માટે હે ગુરૂદેવ, આપશ્રી મારી સાથે ચાલો, આપણે એ ભગવાનને માનપૂર્વક બોલાવી લાવી, એમની અર્ઘ્યપાદ્ય પૂજા કરી આ જન્મનું સાર્થક કરીએ. શ્રી પરમાત્માની વિભૂતિ સાધુપુરૂષ અને ભગવાનનાં સગુણ સ્વરૂપનાં આ ચક્ષુથી દર્શન થાય એ આ જગતમાં મોટામાં મોટો લાભ છે. એના સિવાય આ મનુષ્યદેહનું બીજું સાર્થક નથી. એ ભગવાનનાં દર્શન કરવાની મને ઉત્કટ ઇચ્છા થઇ છે માટે આપશ્રી જલદી ચાલો.

શુક્રાચાર્ય—હે રાજા, હું તમારી બધી વાત માન્ય રાખું છું. તેવી રીતે તમારે મારી એક વાત એ ધ્યાનમાં રાખવી કે એ ભગવાન કંઇ માગે તે આપવાને હા પાડવી નહિ.

બળી—હે ગુરૂજી, મારૂં નામ આ જગતમાં દાતા નામથી પ્રખ્યાત થયેલું હોવાથી સર્વે કહે છે કે બળીરાજા જેવો દાતા નહિ. તે યશનો હું કેવી રીતે નાશ કરૂં. જે વિશ્વના પાલન કરવા વાળા અને જેમના સમાન આ બ્રહ્માંડમાં બીજા દાતા મળે નહિ, એવા ભગવાન મારા જેવા રંકની પાસે યાચના કરે, તો તેમને મારી યથાશક્તિ દાન આપી મારૂં દાતા નામ અમર કેમ ના કરૂં ? હે ગુરૂદેવ, આજ પર્યંત મારા દ્વારપરથી યાચના કરવા આવેલા કોઇ પણ બ્રાહ્મણ વિમુખ ગયા નથી, ત્યારે એ ભગવાનને હું કેવી રીતે ના કહું. ભલે એ મારૂં મસ્તક માગે તો તે સુદ્ધાં આપવાને હું તૈયાર છું; પરંતુ એવી રીતની માગણી ભક્તની પાસે ભગવાન કરે નહિ, અને કદાચ એવી માગણી કરશે તો એ ભગવાન માતાપિતારૂપ હોવાથી આ પુત્રના તમામ લાડ પૂર્ણ કરશે. ગુરૂજી, આપશ્રી વિચાર કરો કે એ દેવો અનસૂયા માતા પાસે જઇ “નગ્ન થઇને અમને ભિક્ષા આપો” એવી રીતે તેમને

અડચણમાં નાંખતાં બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવશ્રીએ તેમના પુત્ર થઇ અનસૂયા માતાના લાડ પૂર્ણ કર્યા; ત્યારે મારે શો ભય છે ? એવી રીતનો રાજાનો નિશ્ચય જોઇ શુક્રાચાર્યે રાજાને ઉપદેશ કરવો બંધ કરી શ્રી ત્રિવિક્રમ ભગવાનને માન સહિત બોલાવી લાવી તેમની અર્ધ્યપાદ પૂજા કરી. એ વામનસ્વરૂપને જોઇ રાજા એ ભગવાનના ચરણમાં લીન થઇ ગયા. જળ વિના તરફડતા મચ્છને એકાએક જળ મળતાં, અથવા દુકાળીઆને એકાએક પકવાન મળતાં જેવો આનંદ થાય; તેવી રીતે બળીરાજા ભગવાનના સ્વરૂપને જોઇ દેહભાન રહિત થઇ ગયા.

વામનજી—હે રાજા, આ જગતમાં તમારી કીર્તિ સાંભળી હું તમારી પાસે યાચના કરવાને આવ્યો છું, માટે તમે દાતા હો તો મારી ઇચ્છાને પૂર્ણ કરો.

બળી—મહારાજજી, આપની ઇચ્છા હોય તે મારી પાસેથી માગી લો, હું આપવાને તૈયાર છું.

વામનજી—હે રાજા, હું બ્રાહ્મણ હોવાથી મારાથી તમારી પાસે અઘટિત વસ્તુ મગાય નહિ, તેથી હું તમારી પાસે પર્ણકૂટી બાંધવા જેટલી માત્ર મારાં સાડા ત્રણ ડગલાં સમચોરસ ભૂમિ માગું છું.

બળી—મહારાજજી, હું આપને આપની માગણી પ્રમાણે ભૂમિ આપી ચુકયો; તેથી આપની ખુશીમાં આવે ત્યાં સપ્તદ્વિપમાં ભૂમિ ભરી લો.

વામનજી—હે રાજા, દાન આપવાનો નિયમ એવો છે, કે દાતાએ પોતાની મનકામના પૂર્ણ થવા માટેનો યથાવિધિ સંકલ્પ કરી તે દાન આપવું, એમ કરવાથી દાતા ઇચ્છિત ફળની પ્રાપ્તિ કરે છે, માટે તમે હાથમાં જળ લઇ સંકલ્પ કરો. એ સાંભળી રાજા સંકલ્પ કરવા જતાં શુક્રાચાર્યે ના પાડી કહ્યું કે તમારાથી વામનજીની માગણી પ્રમાણે ભૂમિ અપાશે નહિ અને છેવટ પસ્તાવું પડશે. આ પ્રમાણે ના કહ્યા છતાં રાજા હાથમાં સુવર્ણની ઝારી લઇ સંકલ્પ માટે અંદરથી જળ લેવા જતાં તે ઝારીના છિદ્રમાં શુક્રાચાર્ય મહારાજ ભ્રમરનું સ્વરૂપ ધારણ કરી ભરાવાથી તેમાંથી જળ પડે નહિ; તે જોઇ વામનજીએ વિચાર કર્યો કે

બ્રાહ્મણને દાન આપવામાં શુક્રાચાર્ય આડે આવે છે માટે એમને જરા સજા કરવી જોઇએ. એવો નિશ્ચય કરી શ્રી વામનજીએ ઝારીના છિદ્રમાં દર્ભની સળી ઘાલતાં શુક્રાચાર્ય મહારાજની એક આંખ ફૂટી જવાથી તેમાંથી નીકળીને નાશી ગયા; ત્યાર બાદ રાજાએ સંકલ્પ કર્યો, તે જોઇ વામનજીએ પોતે વિરાટ સ્વરૂપ ધારણ કર્યું તે વખતે એ ભગવાનના પગ પાતાળમાં અને મસ્તક સ્વર્ગમાં પહોંચ્યું. તે સ્વરૂપ જોઇ બળીરાજા, તમામ દેવો અને ઋષિઓ વિસ્મય થઇ પ્રાર્થના કરવા લાગ્યા.

બળી—હે દેવના દેવ, સર્વવ્યાપી જનાર્દન, હું આપને નમસ્કાર કરૂં છું. આપશ્રી સત્વાદિ ગુણ ભેદવડે આ જગત વ્યાપાર ચલાવી રહ્યા છો, એવા સર્વના કારણભૂત ભગવાનને હું નમસ્કાર કરૂં છું. હે પરમેશ્વર, આપશ્રી અરૂપ છતાં આ જગત રૂપે થવાથી બહુરૂપે જોવામાં આવો છો, એવાં આપનાં રૂપ અરૂપને હું વારંવાર નમસ્કાર કરૂં છું. હે ભગવાન, આપશ્રી નિર્ગુણ એક છતાં ગુણવડે અદ્‌ભુતરૂપે દેખાઓ છો તે આપના આ માયાવી સ્વરૂપને હું વારંવાર નમસ્કાર કરૂં છું. હે સર્વ લોકના સ્વામી, પરજ્ઞાનરૂપ આપને નમસ્કાર કરૂં છું. જે સદ્‌ભકતોનું નિવાસ-સ્થાન છે, અને જેમનું માંગલિક નામ છે, તથા જેમના લીલારૂપ અવતારનું મુનિ લોકો અર્ચન કરે છે તે ભકતવત્સલ સ્વરૂપને હું નમસ્કાર કરૂં છું. સર્વ લોકો ઇષ્ટપ્રાપ્તિને માટે જે આદિપુરૂષનું ધ્યાન કરે છે તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું. જેમના સ્વરૂપને શ્રુતિ અને સૂર્યનારાયણ સુદ્ધાં જાણતા નથી એવા જગતના હેતુ અને માયાના અધિપતિને હું નમસ્કાર કરૂં છું. જે ભગવાન આ માયારૂપી જગતચિત્ર ચીતરી તેમાં જગતરૂપે રહી તેનું પાલન કરે છે તે ભગવાનની પાસે માગણી કરૂં છું કે આપની માયાના ઉપદ્રવને મારાપરથી દૂર કરો. હે દેવ, જે લોકો સર્વ સંગનો પરિત્યાગ કરી શાંત થાય, તેમનાપર આપ કરૂણાનો વરસાદ વરસાવો છો, તે પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું. જે લોકો આપની સેવા કરી પાદ કમળરૂપી જળમાં લીન થઇ જાય છે, તેમની સેવાને આપ મસ્તકપર ચઢાવી સર્વ સિદ્ધિ આપો છો, તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું. જે પોતે યજ્ઞેશ્વરરૂપ થઇ ભકતોના આપેલા હવિનો સ્વીકાર કરી યજ્ઞના ફળને આપે છે તે ભગવાનને હું

નમસ્કાર કરૂં છું. જે પરમાત્માની માયાને બ્રહ્માદિ દેવો સુદ્ધાં જાણતા નથી, અને જે પરમાત્મા ભકતોના હૃદયકમળમાં રહી અજ્ઞાનને દૂર કરે છે, એ વાત અજ્ઞાનીઓ જાણતા ન હોવાથી તેમનાથી તે પરમાત્મા દૂર રહે છે એવા જ્ઞાનરૂપને હું નમસ્કાર કરૂં છું. જે ભગવાને આ જગતયંત્ર ચલાવવાને પોતાના મુખમાંથી વેદ ઉત્પન્ન કરી બ્રાહ્મણોને આપ્યા, જગતનું રક્ષણ કરવાને બાહુરૂપી પોતાનું બળ ક્ષત્રિયને આપ્યું, વૈશ્યોને પોતાનું જંઘારૂપ બળ આપવાથી તેઓ દેશાંતરમાંથી દ્રવ્ય લાવી બ્રાહ્મણ અને રાજાની સેવા કરવા લાગ્યા, અને શૂદ્રાદિને પોતાની ચરણશકિત આપી સર્વેની સેવા કરવાનું કામ સોંપ્યું. હે ભગવાન, આપના મનથી ચંદ્રમા, નેત્રથી સૂર્ય, મુખથી ઇંદ્ર અને અગ્નિ અને પ્રાણથી વાયુ ઉત્પન્ન થયા છે તેથી આપ પોતેજ ઇંદ્ર, પવન, ચંદ્ર, સૂર્ય, અગ્નિ, ઇશાન, યમ, વરૂણ, સર્વ દેવો, પિશાચ, રાક્ષસ, સિદ્ધ, ગાંધર્વ, સ્થાવર, ગીરી, નદી, સાગર આદિરૂપે થયા છો, અને ચરાચરમાં જે કંઇ જોવામાં આવે છે તે સર્વે આપનું સ્વરૂપ છે; એવા જગત વિહારી શ્રી ભગવાનની પાસે હું માગણી કરૂં છું, કે હે શ્રી હરિ આપ મારૂં રક્ષણ કરો. એ પ્રમાણે કહી બળીરાજા સાષ્ટાંગ નમસ્કાર કરી બોલ્યા, હે ભગવાન, આપશ્રી મારી પાસે કરાવેલા સંકલ્પને પૂર્ણ કરો. એવી રીતે બળીરાજાની પ્રાર્થના સાંભળી શ્રી ત્રિવિક્રમ ભગવાને પૃથ્વી ભરતાં ત્રણ ડગલાંમાં સપ્તદ્વિપ પૃથ્વી પૂરી થઇ, અને અર્ધા ડગલા માટે પાદ ઉંચો કરતાં તે ભગવાનનું ચરણ બ્રહ્મલોકમાં પહોંચવાથી ત્યાં શ્રી બ્રહ્માદિ તમામ દેવોએ તે ચરણકમળની પૂજા કરી, અને તે ચરણોદક શ્રી બ્રહ્મદેવે પોતાના કમંડલુમાં ભરી રાખ્યું તેને મૂર્તિમંત કરી તેનું નામ તેમણે ગંગાજી પાડયું.

અહિંઆં ત્રણ ડગલાં ભરતાં પૃથ્વી પૂરી થવાથી બળીરાજા ગભરાઇ વિચાર કરવા લાગ્યા કે હવે મારે પૃથ્વી કયાંથી લાવવી ? તે જોઇ બળીરાજાનાં પત્ની બોલ્યાં, હે પ્રાણનાથ, આપ કેમ ગભરાઓ છો, આ મારૂં અને આપશ્રીનું જે શરીર છે તે પૃથ્વીરૂપ છે તેને અર્પણ કરી આપનો સંકલ્પ પૂર્ણ કરી આ જગતમાં અમર કીર્તિને મેળવો. તે સાંભળી બળીરાજા સમુદ્રના જળમાં સૂતાં ભગવાનશ્રીએ પ્રસન્ન થઇ બળીરાજાના હૃદયપર પોતાના

ચરણુકમળને મૂકી તે રાજાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી, ભગવાનશ્રી બોલ્યા, હે રાજા, તારી શ્રદ્ધાભકિત જોઇ હું તને અખંડ ચીરંજીવી પદ આપી પાતાળનું રાજ્ય અર્પણ કરૂં છું; તેને તું ભોગવ; પાછળથી તું ઇંદ્રરાજા થઇશ અને ત્યાર બાદ મારા સ્વરૂપને પ્રાપ્ત કરીશ. તે સાંભળી બળીરાજા શ્રી ભગવાનના ચરણુકમળને પકડી બોલ્યા, હે દેવાધિદેવ, આ ચરણુનો મારા હૃદયમાં અખંડ વાસ રહેવો જોઇએ, અને આપે બતાવેલું આ સ્વરૂપ સદૈવ મારી સન્નિધ રહેવું જોઇએ.

ત્રિવિક્રમ—હે રાજા, તારી સન્નિધ હું સદૈવ વાસ કરીને રહીશ, અને આજથી આ જગતમાં જે ભક્ત વરસમાં ત્રણુ દિવસ આ તારા ઉત્સવનું ભક્તિથી જેવી રીતે માંગલિક કરશે, તે ભક્તને હું તેવો આનંદ આપીશ. એ ઉત્સવને સર્વે દિવાળી કરીને કહે છે. એમાં કાળીચૌદશ, અમાવાસ્યા અને પડવો એ ત્રણુ દિવસ મુખ્ય કહેવાય છે. અહો ! આ બળીરાજાનું કેવું મોટું ભાગ્ય કે ભગવાનની ભક્તિથી ઇંદ્રાસન લેવા જતાં કોઇને નહિ મળેલા એવા વરો મેળવ્યા, અને ભગવાનના ચરણુ કમળને હૃદયપર ધારણુ કર્યું. એવી રીતે શ્રદ્ધા રાખી જે કોઇ પરમેશ્વરની ભક્તિ કરશે તેમને બળીરાજા પ્રમાણે અનાયાસે સર્વે સુખોની પ્રાપ્તિ થશે.

> तत्र गंगा महापुण्या चचार विपुलं तथा ॥
> पुरा वर्षशतंसाग्रं परमं व्रतमास्थिता ॥ २ ॥
> ततो जनार्दनो देव आगत्येदमुवाच ह ॥
> मत्तः किमिच्छसेदेवि ब्रूहि किं करवाणि ते ॥ ३ ॥

હે રાજા, મહાપુણ્ય આપવાવાળાં ગંગાજીએ ભૃગુક્ષેત્રમાં આવી નિયમ પ્રમાણે સો વર્ષ પર્યંત મોટું તપ કરવાથી શ્રી જનાર્દન ભગવાન પ્રસન્ન થઇ બોલ્યા, હે દેવી, તમે મને કેમ બોલાવ્યો, તમારા મનમાં જે કંઇ ઇચ્છા હોય તે મને કહો તે પ્રમાણે હું કરીશ.

ગંગાજી—હે ભગવાન, હું આપશ્રીના ચરણુ કમળમાંથી ઉત્પન્ન થયેલી હોવાથી મને ત્રિલોકમાં માન પામેલા એવા દેવ લોકો સુદ્ધાં વંદન કરે છે; પરંતુ—

नृपो भगीरथस्तस्मा त्तपः कृत्वासुदुष्करम् ॥
समाराध्य जगन्नाथ शंकरं लोक शंकरम् ॥ ४ ॥
अवतार यामास हि मां पृथिव्यां धरणीधर ॥
मयावै युव योर्वाक्यांदवतारः कृतो भुवि ॥ ५ ॥
वैष्णवीमितिमां मत्वा जनः सर्वाप्लुतो मयि ॥
ये वै ब्रह्मणो लोके ये च वैगुरु तल्पगाः ॥ ६ ॥

સગરરાજાના સાઠ હજાર પુત્રો શ્રી વાસુદેવના અવતારરૂપ શ્રી કપિલ મહારાજની ક્રોધરૂપી દૃષ્ટિ પડતાં બળી ભસ્મ થવાથી શ્રી નારદજીએ આવી સગર રાજાને કહ્યું તમારી પત્ની સુમતિના નિમિત્તે ઉત્પન્ન થયેલા તમારા પુત્રો કપિલઋષિની સમાધિનો ભંગ કરવાથી બળી મુઆ છે. આવી રીતના ભયંકર સમાચાર મળતાં રાજા અતિ દુઃખી થઇ બોલ્યા, હાય, હાય, મારા જેવો હતભાગી આ જગતમાં બીજો કયો કહેવાય. અરે, મારી કેશીની નામની પત્ની નિમિત્તે ઉત્પન્ન થયેલો એક પુત્ર અસમનજસ નામનો મોટો યોગી હતો, તેણે નગરનાં ઘણાં બાળકોને નદીમાં ડુબાવી મૂકવાથી તેના સ્વરૂપને નહિ સમજવાથી મેં તેને કાઢી મૂકાવતાં એ પુત્રે નગરમાંથી જતી વખતે પોતાના સિદ્ધિબળથી તે ડુબાવેલાં તમામ બાળકોને જીવતાં કર્યાં અને પોતે તપ કરવાને ચાલ્યો ગયો. અરે, જો તે પુત્ર આ વખતે હોત તો મને આ દુઃખ વજ્ર સમાન લાગત નહિ. એવી રીતે રાજાને દુઃખી જોઇ વસિષ્ઠાદિ ઋષિ બોલ્યા, હે રાજા, ગયેલી વાતને યાદ કરી દુઃખી થવું એ ઉપયોગમાં આવતું નથી; માટે એ દુઃખને છોડી દઇ આ તમારા અસમનજ-સના પુત્ર અંસુમાનને પાતાળમાં મોકલી શ્રી કપિલ ભગવાન પાસેનો તે ઘોડો મંગાવો, અને આ આરંભેલા યજ્ઞની સમાપ્તિ કરી તમારા સંકલ્પને પૂર્ણ કરો. એ આજ્ઞા માન્ય કરી અંસુમાનને પાતાળમાં મોકલતાં શ્રી કપિલ ભગવાને તે પુત્રને માન આપી ઘોડો સોંપી દઇ બનેલી હકીકત કહી. એ ઘોડો આવવાથી સગર-રાજા સોમો અશ્વમેધ પૂર્ણ કરી મનને વૈરાગ્ય પ્રાપ્ત થતાં અંસુમાનને રાજ્ય સોંપી તપ કરવાને જંગલમાં નીકળી ગયા, અને પુણ્યના પ્રભાવે છેવટે બ્રહ્મપદની પ્રાપ્તિ કરી.

અહીં અંસુમાન ગાદીએ બેઠા પછી આકાશવાણી થઇ કે હે રાજા, તારા સાઠ હજાર કાકાઓ ઋષિની ક્રોધ દૃષ્ટિવડે બળી

મરવાથી પિશાચત્વને પામ્યા છે, તેમનો તું ગંગાજીને પૃથ્વીપર લાવીને ઉદ્ધાર કર. આ વાણી સાંભળી એ રાજાએ પોતાના પુત્ર દિલિપને રાજ્ય સોંપી ગંગાજી લાવવાને જંગલમાં બેસી તપ કરવા માંડયું; પરંતુ એનાથીં કાર્યસિદ્ધિ થઇ નહિ, તે જોઇ દિલિપરાજા પોતાના પુત્ર ભગીરથને રાજ્ય સોંપી ગંગાજી માટે તપ કરવાને નીકળી ગયા; પરંતુ એનાથી પણ તે કાર્ય સિદ્ધ થયું નહિ, તેથી ભગીરથ રાજાએ જગન્નાથ એવા શ્રી મહાદેવજીને પ્રસન્ન કરી મને (ગંગાજીને) પૃથ્વીપર લાવવા માટે મોટું ભયંકર તપ કર્યું, એ તપથી પ્રસન્ન થઇ શ્રી મહાદેવજીએ વર આપવાથી મારે આ પૃથ્વીપર પ્રગટ થવું પડયું, ત્યારથી મને વિષ્ણુપાદોદકી જાણી તમામ લોકો સ્નાન કરવા લાગ્યા. હે ભગવાન, તેમાં કેટલાક બ્રહ્મહત્યારા, કેટલાક ગુરૂપત્નીગામી, કેટલાક પિતૃમાતૃ ત્યાગી, કેટલાક સુવર્ણ ચોરી કરનારા, કેટલાક ગોહત્યારા, કેટલાક અનેક પ્રાણી હિંસકા, કેટલાક અગમ્યાગામિ, કેટલાક અભક્ષાભક્ષી, કેટલાક અસત્યવાદિ, કેટલાક વિશ્વાસઘાતી, કેટલાક દેવ બ્રાહ્મણ વિત્તહારી, કેટલાક દેવ, બ્રાહ્મણ, ગુરૂ, સ્ત્રીનિંદકા, કેટલાક બ્રાહ્મણના શાપથી દગ્ધ થએલા, કેટલાક આત્મહત્યારા, કેટલાક સંન્યાસ ધર્મથી ભ્રષ્ટ થએલા, કેટલાક મદ્યપાનો, કેટલાક ગુરૂનિંદક, કેટલાક પાત્રને છોડી અપાત્રને દાન આપવાવાળા, કેટલાક ઋતુકાળે સ્વસ્ત્રીને ઋતુદાન નહિ આપવાવાળા, કેટલાક સ્ત્રીના કહેવાથી માતાપિતા ઉપરનો સ્નેહ છોડવાવાળા, કેટલાક પોતાના બંધુ અને દુઃખીનાપર કરૂણા નહિ લાવનારા, કેટલાક વાવ, તળાવાદિ જળાશયને ફાડવાવાળા, કેટલાક પૂર્વજોનો ચાલતો સદ્દધર્મ માર્ગ છોડવાવાળા, કેટલાક નાસ્તિક, કેટલાક શાસ્ત્ર, સંધ્યાદિ વર્જ કરેલા બ્રાહ્મણો, કેટલાક અગ્નિસેવા નહિ કરનારા, કેટલાક સર્વ રસનો વિક્રય કરનારા, કેટલાક કૃપણ, ક્રૂર, કૃતઘ્ની, ચોર, સર્વકાળ લોકોની નિંદા કરનારા, પોતાના ગોત્રમાં લગ્ન કરનારા, મહાદુષ્ટ બુદ્ધિના પરાન્ન ખાવાવાળા, એવી રીતના અને પાપીઓ મારી અંદર સ્નાન કરી પોતાનાં પાપો છોડી જવાથી તેનો સંચય મારી પાસે પુષ્કળ થવાથી હું ભ્રષ્ટ થઇ ગઇ છું; તેથી આ નર્મદા દેવીને જલદી પાપોનો નાશ કરી નિર્વિઘ્ને તપશ્ચર્યાની સિદ્ધિ કરાવવાળી જાણી હુ એ મહા નદીનું સેવન કરી આપનું ધ્યાન

કરૂં છું. હે ભગવાન એવા પાપીઓનો સંગ કરતાં મારાથી ભ્રષ્ટ ન થવાય એવો રસ્તો મને બતાવો. એવી રીતની ગંગાજીની પ્રાર્થના સાંભળી બહુ પ્રસન્ન વદન કરી શ્રી મહાવિષ્ણુ ભગવાન, બોલ્યા.

હે ગંગા, આ શ્રી નર્મદાદેવીનું સંરક્ષણ કરવાવાળા શ્રી મહાદેવજી જેમની જટામાં તમારો નિવાસ છે એવા ગંગાધર ભગવાનને સહાય કરવાને આજથી હું અહિંઆં નિવાસ કરૂં છું, અને તમે પણ અત્રે આ મહાપવિત્ર રૂદ્રદેહાની અંદર પ્રવેશ કરીને રહો, એટલે તમે કોઇનાથી ભ્રષ્ટ થશો નહિ, તમે આ મારા પાદતલને પ્રાપ્ત થઇ ત્રણ લોકને પવિત્ર કરવાને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં વિચરો. તમે નિત્ય મારી સાથે આ ઉત્તર ત્રટમાં રહેવા છતાં ચોમાસાના ચાર માસ નર્મદાના બંને તટને પાવન કરો. જે કોઈ પોતાના હાથમાં શંખ લઇ આ નર્મદાની અંદર તમારૂં, નર્મદાનું, મારૂં અને શ્રી મહાદેવજીનું સ્મરણ કરી સ્નાન કરશે તેને હું વૈષ્ણવપર્વ સમાન મહા પુણ્યની પ્રાપ્તિ કરાવીશ. તેમાં પણ જે મનુષ્યો અમાવાસ્યાદિ પર્વકાળમાં શંખ પકડી સ્નાન કરશે તે અનંત પુણ્યની પ્રાપ્તિ કરશે. જે કોઇ અહીંઆં આવી પિંડદાનાદિ કરશે તેના પિતૃઓને ગયા પિંડારકાદિ મહા તીર્થોના કરતાં અનંતગણું વધારે ફૂળ મળશે. જે કોઇ આ જગ્યાએ આ તારા સ્થાપન કરેલા ગંગાવાહક મહાદેવની તારૂં, મારૂં, નર્મદાનું અને મહાદેવજીનું એક સ્વરૂપ સમજી પૂજા કરશે તેને અનંત પુણ્યની પ્રાપ્તિ થશે. એ પ્રમાણે કહી શ્રી વિષ્ણુ ભગવાન ગુપ્ત થયા.

॥ ઇતિશ્રી ગંગાવાહક તીર્થ ॥ ૬ ॥

—*—

તીર્થ સાતમું.

श्री मार्कंडेय उवाच—

ततो गच्छेत्तु राजेंद्र गौतमेश्वर मुत्तमम् ॥
सर्व पाप हरं तीर्थं त्रिषु लोकेषु विश्रुतम् ॥ १ ॥

હે રાજા, હવે તમારે સર્વ પાપોને નાશ કરનારા અને ત્રણ લોકમાં પ્રખ્યાત ગૌતમેશ્વર તીર્થમાં જવું. એ જગ્યાપર ગૌતમ

મહામુનિ જે ગોદાવરી (વૃદ્ધગંગા) લાવ્યા છે તેમણે મહાદેવજીનું બાણ સ્થાપન કરી દેવનાં એક હજાર વર્ષ તપ કરી શ્રી મહાદેવજીનેં પ્રસન્ન કર્યા. તેમનું નામ ગૌતમેશ્વર છે. જે કોઇ બ્રહ્મચર્ય રાખી નર્મદાનું સ્નાન કરી એ મહાદેવની પૂજા કરશે તેને સો અશ્વમેધનું ફળ મળશે એમાં પણ ભાદરવા વદ ચૌદશ અને કાર્તિક માસની આઠમ અને ચૌદશને દિવસે જે ઉપવાસ કરી પંચામૃતવડે મહાદેવની પૂજા કરશે તે સર્વ પાપોથી મુક્ત થઇ સર્વે યજ્ઞનું પુણ્ય મેળવશે.

॥ ઇતિશ્રી ગૌતમેશ્વર મહાત્મ્ય ॥ ૭ ॥

---*---

તીર્થ આઠમું.

श्री मार्कंडेय उवाच—

ततो गच्छेन्महीपाल दशाश्वमेधिकं परम् ॥
तीर्थं सर्व गुणोपेतं महा पातक नाशनम् ॥ १ ॥

હે રાજા, સર્વ મનોરથોને પૂર્ણ કરવાવાળા અને મહા પાપને નાશ કરનારા દશાશ્વમેધ નામના તીર્થમાં જવું. ત્યાં યથાવિધિ સ્નાન કરનાર અને મહાદેવની પૂજા કરી યથાશક્તિ દાન આપનાર દશ અશ્વમેધનું ફળ પ્રાપ્ત કરે છે.

યુધિષ્ઠિર—હે ભગવાન, એ યજ્ઞ કરવામાં બહુ સામગ્રીની જરૂર પડે છે તથા આખી પૃથ્વીના રાજાઓને જીતી દ્રવ્ય ભેળું કરે ત્યારે એ યજ્ઞ થાય છે. તે દશ યજ્ઞનું ફળ એ જગ્યાપર સહેજમાં મળે તે સાંભળી મને આશ્ચર્ય થાય છે, માટે એનો ખુલાસો કરો.

માર્કંડ—હે રાજા, એવી રીતની શંકા પૂર્વે જગત માતા પાર્વતિએ ઉઠાવવાથી તેમની ખાત્રી કરાવવા શ્રી મહાદેવજી પાર્વતિ સહિત નર્મદા કિનારે આવ્યા. ત્યાં એ દશાશ્વમેધ તીર્થને જોઇ મહાદેવજી એ સાષ્ટાંગ નમસ્કાર કર્યા, અને ભુખ્યા જટીલ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી સામાને મોહ ઉત્પન્ન થાય એવી રીતે સુસ્વરે વેદ મંત્રનો પાઠ કરવા લાગ્યા. તે સાંભળી ક્ષેત્રના બ્રાહ્મણો ત્યાં ભેગા થયા.

બ્રાહ્મણો—મહારાજજી, આપશ્રી બહુ ભુખ્યા જણાઓ છો, તેથી વેદ ભણવાના બંધ કરી અમારે ત્યાં ભોજન કરવાને પધારો. અમારે ત્યાં આપશ્રીના ભોજન કરવાથી આજ અમારો જન્મ સફળ થશે.

મહાદેવજી—હે બ્રાહ્મણો, હું અહારને છોડી એક હજાર વર્ષ તપ કરી પારણાં કરવા આવ્યો છું; પરંતુ મારો સંકલ્પ છે કે જેમની પાસે દશ અશ્વમેધનું પુણ્ય હશે તેમને ત્યાં હું પારણાં કરીશ. એ સાંભળી તમામ બ્રાહ્મણો નિરાશ થઇ ઘેર ગયા. તેમાંનો એક બ્રાહ્મણ ઘણોજ શાન્ત, દાંત અને શાસ્ત્રાદિનોપાર જાણુવાવાળો મહાન ભક્ત હોવાથી તેણે વિચાર કર્યો કે સ્મૃતિ, વેદ, પુરાણની અંદર જેમને માટે જે મહાત્મ્ય લખ્યું હોય તેનું ફળ શ્રદ્ધાવાનને અવશ્ય કરીને મળે છે, તેથી તે બ્રાહ્મણે પુરાણની અંદર શોધ કરી તો માલમ પડયું કે જે જગ્યાપર એ તપસ્વી બ્રાહ્મણ બેઠા છે તે તીર્થ સ્નાનાદિ કરવાથી દશ અશ્વમેધનું ફળ આપવાવાળું છે. આથી તે બ્રાહ્મણે નર્મદાપર આવી યથાવિધિ સંકલ્પ કરી મૃતિકા લગાડી સ્નાન કર્યું. ત્યાર બાદ સંધ્યા, જપ, તર્પણ અને દાનાદિ કરી સંકલ્પપૂર્વક કપિલા ગાયનું બ્રાહ્મણને દાન આપી (ગાયના અભાવે દ્રવ્ય આપવું) ત્યાં આવી બ્રાહ્મણરૂપે બેઠેલા મહાદેવજીને કહ્યું, મહારાજજી, હું દશ અશ્વમેધ અત્યારે કરીને આવ્યો છું માટે આપશ્રી મારે ત્યાં ભોજન માટે પધારો.

મહાદેવજી—હે બ્રાહ્મણ, જે યજ્ઞો બહુ પ્રયાસ અને બહુ ધનવડે થાય છે, તે યજ્ઞો તમે તરત કેવી રીતે કરી આવ્યા ?

બ્રાહ્મણ—મહારાજજી, વેદ, સ્મૃતિ, શાસ્ત્ર અને પુરાણના કર્તા પોતે શ્રી પરમેશ્વર છે. એ પરમેશ્વરે પોતે એ શાસ્ત્રાદિ પ્રથમ બ્રહ્મદેવના હૃદયમાં નાદરૂપે પ્રગટ કરતાં બ્રહ્મદેવે તે શાસ્ત્રો મુખદ્વારે મહર્ષિઓને સંભળાવ્યાં, એ દ્વારે એ શાસ્ત્રો મૃત્યુલોકમાં આવતાં અમારા જેવા પામરોને તેની ખબર પડી. જે લોકો એ ત્રિકાળદર્શિ મહર્ષિઓનાં વચનપર વિશ્વાસ રાખી વર્તે છે, તેમને અવશ્યમેવ તે તે ફળની પ્રાપ્તિ થાય છે, અને જે લોકો વિશ્વાસ રાખતા નથી તેમને એ ફળ મળતું નથી; એમ કહી પુરાણ બતાવ્યું.

એવી રીતે એ બ્રાહ્મણની શ્રદ્ધા જોઇ મહાદેવજીએ તેમને ઘેર જઇ ભોજન કર્યું, તે વારે ત્યાં દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, અને

મહાદેવજી પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી બોલ્યા કે હે બ્રાહ્મણ, તારી ઇચ્છામાં આવે તે મારી પાસે માગી લે.

બ્રાહ્મણ—હે ભગવાન, આપશ્રી મારા ઉપર પ્રસન્ન થયા હો તો આ તીર્થમાં આપશ્રી નિવાસ કરીને રહો. મહાદેવજી તથાસ્તુ કહી ત્યાં ગુપ્ત થયા. એવી રીતનું એ તીર્થનું આશ્ચર્યવત્ મહાત્મ્ય જાણી પાર્વતિ માતા વિસ્મય પામી બોલ્યાં.

પાર્વતિ—હે ભગવાન, આ જગ્યાએ તો ઘણા લોકો **સ્નાન** કરે છે, તો તે સર્વને સ્વર્ગ મળતું હશે?

મહાદેવજી—હે પ્રિયે, જે લોકો પૂર્ણ શ્રદ્ધાવાન હોય છે, તેમને અવશ્ય એ ફળ મળે છે, અને જે લોકો સંશયવાન અને મર્યાદા રહિતના છે તેમને શાસ્ત્રે કહેલું ફળ મળતું નથી. એ સાંભળી દેવી બહુ પ્રસન્ન થયાં.

માર્કંડેય—હે યુધિષ્ઠિર, તમો એ દશાશ્વમેધ તીર્થની બીજી કથાને સાંભળો.

तत्रागता महाभागा स्नातुकामा सरस्वति ॥
पुण्यानां परमापुण्या नदीनामुत्तमा नदी ॥ २ ॥
नाममात्रेण यस्यास्तु सर्वपापैः प्रमुच्यते ॥
स्नातातत्र दिवंयांति येमृतास्तेऽपुनर्भवाः ॥ ३ ॥
दशाश्वमेधे साराजन्नियता ब्रह्मचारिणी ॥
आराधयित्वा देवेशं परं निर्व्वाणमागती ॥ ४ ॥

ટીક—હે રાજા, એ મહા તીર્થ છે એમ જાણી સરસ્વતી માતા નિત્ય અહીંઆં સ્નાન કરવાને આવે છે. જે પુણ્યમાં પરમ પુણ્ય આપવાવાળી સર્વ નદીઓમાં ઉત્તમ નદી કહેવાય છે, જેનું નામ માત્ર લેતાં સર્વ પાપોનો નાશ થાય છે. એ મહા નદીમાં જે કોઇ એકવાર શ્રદ્ધાપૂર્વક સ્નાન કરે છે તે દેવલોકમાં જાય છે. એ મહા પવિત્ર નદીને તીરે જેનું મૃત્યુ થાય છે તેને પુનઃ સંસારનું દુઃખ ભોગવવું પડતું નથી. હે રાજા, એવી એ બ્રહ્મચારિણી મહાનદીરૂપ સરસ્વતી માતા દશાશ્વમેધ તીર્થપર આવી યથાવિધિ નિયમ પાળી શ્રી મહાદેવજીનું આરાધન કરી સર્વ દોષોથી મુક્ત થઇ પરમ શાન્તિને પામ્યાં. હે રાજા, હવે તમે એ સરસ્વતી નદીની ઉત્પત્તિને સાંભળો.

શ્રીક્ષેત્ર સિદ્ધપુર નજીક શ્રી સિદ્ધવટેશ્વર નામનું પ્રખ્યાત તીર્થ છે. તે સ્થાનમાં એક દધિચિ નામના મહા તપસ્વી ઋષિ ગૃહસ્થાશ્રમના નિયમ પાળીને તપ કરતા હતા. તે પ્રસંગમાં બ્રહસ્પતિ મહારાજ અને ચંદ્રમાને પરસ્પર તકરાર થતાં દેવ લોકોએ બ્રહસ્પતિ મહારાજને પક્ષ કરવાથી તમામ દૈત્યોએ ચંદ્રમાનો પક્ષ કર્યો; અને યુદ્ધને પ્રસંગ આવવાથી તમામ દેવો પોતપોતાનાં શસ્ત્રો લઇ લડવા ગયા. એ પ્રસંગ જોઇ દેવના દેવ બ્રહ્માદિએ વચમાં પડી બ્રહસ્પતિ મહારાજ અને ચંદ્રમાનું સમાધાન કરાવવાથી તમામ દેવો શ્રી દધિચિ મહારાજના આશ્રમમાં આવ્યા. ત્યાં એ ઋષિએ સર્વ દેવોની યથાયોગ્ય અર્ધ્યપાદ પૂજા કરી સ્તવન કર્યા પછી સર્વે દેવો બોલ્યા, હે ઋષિ, અમારાં તમામ શસ્ત્રો તમારા આશ્રમમાં મૂકી જઇએ છીએ, એ પ્રમાણે કહી હથિઆરો મૂકી સર્વ દેવો દેવલોકમાં ચાલ્યા ગયા અહિંઆં દધિચિ ઋષિએ દેવનાં પુષ્કળ વર્ષ પર્યંત તપ કર્યા પછી એમનો વિચાર તીર્થયાત્રા માટે નીકળવાનો થવાથી પોતે વિચાર કરવા લાગ્યા કે આજ સુધી દેવો પોતાનાં હથિઆર લઇ ગયા નહિ, તેથી એ શસ્ત્રોની શું વ્યવસ્થા કરવી. છેવટે એ ઋષિએ નિશ્ચય કર્યો કે એ શસ્ત્રોની અંદર જે ઇશ્વરી શક્તિ છે તેને મંત્રબળવડે પ્રાશન કરી જવાથી એ શસ્ત્રો બીજા કોઇના ઉપયોગમાં આવશે નહિ. એવો વિચાર કરી એ ઋષિએ શસ્ત્રોમાંની શક્તિને પ્રાશન કરી તીર્થાટન કરવાને નીકળી ગયા. એ પ્રસંગમાં એક દિવસ એવું બન્યું કે રાત્રે સ્વપ્નામાં દધિચિ ઋષિનું વીર્ય સ્ખલિત થતાં તે તેમના પહેરેલા વસ્ત્રને લાગ્યું. રાત્રીને વખત હોવાથી સ્નાન નહિ કરતાં તે વસ્ત્રનો ત્યાગ કરી ઋષિ બીજું વસ્ત્ર પહેરી ગુહ્યેંદ્રિને તથા હાથ પગને યથાવિધિ મૃતિકા લગાડી ધોઇ આઠ ગંડુશા તથા ત્રણ આચમન કરી ભસ્મસ્નાન કરી સૂઈ ગયા. પ્રાતઃકાળે એ ઋષિનાં પત્નીને ઋતુશ્રાવ પ્રાપ્ત થયાનો ચોથો દિવસ હોવાથી તેમણે સ્નાન કરી પોતાના પતિનું વીર્ય લાગેલું વસ્ત્ર પહેરવાથી તે વીર્યને યોનિને સંબંધ થતાં એ ઋષિપત્નાને ગર્ભ રહ્યો. તે જોઇ એ ઋષિપત્ની વિચાર કરવા લાગ્યાં કે મારા પતિ બ્રહ્મચર્ય પાળે છે તેથી તેમનો ને મારો સંયોગ નહિ થવા છતાં મને ગર્ભ કેવી રીતે રહ્યો! અરે, આ વખતે આ કાર્યમાં જરૂર કોઇ દેવનો

પ્રપંચ હોવો જોઇએ, તે સિવાય મને ગર્ભ રહે નહિ. મેં સાંભળ્યું છે કે દેવયોનીવાળા પોતાના સિદ્ધિ બળથી સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરી સામાને માલમ ન પડે તેવી રીતે તેની સાથે વિહાર કરી જાય છે, અને વખતપર કોઇને સ્વપ્નાવત્ એ ભાસ માલમ પણ પડે છે, માટે જરૂર આ કામ દેવોનું હોવું જોઇએ. એવો મનમાં નિશ્ચય કરી એ ઋષિપત્ની ક્રોધાવેશમાં આવી શાપ વચન બોલ્યાં કે "જો મેં કાયા વાચા મનવડે મારા પતિશ્રીની સેવા કરી હોય, મારા પતિના દૈવત સિવાય બીજા પુરૂષના દૈવતને વખાણી પતિની નિંદા નહિ કરી હોય, જો મેં મારા દ્વારથી અભ્યાગતને અન્ન વિના નિર્મુખ જવા નહિ દીધા હોય, અને જો મેં મારા પતિશ્રીની આજ્ઞાનું કોઈ દિવસ ઉલંઘન નહિ કર્યું હોય તો, જેનાવડે મને આ ગર્ભ રહ્યો છે તેનું આજથી છઠ્ઠે માસે મૃત્યું થાઓ. એવી રીતનો શાપ આપી બનેલી સર્વે હકીકત પોતાના પતિશ્રી ને નિવેદન કરી. એ સાંભળી એ મહા શાન્ત બ્રહ્મનિષ્ઠ ઋષિ વિચાર કરવા લાગ્યા કે મારી પત્નીને ગર્ભ રહેવાનું શું કારણ હશે ? તેથી પોતે ધ્યાન કરીને જોતાં માલમ પડયું કે એ ગર્ભ મારા વીર્યથીજ રહ્યો છે, એમ જાણી પત્નીને બોલાવી કહ્યું, અરે, તું એ ગર્ભનું બરાબર સંરક્ષણ કરજે; કારણકે એ ગર્ભ મારા વીર્યથીજ રહ્યો છે. એ સાંભળી એ પતિવ્રતા બોલ્યાં. અરે, આપશ્રી આ શી વાત કહો છો. હે ભગવાન, તમારી સાથે મારો સંયોગ નહિ થવા છતાં મને કેવી રીતે ગર્ભ રહ્યો.

ઋષિ—હે પ્રાણપ્રિય, તું એ ગર્ભની હકીકત સાંભળ. તને ઋતુશ્રાવ થયા ને ચોથો દિવસ હતો તે રાત્રે સ્વપ્નામાં મારૂં વીર્ય સ્ખલિત થવાથી તે વસ્ત્ર મેં કાઢી મૂકેલું તેને ઋતુસ્નાન કરી તેં પહેરવાથી તે વીર્યવડે તને આ ગર્ભ રહ્યો છે; તેથી તારા શાપ પ્રમાણે છ માસમાં જરૂર મારૂં મૃત્યું થશે.

એ સાંભળી એ પતિવ્રતાનાપર જાણે એકાએક વીજળી પડી હોયની તેવી રીતે બેભાન થઇને પડયાં, અને સાવધ થતાં બોલ્યાં કે, હાય હાય, મારા જેવી આ જગતમાં બીજી કોઇ પતિઘાતકી સ્ત્રી નહિ હશે. અરે, આ જગતમાં આજ પર્યંત એવું સાંભળ્યું નથી કે કોઇ પણ પ્રાણીમાં સ્ત્રી પોતાના પતિને ભક્ષણ કરી ગઇ હોય. હાય હાય, આ જગતમાં મારા કરતાં વાઘણાદિ દુષ્ટ પ્રાણી પણ

સારાં કે તે પણ પોતાના પતિનું રક્ષણ કરે છે. અરે એવી કઇ દુષ્ટ સ્ત્રી હશે કે પોતાને કપાળે લગાડેલું કંકુ પોતેજ લુછી નાંખી વૈધવ્યપણું માગે, અથવા બીજો કોઇ સૌભાગ્ય માટે કંકુ લગાડવા આવતાં તેનો તીરસ્કાર કરે, અગર પોતે પોતાને હાથે કંકુ લગાડે નહિ. હાય હાય, એ દુષ્ટ સ્ત્રીઓના જેવીજ હું પણ ઠરી કે મેં મારે હાથેજ મારૂં વૈધવ્ય માગી લીધું. અરે, આ મારી વાતને જે કોઇ સાંભળશે તે મારૂં મુખ જોશે નહિ. અરે, મેં મારે હાથેજ કપાળે કંકુ લુછી મેંસ લગાડી. હાય હાય, હવે મારૂં આ કાળું મોઢું કોણ જોશે? અરે, પતિનો એકવાર તીરસ્કાર કરનારી સ્ત્રી પોતાના સપ્તકુળને નર્કમાં નાંખી પોતે મહાનર્કમાં જઇને પડે છે, ત્યારે મારા જેવી પતિ હત્યારીને યમરાજા કોણ જાણે કેવી સજા કરશે, હાય હાય, હવે હું એ યમના ત્રાસને કેવી રીતે સહન કરીશ. અરે સ્ત્રી જાતિને પતિ એજ પોતાના પરમેશ્વર છે, પછી તે સારા હોય અગર નબળા હોય તેનો વિચાર કરવાનું સ્ત્રીને કામ નથી; પરંતુ તેની સેવા કરવાથી સ્ત્રી જાતિ આલોક ને પરલોકમાં પૂજાય છે. હાય હાય, હું તો આલોક અને પરલોક બંનેથી ભ્રષ્ટ થઇ. હવે મારી શી ગતિ થશે, અને હવે મને કોણ પતિવ્રતા કહેશે. આવી રીતે પત્નીને દુઃખ કરતાં જોઇ ઋષિ બોલ્યા.

હે પ્રિયા, પ્રારબ્ધ આગળ કોઇનું કંઇજ ચાલતું નથી. જે કંઇ ભાવિ બનવાનું હોય તેનો વેગ બહુ પ્રબળ હોવાથી તેને અટકાવવાને કોઇ સમર્થ થતું નથી. એ પ્રારબ્ધને દેવો સુદ્ધાં અટકાવી શકતા નથી. અરે, પ્રારબ્ધને વશ થઇ સૂર્ય જેવા સમર્થ રાત્ર દિવસ ફર્યા કરે છે, વાયુ વાયા કરે છે, જળ વિચરી રહ્યું છે અને અગ્નિ પોતે સમર્થ છતાં ઘેરેઘેર ધક્કા ખાય છે. મહાદેવજી જેવા વસ્ત્ર નહિ મળવાથી ભસ્મ લગાડી હાથીનું ચર્મ ઓઢે છે, અને જગતનો સંહાર કરે છે. વિષ્ણુ જેવા સમર્થને પણ દુર્વાસા મુનિના શાપથી નાના પ્રકારની યોનિમાં દશ અવતાર લેવા પડયા છે. બ્રહ્મદેવ આ સૃષ્ટિની ઘડભાંજ કરી રહ્યા છે. ચંદ્રમા જેવા સમર્થે ગુરૂ પત્નીને ગમન કર્યું છે. અરે, ઇંદ્ર, જે દેવના રાજા, અને જેમની પાસે અનેક અપ્સરાઓ છતાં ગૌતમ ઋષિને ત્યાં આવી અહલ્યા સાથે વિષયભોગ કરતાં ઋષિના શાપથી તેઓ શરીરે સહસ્ર ભગંદરવાળા થયા. અરે, તું વિચાર કરીને જો કે

શ્રી દત્તાત્રય પોતે સમર્થ છતાં ભિક્ષા માગીને ખાય છે, વસિષ્ઠ ઋષિ જેવા સમર્થના પુત્રોનો વિશ્વામિત્રે નાશ કર્યો છે. એવી રીતે પ્રારબ્ધે પ્રાણીમાત્રને બાંધી રાખેલાં છે, તેથી તું શોક કરવો છોડી દઇ ઇશ્વર ભજન કર. અરે, તારા ગર્ભમાં આવેલો પુત્ર ઘણોજ બળવાન હોવાથી તે તારી કીર્તિને આ જગતમાં અમર કરશે, અને તેનાવડે તને સદ્દગતિ મળશે. એવી રીતનો પતિનો ઉપદેશ સાંભળી એ પતિવ્રતા શાન્ત થયાં.

અહિંઆં એ દધિચિ ઋષિનાં પત્નીના ગર્ભને છ માસ થવા આવતાં ઇંદ્રરાજાએ ત્વષ્ટ્રા ઋષિના પુત્રને મારી નાંખવાથી એ ઋષિએ યજ્ઞ કરી અગ્નિનારાયણ પાસે ઇંદ્રનો નાશ કરવા માટે પુત્ર માગવા જતાં આહુતિ આપવાના મંત્રનો સ્વર ચુકવાથી ઋષિની માગણી પ્રમાણે પુત્ર થયો નહિ; તોપણ ઇંદ્ર સાથે લડી શકે એવો મહા બળવાનં પુત્ર તે યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થયો. તેનું નામ વૃત્રાસુર પાડયું. એ પુત્રે ઉત્પન્ન થતાં પિતાને પૂછયું આપશ્રીની શી આજ્ઞા છે ?

ત્વષ્ટ્રા—હે પુત્ર તું, ઇંદ્રરાજાનો નાશ કર. એણે તારા ભાઇને મારી નાંખ્યો છે. એવી રીતનાં પિતાશ્રીનાં વચન સાંભળી વૃત્રાસુર ઇંદ્રરાજા સામે લડવા ગયો. તે જોઇ તમામ દેવો દધિચિ ઋષિ પાસે પોતાનાં મૂકેલાં હથિઆરો લેવાને ગયા.

દધિચિ—હે દેવો, બહુ કાળ પર્યંત તમારી રાહ જોઇ તમે નહિ આવવાથી હું તમારાં તમામ શસ્ત્રોમાંથી મંત્રબળે તેમની શક્તિ ખેંચી લઇ પ્રાશન કરી ગયો છું, તેથી તમને તે શસ્ત્રો ઉપયોગમાં આવશે નહિ, પણ જો તમારે તમારાં હથિઆરની જરૂર હોય તો આ મારૂં શરીર તપોરૂપ તથા તમારાં શસ્ત્રોની શક્તિવાળું છે તેમાંથી ઘણુંજ ઉત્તમ શસ્ત્રો બનશે માટે આ શરીરમાંથી તમારાં શસ્ત્રો બનાવી લો. એ સાંભળી દેવો વિચાર કરવા લાગ્યા કે એ તપસ્વીનું શરીર વજ્ર સમાન હોવાથી અને તેને વહેરવાનું સામર્થ્ય આપણી અંદર નહિ હોવાથી તેમાંથી શસ્ત્રો કેવી રીતે બનાવવાં. છેવટે સર્વેએ મળી નિશ્ચય કર્યો કે ગોલોકમાં જે કામધેનુ છે તે મહા તપસ્વી છે, અને તેની જીહ્વાપર કાકરો હોવાથી તે આ ઋષિના શરીરને વહેરી શકશે. એવા વિચારથી સર્વે દેવો કામધેનુની પ્રાર્થના કરવાને ગોલોકમાં ગયા.

દેવો—હે કામધેનુ, તમે આ જગતમાં સર્વમાં પૂજ્ય હોવાથી અમે તમારે શરણે આવ્યા છીએ. તમે અમારા કાર્યની સિદ્ધિ કરશો એવો અમારો નિશ્ચય છે.

કામધેનુ—હે દેવો, એવું મારૂં શું કામ પડયું કે જેથી તમારે અહીં સુધી આવવું પડયું. હું જરૂર તમારૂં કામ કરીશ, માટે જે કામ હોય તે કહો

દેવો—હે દેવી, અમે અમારાં શસ્ત્રો દધિચિ ઋષિને ત્યાં મૂકયાં હતાં. તે ઋષિ મંત્ર બળવડે તે શસ્ત્રોની શક્તિ ખેંચી લઇ પી ગયા છે. હે માતા, આ વખતે વૃત્રાસુર અમારાપર દૂરધર શત્રુ ઉઠવાથી હવે અમે શસ્ત્ર વગર તેમની સામે કેવી રીતે યુદ્ધ કરી શકીએ. દધિચિ મહારાજ પાસે શસ્ત્રો માગતાં તે પોતે કહે છે કે આ મારા શરીરના અસ્થિમાંથી તમે શસ્ત્રો બનાવો, એટલે તમારા કાર્યની સિદ્ધિ થશે. હે દેવી, એ અસ્થિ વહેરવાનું કામ આપના સિવાય બીજા દેવોથી બની શકે એવું નથી, માટે કૃપા કરી એટલું કામ કરી આપો. કામધેનુએ વિચાર કર્યો કે હવે શું કરવું. મેં વચન આપ્યું છે કે હું તમારૂં કામ જરૂર કરીશ, ને આતો બ્રહ્મહત્યાનું કામ આવ્યું છે. પછી ધ્યાન કરીને જોતાં માલમ પડયું કે એ ઋષિનાં પત્નીના શાપના નિમિત્તથી ઋષિપર આ પ્રસંગ આવ્યો છે. કદાચ હું દેવોને ના કહીશ, તોપણ ઋષિનું મૃત્યું થયા સિવાય રહેવાનું નથી. આ જગતમાં દરેક કાર્ય પરમેશ્વરે નિમિત્તમાત્ર બીજાના ઉપર રાખ્યું છે, માટે આ ઋષિનું નિમિત્ત એમની પત્ની અને મારાપર આવ્યું. વળી આ કાર્ય દેવોને માટે કરવાનું છે તેથી જઇને કરી આવવું જોઇએ. એવો નિશ્ચય કરી દેવોની સાથે દધિચિ ઋષિ પાસે આવી પોતાની જીવ્હાવડે ઋષિનાં અસ્થિ વહેરી તેના વિભાગ કરી દેવોને પૂર્વવત્ શસ્ત્રો તૈયાર કરી આપી કામધેનુ બ્રહ્મલોકમાં જતાં સરસ્વતી માતાએ તેમને કહ્યું, હે બ્રહ્મહત્યારી, તું આ બ્રહ્મલોક અપવિત્ર કરવાને અહીંઆં શું કામ આવી. તારા જેવી મહાપાતકીનું મોં જોતાં, ભાષણ કરતાં, અને સ્પર્શ કરતાં પવિત્ર હોય તેપણ અપવિત્ર થાય છે, જા, એ બ્રહ્મહત્યાના કારણથી તારૂં મોં સદૈવ અપવિત્ર રહેશે, અને તેથી તારા મુખની આ જગતમાં કોઇ પૂજા કરશે નહિ.

કામધેનુ—હે સરસ્વતી, એ બ્રહ્મહત્યામાં હું તો કેવળ નિમિત્ત માત્ર છું, અને એ કામ મેં કેવળ પરમાર્થને માટે કર્યું છે. શાસ્ત્રે કહ્યું છે કે દેવ, બ્રાહ્મણ અને ગાયના હીત માટે કદાચ ખોટું થતું હોય તોપણ તેમનું કામ કરી આપવું. વળી આ વખતે દેવલોકો મોટી આપત્તિમાં આવી પડવાથી મેં એ કામ કર્યું છે. તે છતાં તમે મને શાપ આપ્યો, તેથી હું પણ તમને શાપ આપું છું કે દેવના નિમિ-તે તમે મૃત્યુલોકમાં જઈ નદીરૂપે થાઓ. એવી રીતે શાપ આપી કામધેનુ ગોલોકમાં ચાલ્યાં ગયાં. તે દિવસથી ગાયનું મુખ અપવિત્ર ગણાવાથી તેની સુંઘેલી કે ખાધેલી વસ્તુ બુદ્ધિમાનો ઉપયોગમાં લેતા નથી અને તેના મુખની કોઇ પૂજા કરતું નથી.

અહિંઆં દધિચિ ઋષિના મૃત્યુ પછી એમનાં પત્નીને પુત્ર થતાં તેમનું નામ પિપલાદ પાડયું. એ પુત્ર બાળપણમાં નાનાં બાળકો સાથે ખેલવા જતાં બીજા ઋષિના પુત્રોએ તેને મહેણું માર્યું કે જા, જા, નબાપા, અમારી સાથે રમવામાં તારૂં કામ નહિ. એ સાંભળી પિપલાદ ઘેર આવી પોતાની માતાને કહેવા લાગ્યો, હે માતુશ્રી, તમે મારા પિતાશ્રીને બતાવો. માતા કહે, હે ભાઇ, તારા પિતાશ્રીને દેવોએ મારી તેમનાં અસ્થિનાં તેમણે શસ્ત્રો બનાવ્યાં છે તેથી હું તને તારા પિતાશ્રી કેવી રીતે બતાવું! એ સાંભળી પિપલાદને ક્રોધ ઉત્પન્ન થતાં તે બોલ્યો, મારા પિતાશ્રીને મારનારા દેવોને હું મારૂં બળ બતાવું છું, એમ કહી પોતે તપ કરવાને બેઠો. અરે, જેમ સિંહનું બાળક તે સિંહજ હોય છે, તે કંઇ હાથીથી ડરતું નથી, તેવી રીતે આ તપસ્વી ઋષિનો પુત્ર દેવોનો સંહાર કરવા માટે નિર્ભયપણે સર્વ નિયમો પાળી તપ કરવા બેઠો. કેટલોક કાળ જતાં એ પિપલાદ ઋષિએ પોતાના શરીરમાંથી વડવાનલ અગ્નિને ઉત્પન્ન કરીને તેને કહ્યું કે તમે દેવલોકમાં જઇને તમામ દેવોનો સંહાર કરો. ઋષિની આજ્ઞા સાંભળી વડવાનલ દેવલોકોનો સંહાર કરવાને જતાં તમામ દેવો શ્રીવિષ્ણુ ભગવાનને શરણે જઇ સાષ્ટાંગ નમસ્કાર કરીને બોલ્યા, હે દેવાધિદેવ જગન્નાથ, અમે આપશ્રીના ચરણકમળને શરણે આવ્યા છીએ. હે દયાળુ પરમેશ્વર આપ અમારૂં રક્ષણ કરો. હે ભગવાન, અમારો નાશ કરવાને દધિચિ ઋષિના પુત્ર પિપલાદે તપ કરી વડવાનલ

અગ્નિને ઉત્પન્ન કરવાથી તે અમને બાળે છે. શ્રી ભગવાન કહે કે હે દેવો, તમે નિર્ભય રહો, હું એનો બંદોબસ્ત કરૂં છું. એમ કહી ભગવાન એક વૃદ્ધ ઋષિનું સ્વરૂપ ધારણ કરી વડવાનલની સામે જઇ તેને પૂછતાં તે બોલ્યો કે હું પિપલાદ ઋષિની આજ્ઞાથી દેવોને બાળવાને જાઉંછું. તે સાંભળી ભગવાન બોલ્યા, હે ભાઇ તમે તો બહુ સમર્થ જણાઓ છો તેથી દેવોનો જરૂર નાશ કરશો; પરંતુ મારૂં એક નાનું સરખું કામ છે, તે કરશો તો હું આપનો મોટો ઉપકાર માનીશ.

વડવાનલ—હે ઋષિ, આપનું જે કામ હોય તે કહો, હું તે કર્યા પછી દેવોનો નાશ કરીશ.

શ્રી ભગવાન—હે વડવાનલ, હાલ થોડો વખત થયાં એક દધી નામનો મોટો દૈત્ય ઉત્પન્ન થવાથી તે મને બહુ ઉપાધિ કરે છે, તેથી મારાથી તપ થઇ શકતું નથી. હાલમાં એ દૈત્ય તમને ઉત્પન્ન થએલા જાણી સમુદ્રમાં જઇને બેઠો છે, માટે તેનો નાશ કરી તમે તમારા કાર્યની સિદ્ધિ કરો.

વડવાનલ—હે ઋષિ, તમે જો મને કોઈ રીતે ઉંચકી સમુદ્ર પર્યંત પહોંચાડશો તો હું આપનું કાર્ય જરૂર કરીશ.

એ સાંભળી શ્રી ભગવાને વિચાર કર્યો કે આ કામ સરસ્વતી સિવાય બીજાથી બનશે નહિ. તેથી સર્વ દેવોએ બ્રહ્મલોકમાં જઇ સરસ્વતી માતાની પ્રાર્થના કરી કે હે ભગવતી, સર્વના હૃદયનો પ્રકાશ કરવાવાળાં અને સર્વને સદ્બુદ્ધિ આપવાવાળાં આપશ્રીને વારંવાર નમસ્કાર કરી અમે માગણી કરીએ છીએ કે આપ અમને સન્મતિ આપો. હે ભારતિ, વિધિ, હરિ અને હરે આપની સ્તુતિ કરવાથી સર્વે આપને વાણીશ્વરી કરીને કહે છે. જેમનું ઉત્તમ શીલ, ઉત્તમ કાન્તિ અને દિવ્યગતિ છે તે માતાને નમસ્કાર કરી માગીએ છીએ કે આપ અમારૂં પરિપાલન કરો. હે વેદમાતા, અમારી વાણીમાંની જડતા, બુદ્ધિનું મંદપણું તથા અમારા તમામ દોષનો નાશ કરી ઉત્તમ વિદ્યા, ઉત્તમ મેધા, શુભમતિ અને ધૃતિ આપી અમારાં તમામ પાપોનો નાશ કરો. હે દેવી, આપ અમારી બુદ્ધિનો એવી રીતે પ્રકાશ કરો કે જેનાવડે અમે પરાત્પર એવા પરમાત્માનાં દર્શન કરવાને સમર્થ થઇએ. હે બ્રહ્મતનયા, આપ અમારી સામે કૃપાદૃષ્ટિએ જોશો તોજ અમારાથી આપનું

અને પરમાત્માનું સ્વરૂપ ઓળખાશે. હે વાગ્દેવતે, આપની પાસે અમે ભક્તિની સામગ્રી માગીએ છીએ તે જયારે આપ પ્રસન્ન થઇને આપશો ત્યારેજ અમારા આ ભવ રોગનો નાશ થશે. જેમનું વાહન મયુર છે, વર્ણ ગૌર છે, શ્વેત વસ્ત્રાભૂષણ અને ચાર હાથ છે. હાથમાં વીણા, પુસ્તક, સ્ફટિકની માળા અને કમળ જેમણે ધારણ કરેલાં છે, જે સદૈવ કુમારી અવસ્થા ભોગવે છે, જે બ્રહ્મદેવની કન્યા કહેવાય છે, જેમનું સ્મરણ કરતાં મુંગા વાચાળ થાય છે. જે સદૈવ બ્રહ્મની સન્નિધ રહેવાવાળાં હોવાથી પોતાના ભક્તોને બ્રહ્મપદ આપે છે, જેમને દેવદૈત્યાદિ સર્વ વંદન કરે છે, એવી જગતની માતા અને વાણીની દેવીને અમે વારંવાર નમન કરીએ છીએ.

એ પ્રાર્થના સાંભળી ભગવતી પ્રસન્ન થઇને દેવોને કહેવા લાગ્યાં, કે હે દેવો, આપનાપર એવી શી આપત્તિ આવી છે કે તમારે અહીં સુધી આવવાની જરૂર પડી. દેવો કહે છે, હે માતા, દધિચિ ઋષિના પુત્રની આજ્ઞાથી અમને વડવાનલ બાળવાને તૈયાર થવાથી તેમને શ્રી વિષ્ણુ ભગવાને બ્રાહ્મણનું રૂપ લઇ અટકાવ્યા છે. તે વડવાનલને આપે મૃત્યુલોકમાં આવી સમુદ્ર પર્યંત પહોંચાડવા જોઇએ. એટલા માટેજ અમે આપને શરણે આવ્યા છીએ.

એ સાંભળી સરસ્વતી માતાએ વિચાર કર્યો કે મને કામધેનુનો શાપ થયેલો હોવાથી જરૂર મૃત્યુલોકમાં જવું પડશે, અને તેથીજ દેવોના ઉપર આ આપત્તિ આવી છે. એવો નિશ્ચય થતાં સરસ્વતી માતા દેવોની સાથે મૃત્યુલોકમાં જયાં કુરૂક્ષેત્ર નામનું સ્થાન છે ત્યાં આવી વડવાનલને એક કુંભમાં બેસાડી તે કુંભને મસ્તકપર લેતાં તમામ દેવોએ પોતાનાં શાન્તિ સરસ્વતીને આપવા છતાં તે અગ્નિનું તેજ નહિ સહન થવાથી કુરૂક્ષેત્રમાંથી ગુપ્ત થઇ પાતાળ માર્ગે પ્રયાગમાં પ્રગટ થયાં, ત્યાંથી ગુપ્ત થઇ પુષ્કરમાં નીકળ્યાં, ત્યાંથી ગુપ્ત થઇ અર્બુદા પર્વત આગળ કોટેશ્વરથી નીકળી સિદ્ધપુર થઇ જયાં દધિચિ ઋષિનો આશ્રમ હતો ત્યાં પર્યંત પહોંચતાં વડવાનલનું તેજ નહિ સહન થવાથી પાતાળ માર્ગે પ્રભાસ નજીક પ્રાચિઆગળ પ્રગટ થઇ વડવાનલને સમુદ્રમાં પહોંચાડી પ્રાણી

માત્રના પાપના સમુહુનો નાશ કરવાને મૃત્યુલોકમાં એ પાંચ સ્થાનની અંદર જળરૂપે પૃથ્વી ઉપર રહ્યાં. એ વડવાનલ ત્યારથી આજસુધી સમુદ્રમાં તે દૈત્યને શોધવા છતાં હુજી તેનો પત્તો લાગતો નથી, અને તે દિવસથી સમુદ્રમાં વડવાનલ અગ્નિનો વાસ કહેવાય છે. ત્યારબાદ શ્રી ભગવાન સહિત સર્વ દેવલોકોએ મળી શ્રી પિપલાદ મુનિને વર આપી પ્રસન્ન કર્યા.

એવી રીતે સરસ્વતી નદી મહા સમર્થ છતાં તેની અંદર પાપીઓ સ્નાન કરવાથી પોતે કલુષિત થવાથી નર્મદા કિનારે તપ કરવાને આવ્યાં.

कालुष्यं ब्रह्मसंभूता संवत्सर समुद्भवम् ॥
प्रक्षालयितु मायाति दशम्या मश्विनस्य च ॥ ५ ॥

હે રાજા, બ્રહ્મદેવથી ઉત્પન્ન થયેલાં સરસ્વતી માતા દોષ યુક્ત થવાથી પોતાના પાપનું ક્ષાલન કરવાને અહિંઆં અશ્વિન શુકલ દશમીને દિવસે પધારી એક વર્ષ પર્યંત તપ કરી શ્રી મહાદેવજીનું ધ્યાન કરતાં સર્વે દોષોથી મુક્ત થયાં. ત્યારથી એ મહા નદી સરસ્વતી નર્મદામાં નિવાસ કરી પ્રાણી માત્રને પાવન કરવાને અહિંઆં રહ્યાં. જે કોઇ દશમીને દિવસે એ તીર્થમાં સ્નાન કરે છે, તેને એ સરસ્વતી માતા સર્વ પાપોથી મુક્ત કરી સ્વર્ગપદને આપે છે, એમાં પણ અશ્વિન માસની શુદ દશમી વિશેષે કરીને અનંતગણું વધારે ફળ આપવાવાળી છે. જે કોઇ દશમીને દિવસે એ તીર્થમાં જઇ ઉપવાસ કરી યથાવિધિ સ્નાન, દાનને શ્રાદ્ધ કરી શ્રી માહદેવજીની યથાવિધિ પૂજા કર્યા પછી શ્રી સરસ્વતી માતાની પૂજા નીચેનો મંત્ર બોલીને કરે છે તે અનંતગણું વધારે ફળ મેળવે છે.

नमो नमस्ते देवेशि ब्रह्मदेह समुद्भवे ॥
कुरु पाप क्षयं देवी संसारान्मां समुद्धर ॥ ६ ॥

ટીકા—હે બ્રહ્મદેવના દેહમાંથી ઉત્પન્ન થયેલાં સરસ્વતી માતા હું આપને વારંવાર નમસ્કાર કરી માગણી કરૂં છું કે હે દેવી, મારાં તમામ પાપોનો નાશ કરી મારો આ સંસારસમુદ્રમાંથી ઉદ્ધાર કરો. ત્યાર બાદ દશ પ્રદક્ષિણા કરી સુતર યા વસ્ત્ર વિંટવું, અને રાત્રે ઘીના દીવા સળગાવી જાગરણ કરી તીર્થ

કથા સાંભળવી. સવારે નર્મદામાં સ્નાનાદિ કરી, બ્રાહ્મણ દાંપત્ય જમાડવું. એવી રીતે શ્રદ્ધાથી કરનારને અનંત પુણ્યની પ્રાપ્તિ થાય છે.

॥ ઇતિશ્રી દશાશ્વમેધ અને સરસ્વતી તીર્થ મહાત્મ્ય ॥ ૮ ॥

—*—

તીર્થ નવમું.

श्री मार्कंडेय उवाच—

अतः परंप्रवक्ष्यामि भृगुतीर्थस्य विस्तरम् ॥
यं श्रुत्वा ब्रह्महागोघ्नो मुच्यते सर्व पातकैः ॥ १ ॥
तत्र तीर्थे तु विख्यातं वृषखातामिति श्रुतम् ॥
भृगुणा तत्रराजेंद्र तपस्तप्तं पुराकिल ॥ २ ॥

ટીકા—શ્રી માર્કંડેય મુનિ કહે છે કે હે રાજા, હવે તમે ભૃગુ તીર્થના સવિસ્તર મહાત્મ્યને સાંભળો એનું શ્રદ્ધાથી શ્રવણ કરતાં બ્રહ્મહત્યા, ગોહત્યાદિ તમામ પાપોનો નાશ થાય છે. એ સ્થાનમાં વૃષખાત નામનો વિખ્યાત ડોહ છે. એ જગ્યાએ બ્રહ્મદેવના છઠ્ઠા માનસિક પુત્રે અહાર નિદ્રાને છોડી દેવનાં એક હજાર વર્ષ તપ કરી શરીરને સુકવી નાંખી તેને કાષ્ટપાષાણવત્‌ને ભાનરહિત સ્થિતિએ કરી શ્રી પરમેશ્વરનું ધ્યાન કરતાં તેમના ઉપર ઉધાઇનો મોટો રાફડો થઇ ગયેલો જોઇ શ્રી પાર્વતી માતા શ્રી મહાદેવજીને કહેવા લાગ્યાં કે હે ભગવાન, હું કહું છું કે આપશ્રી આ મહામુનિને વર આપીને પ્રસન્ન કરો. એવી રીતનો પાર્વતી માતાની હઠ જોઇ શ્રી મહાદેવજી બોલ્યાઃ—

स्त्री विनश्यति गर्वेण तप क्रोधेन नश्यति ॥
गावो दूर प्रचारेण शूद्रान्नेन द्विजोत्तमः ॥ ३ ॥

ટીકા—સ્ત્રી જાતિમાં અભિમાન આવતાં તે પોતાનો નાશ કરવાવાળી થાય છે. કરેલું તપ ક્રોધ કરવાથી નાશ પામે છે. કામ્યનિષિદ્ધ દાનમાં આપેલી ગાય અને તે લેનાર, અને શૂદ્રનું અન્ન ખાનાર બ્રાહ્મણ બ્રાહ્મણપણાથી નષ્ટ થાય છે. હે દેવી, એ ઋષિની અંદર ક્રોધ હોવાથી હું એને પ્રસન્ન થતો નથી, એમ કહી મહાદેવજીએ નંદીગણને કહ્યું તું આ ઋષિને સમાધિમાંથી

જાગ્રત કરી એને ક્રોધ આવે એવી રીતે કર. એ સાંભળી એ નંદીગણે શ્રી ભૃગુમહારાજની સમાધિનો ભંગ કરી તેમને શીંગડામાં ભેરવી નર્મદામાં ફેંકી દીધા. તે જોઇ ભૃગુમહારાજ બોલ્યા, અરે, આ દુષ્ટ નંદીએ મને વિના કારણનો ઉપદ્રવ્ય કર્યો છે માટે એને સજા કરવી જોઇએ. એમ કહી હાથમાં દંડો લઇ ઋષિ દોડતાં તે નંદી ઋષિની તપ કરવાની જગ્યાને પગની ખરી અને શીંગડાવતી ખોદી મોટો ખાડો પાડી ત્યાંથી સમુદ્ર તરફ નાશી ગયો. ત્યાં એ ઋષિ જતાં એ નંદી ત્યાંથી જંબુ, કુશ, ક્રૌંચ, શાલ્મલિ, શાકમેક, ગોમેદ અને પુષ્કારાદિ સપ્ત દ્વિપમાં નાશતાં એ મુનિ ત્યાંપણ એમને મારવાને દોડયા. તે જોઇ નંદી સપ્ત પાતાળમાં થઇ સપ્ત ઉર્દ્વ લોકમાં જતાં ત્યાંપણ એ મુનિ મારવાને ગયા, તે જોઇ છેવટે એ નંદી જ્યાં શ્રી મહાદેવજી પાર્વતિ માતા સહિત ભૃગુમહારાજના આશ્રમ પર નર્મદા કિનારે ઉભા હતા ત્યાં પાછા આવી બોલ્યા, હે ભગવાન, આ ઋષિના બ્રહ્મદંડથી મારૂં રક્ષણ કરો. તે સાંભળી મહાદેવજી પાર્વતિને કહે છે કે હે પ્રિયે, તું તો એને વર આપવાનું કહેતી હતી, પરંતુ એનો ક્રોધ કેવો છે, તે તમે જોયો. તે સાંભળી પાર્વતિ માતા બોલ્યાં.

> शान्तः पुमानिति न पिडन मस्य कार्ये
> शान्तोपि पिडनवशात् क्रोधमुद्‌वहेसः ॥
> शितः सुखोपिमथितः कीलचंदनद्रु
> तीव्राहुताशन जनको भवती क्षणेन ॥ ४ ॥

હે ભગવાન, શાસ્ત્રે કહ્યું છે કે શાંત પુરૂષને કોઇ દિવસ કોઇએ પણ પીડા કરવી નહિં. વિના કારણ શાંત પુરૂષને પીડા કરતાં તેની અંદર એકદમ ક્રોધ ઉત્પન્ન થાય છે. જેમ ચંદનનું કાષ્ટ અતિ શિતલપણું આપવા વાળું છતાં તેને ઉલટીરીતે બીજા કાષ્ટની સાથે ઘસતાં તેની અંદરથી એકદમ અગ્નિ પ્રગટ થાય છે. તેમ શાંત તપસ્વીને વિના કારણ ઉપાધિ આપવાથી તેની અંદર ક્રોધ ઉત્પન્ન થાય એમાં આશ્ચર્ય શાનું. આપશ્રીએ આ મુનિને વિના કારણ ઉપદ્રવ અપાવવાથી એમને ક્રોધ આવ્યો છે, એમાં હું એમનો દોષ માનતી નથી. શ્રી મહાદેવજી કહે હે

પ્રિયા "**साधुस्य क्षणिक कोपः**" સાધુ પુરૂષને કોપ આવે છે ખરો, પણ તે તેની અંદર ક્ષણવાર રહી નીકળી જાય છે, સાધારણ મનુષ્યના મનમાં એક દિવસ કોપ રહે છે, અને જે મનુષ્યો પશુ સમાન છે તેની અંદર એ કોપ સદૈવ વાસ કરીને રહે છે. તેમ છતાં હે દેવી, તમારો આગ્રહ છે તો હું એને વર આપું છું એમ કહી પોતે શ્રી ભૃગુમહારાજને દર્શન આપ્યાં. શ્રી ભૃગુમહારાજે એ ભગવાનને આખા શરીરે ભસ્મ લેપન કરેલા, જેમના મસ્તકપર જટાજુટ શોભી રહ્યો છે, હાથમાં ત્રિશૂળ, કપાળે અર્ધ ચંદ્રમા અને જેમના અર્ધા શરીરમાં પાર્વતી માતા શોભી રહ્યાં છે, એવા શ્રી મહાદેવજીના સ્વરૂપને જોઇ સાષ્ટાંગ નમસ્કાર કરી પ્રાર્થના કરી કે, હે ભૂતનાથ, હે બ્રહ્માંડને ઉત્પન્ન કરનારા, અને ભકતોના સર્વ ભયોના નાશક, અને સર્વ સિદ્ધિઓને આપવાવાળા પરમેશ્વરને હું નમસ્કાર કરી માગણી કરૂં છું કે હે ભગવાન, મારા ભવરૂપી ભયનો આપ નાશ કરો. હે બ્રહ્માંડના નાયક, આપશ્રીના ગુણનું વર્ણન કરવાને સહસ્રમુખી સરસ્વતી અને શેષ નાગ સુદ્ધાં સમર્થ નથી ત્યારે મારાથી આપના ગુણનું કેવી રીતે વર્ણન થાય. જેમનું નામ શ્રી શંકર, જેમણે ચંદ્રને કપાળે ધારણ કરેલો, જેમનું ગૌરવર્ણ એવા ભક્તાભિમાની મહેશ્વરને હું નમસ્કાર કરી માગણી કરૂં છું કે મારાપર પ્રસન્ન થઇ આપશ્રીના ચરણકમળની મને ભક્તિ આપો. જે ભગવાન સત્વ, રજ અને તમો ગુણવડે આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે, તે ભૂવનપતિને નમસ્કાર કરી હું માગણી કરૂં છું કે આ શરણે આવેલા દાસને શરણમાં રાખી તેની ભવભીતિનો નાશ કરો. હે ભગવાન, આપની ભકિત સામે યમ, નિયમ, યજ્ઞ, દાન, વેદાભ્યાસ, યોગ, ધારણાદિ હજારમા અંશની બરાબરી કરી શકતાં નથી, એવા આ ભગવાનનાં દર્શન થતાં આજ મારા આ જન્મનું સાર્થક થયું. હે ભક્તવત્સલ, સર્વ દુર્ગુણોથી ભરેલા શઠ પણ જો આપશ્રીના આ ચરણકમળને નમ્રતાથી વંદન કરેતો તેમને આપશ્રી તેમની માગણી પ્રમાણે આપો છો. જે ભગવાને મોક્ષમાર્ગની સિદ્ધિ માટે ભક્તિ સર્વ કરતાં શ્રેષ્ટ ગણી છે, તે પ્રભુની પાસે હું માગણી કરી કહું છું કે હે દેવ, મારા ભવપાશનું છેદન કરો. હે ભકતોના પાપ તાપને શમન કરવાવાળા, આ મારી બુદ્ધિ પરધન અને પરસ્રીઆદિની ઇચ્છા કરી સદૈવ દુઃખ શોકમાં

તપી રહી છે તે દોષોનો આપશ્રી નાશ કરો. હે ભગવાન, આ ક્ષણભંગુર જગતના વિલાસ માટે જે અહંભાવ મારી અંદર વાસ કરી કૂરપણે મને કુમાર્ગે દોરે છે તે તૃષ્ણાનો આપશ્રી નાશ કરી મને મદમોહના પાશથી મુકત કરો; અને મને શોભાવે એવો ઉત્તમ પ્રકારે લક્ષ્મી આપો, એમ કહી ભૃગુમહારાજે સાષ્ટાંગ નમસ્કાર કર્યા. એ પ્રાર્થના સાંભળી શ્રી મહાદેવજી પ્રસન્ન થઇ બોલ્યા હે મુનિ, તમારી ઇચ્છામાં આવે તે વર માગી લો.

શ્રી ભૃગુ—હે ભગવાન આપશ્રી મારાપર પ્રસન્ન થયા હોતો આપશ્રી આ ક્ષેત્રમાં પાર્વતી માતા સાથે નિવાસ કરો, અને મારા નામથી આ સિદ્ધક્ષેત્રને જગતમાં પ્રગટ કરી, જે કોઇ અહીં આવી આપશ્રીની ભકિત કરે તેમના મનોરથ જલદી પૂર્ણ કરો.

શ્રી મહાદેવજી—હે મુની, તમારી માગણી પ્રમાણે થશે. હવે તમે પારણાં કરી લક્ષ્મી સહિત આ સ્થાનમાં રહો, કહી ભગવાન ગુપ્ત થયા.

શ્રી લક્ષ્મી—હે મુને, આ સ્થાનમાં મારૂં અને તમારૂં નામ જોડી નગર સ્થાપન કરવાનો મારો વિચાર છે.

શ્રી ભૃગુ—હે દેવી, મારો વિચાર એવો છે કે આ સ્થાન શ્રી કચ્છપ ભગવાનની આજ્ઞાથી સમંત્ર સ્થાપન કરવું કે એનો મહા પ્રલય સુદ્ધાંમાં પણ નાશ થાય નહિ, એ વાત શ્રી લક્ષ્મીજીને પસંદ પડવાથી શ્રી ભૃગુમુનિ સહિત બંને શ્રી કચ્છપ ભગવાનની પાસે જઇ નમસ્કાર કરી બોલ્યાં, હે ભગવાન, આપે આ પૃથ્વી આદિ ચરાચર ચૌદ લોકને ધારણ કરેલા હોવાથી આપની પાસે અમે માગણી કરીએ છીએ કે અમારો વિચાર નર્મદા કિનારે શ્રી મહાદેવજીની આજ્ઞાથી ક્ષેત્ર સ્થાપન કરવાનો થયો છે, તે ક્ષેત્ર આપની કૃપાથી ધર્માર્થ કામ અને મોક્ષને આપવાવાળું અને મહા પ્રલયમાં નાશ ન થાય એવું થવું જોઇએ શ્રી કૂર્મ ભગવાન કહે છે હે મુનિ; તમે તમારી સાથે મારૂં નામ જોડીને એ ક્ષેત્ર સ્થાપન કરો, એટલે તમારા સંકલ્પ પ્રમાણે મારાપર એ સ્થાન સ્થિર રહેશે. એ સાંભળી શ્રી લક્ષ્મીજી સહિત શ્રી ભૃગુમહારાજે નર્મદા કિનારે આવી નંદન નામના સંવત્સરે ઉત્તરાયણે, કુંભ સંક્રાંતિ માઘ શુકલ પંચમીને દિવસે, કુંભના ચંદ્રે, સૂર્યઉદયે, અભિજીત મુહુર્તમાં નર્મદાને ઉત્તર તીરે, નર્મદાના ગંભીર પ્રવાહની સમીપ,

અભિવારૂણી પર્વમાં મંગળઘોષે શ્રી વિશ્વકર્મા ઋષિની પાસે એક કોશ સમપ્રમાણનું સ્થાન નિર્માણ કરાવી તેનું નામ શ્રી ભૃગુકચ્છ આપ્યું. ત્યારબાદ લક્ષ્મીજીને દેવલોકમાં જવાનો વિચાર થવાથી મુનિને કહ્યું આ સ્થાનનું તમે રક્ષણ કરો, એમ કહી પોતે ઋષિઓ સાથે દેવલોકમાં ગયાં. ત્યાં પોતાનું કાર્ય કરી લક્ષ્મીજીએ આવી ઋષિ પાસે પોતાનું સ્થાન માગતાં ઋષિ બોલ્યા, હે દેવી, તમે તમારૂં સ્થાન બ્રાહ્મણને દાન કરી ગયા છતાં પાછાં કેમ માગો છો? એ સાંભળી લક્ષ્મીજીને ક્રોધ આવતાં તેઓ શાપ આપી દેવલોકમાં ચાલ્યાં ગયાં, તેથી શ્રી ભૃગુમહારાજ પુનઃ તપ કરી શ્રી મહાદેવજીને પ્રસન્ન કરી બોલ્યા, હે ભગવાન, લક્ષ્મીજીએ શાપ આપવાથી આ મારૂં સ્થાન ભ્રષ્ટ થયું છે, તેથી અહીંઆં કોઇ સુપાત્ર રહેતું નથી, માટે આપે કૃપા કરી આ ક્ષેત્રને પૂર્વવત્ કરવું જોઇએ.

શ્રી મહાદેવજી—હે ઋષિ, મારા પ્રસાદે આ તમારૂં ક્ષેત્ર આજથી પૂર્વ કરતાં અધિક ફળ આપવાવાળું થશે, અને અહીંઆં જે બ્રાહ્મણ નર્મદામાં સ્નાન અને મહાદેવની પૂજા કરી પવિત્રપણે રહી શ્રદ્ધાભક્તિથી વિદ્યાભ્યાસ કરશે, તેને વેદશાસ્ત્રો તરત આવડશે. ગમે તેવી ઠોઠ બુદ્ધિનો હશે, તોપણ એ નિયમપાળી શ્રી ગુરૂની સેવા કરતાં તે મોટો પંડિત બની જશે. આ ક્ષેત્ર આજથી સર્વ પાપોનો નાશ કરનારૂં થવાથી દેવો સુદ્ધાં તમામ આ ક્ષેત્રની સેવા કરશે. આજથી આ ક્ષેત્ર પૃથ્વીનાં તમામ ક્ષેત્રો કરતાં કોટીગણું વધારે ફળ આપવાવાળું થશે. મારા નંદીગણે ચરણ અને શીંગડાંવતી ખોદેલો ડોહ જેનું નામ વૃષખાત છે, તેમાં જે કોઇ સ્નાન કરી મારી પૂજા કરશે તે સર્વમેધ યજ્ઞનું ફળ મેળવશે. જે કોઇ પર્વણીએ અહીંઆં સ્નાન, દાન અને પંચામૃતે મારી પૂજા કરશે તેનાં તમામ પાપોનો નાશ થશે. આજથી હું મારી શક્તિ જે સર્વ દુઃખનો નાશ કરવાવાળી સૌભાગ્યસુંદરી નામે છે, તેના સહિત આ તમારી સન્નિધ રહું છું. હે ઋષિ, તમને શાપ આપીને ગયેલાં લક્ષ્મી તમારી કન્યા થશે અને તેમનાં લગ્ન વિષ્ણુ ભગવાનની સાથે અહીંઆં થશે. જે કોઇ સ્ત્રી આ સૌભાગ્યસુંદરીનાં નિત્ય શ્રદ્ધાભક્તિથી દર્શન કરશે તેને પતિ વિયોગ, દુર્ભાગ્ય અને કોઇપણ દુઃખ રહેશે નહિ. એમ કહી દેવ ગુપ્ત થયા.

એવી રીતનો ક્ષેત્રને વર મળેલો સાંભળી તમામ દેવ તથા બ્રાહ્મણોએ આવી શ્રી ભૃગુકચ્છ ક્ષેત્રમાં નિવાસ કર્યો. એવી રીતે દેવીની મૂળ પીઠ આ શ્રી ભૃગુકચ્છ ક્ષેત્રમાં સ્થાપન થઇ. જે કોઇ આ શ્રી ભૃગુકચ્છ ક્ષેત્રનો જન્મઉત્સવ માઘ શુકલપંચમીને દિવસે જેવા હર્ષથી કરશે, તેમને શ્રી લક્ષ્મીજી, ભૃગુ મહારાજ, શ્રી કૂર્મ ભગવાન અને મહાદેવજી એક વર્ષ પર્યંત તેવી રીતના આનંદમાં રાખશે. માટે જરૂર એ ઉત્સવ દરેકે કરવો. હવે અહીંઆં શ્રી ભૃગુમુનિએ સ્થાપન કરેલા કેદારેશ્વરના મહાત્મ્યને આગળ સાંભળો.

॥ ઇતિ શ્રી ભૃગુકચ્છ ઉત્પત્તિ મહાત્મ્ય ॥ ૯ ॥

—*—

તીર્થ દશમુ.

श्री मार्कंडेय उवाच—

यथमत्र सुरश्रेष्ठ केदाराख्यः स्थितः स्वयम् ॥
उत्तरे नर्मदा कूले एतद्विस्तरतो वद ॥ ५ ॥

ટીકા—યુધિષ્ટિર રાજા શ્રી માર્કંડ મહા મુનિને પૂછે છે. હે ભગવાન, એ કેદારેશ્વર મહાદેવનો નિવાસ હિમાલયમાં છતાં તે સ્વયં ભગવાને અહીંઆં નર્મદાના ઉત્તર તીરે આવી કેવી રીતે સ્થિતિ કરી તે મને કૃપા કરીને કહો.

શ્રી માર્કંડ—હે રાજા, શ્રી ભૃગુકચ્છ ક્ષેત્રને લક્ષ્મીજીનો શાપ થવાથી શ્રી ભૃગુમુનિએ એક હજાર વર્ષ વાયુ ભક્ષણ કરી તપ કરવાથી પ્રત્યક્ષ શ્રી મહાદેવજી સપ્ત પાતાળને ભેદી લિંગરૂપે ઉત્પન્ન થયા. તે જોઇ મુનિએ સાષ્ટાંગ નમસ્કાર કરી સ્તુતિ કરી, તેથી પ્રસન્ન થઈ દેવ બોલ્યા. હે મુનિ, તમારી શું ઇચ્છા છે ?

શ્રી ભૃગુ—હે ભગવાન, આ મારા પંચ કોશના ક્ષેત્રને પાવન કરો.

શ્રી મહાદેવજી—હે ઋષિ, આ મારૂં કેદાર નામનું બ્રહ્મલિંગ પ્રથમ ઉત્પન્ન થયું છે, એની અંદર ચાર વેદ અને બીજાં મારાં દશ રુદ્રસ્વરૂપ નિવાસ કરીને રહેશે, અને હું એકાદશ રુદ્રરૂપે અદૃશ્ય આ ક્ષેત્રનું રક્ષણ કરવાને રહીશ. મારી સાથે બાર આ-દિત્ય આ ક્ષેત્રમાં મૂર્ત્તિરૂપે રહી ભકતોના રોગ અને દુઃખનો

નાશ કરશે, તથા અઢાર દુર્ગાદેવી, સોળ ક્ષેત્રપાળ, અને વીરભદ્રાદિ મારા ગણો સદૈવ આ તમારા ક્ષેત્રને પવિત્ર કરવાને રહેશે. જે કોઇ એક માસ પર્યંત જીતેંદ્રિય રહી અહીં માઘસ્નાન કરી આ મારા કેદારેશ્વરની યથાવિધિ પૂજા કરી એ વ્રતનું ઉદ્યાપન કરશે તેને હું શીવલોક આપીશ. એમ કહી એ ભગવાન એ બાણુની અંદર ગુપ્ત થયા.

એવી રીતે એ કેદારેશ્વર જ્યોતિર્લિંગ શ્રી ભૃગુક્ષેત્રમાં સ્થપાયું, ત્યારબાદ શ્રી ભૃગુ મહારાજ પોતાની મૂર્ત્તિ એ જગ્યાએ સ્થાપન કરી બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા.

॥ ઇતિશ્રી ભૃગુકચ્છે કેદારેશ્વર ઉત્પત્તિ મહાત્મ્ય ॥ ૧૦ ॥

---*---

તીર્થ ૧૧ મું.

श्री मार्कंडेय उवाच—

धोत पापं ततो गच्छेद्भृगुतीर्थं समीपतः ॥

वृषेण तु भृगुस्तत्र भूयो भूयो धुतस्ततः ॥ १ ॥

ટીકા—માર્કંડ મહારાજ કહે છે, હે રાજા, એ કેદારેશ્વર મહાદેવની નજીક ધોતપાપ નામનું મહા મોટું પુણ્ય આપવાવાળું આ જગતમાં પ્રખ્યાત તીર્થ છે. એ જગ્યાએ શ્રી મહાદેવજી વારંવાર આવી પોતાનાથી થએલા દોષોને ધોઇ પવિત્ર થયા છે. એ સ્થાનમાં સ્વયં મહાદેવજી રહેલા હોવાથી ભકતોના મનોરથ જલદી પૂર્ણ કરે છે. એ જગ્યાએ વિધિપૂર્વક નર્મદામાં સ્નાન માત્ર કરી શ્રી ભગવાનની પૂજા કરી દેવ પિતૃ કાર્ય કરતાં સર્વ પાપોથી મુકત થવાય છે. એ તીર્થને જોઇ શ્રી ભૃગુકચ્છમાં બ્રહ્મહત્યા, ગોહત્યાથી પ્રવેશ થઇ શકતો નથી, અને કદાચ જો તે પ્રવેશ કરવાને જાય તો તરત તેનો નાશ થઇ જાય છે. હે રાજા, એ તીર્થની ઉત્પત્તિને સાંભળો.

પૂર્વે આદિ કલ્પમાં શ્રી મહાદેવજી બ્રહ્મલોકમાં જતાં ત્યાં બ્રહ્મદેવનું પાંચમું અશ્વના મુખના આકારનુ મુખ મહા ભયને ઉત્પન્ન કરે તેવા ઉચ્ચાર કરતું જોઇ શ્રી મહાદેવજીએ પોતાના અંગુઠા અને આંગળીઓવડે તે મુખને ચુંટી લેવાથી તે બ્રહ્મહત્યા

શ્રી મહાદેવજીની પાછળ પડી. તે બ્રહ્મહત્યાને છોડવવાને અનેક તીર્થોમાં ગયા છતાં તે નહિ જવાથી છેવટે શ્રી ભૃગુક્ષેત્રમાં આવતાં તે બ્રહ્મહત્યા ક્ષેત્રનો પ્રભાવ જાણી શ્રી મહાદેવજીને છોડી બહાર ઉભી રહી. તે જોઇ શ્રી મહાદેવજી પ્રસન્ન થઇ નર્મદામાં સ્નાન કરી પોતે શ્રી ધોતેશ્વરી દેવીની સ્થાપના કરી બોલ્યા, આ તીર્થમાં આવી જે કોઇ શ્રદ્ધા ભકિતથી આ દેવીનાં દર્શન કરશે તેનાં બ્રહ્મહત્યાદિ તમામ મહા પાતકોનો નાશ થશે. એ બ્રહ્મહત્યા જેનું સ્વરૂપ મહા ભયંકર, જેની મોટી મોટી દાઢો, ચક્ષુ ભયંકર, જીંહ્વા મુખની બહાર સિંહના પ્રમાણે લબડતી, જેના આખા શરીરે ભયંકર વાળ, કોલસા કરતાં પણ વધારે કાળું સ્વરૂપ છે, અને જેણે લાલ વસ્ત્રો તથા લાલ પુષ્પોની માળા ધારણ કરેલી છે એવા ભયંકર સ્વરૂપને દૂરથી જોઇ શ્રી પાર્વતિ માતા ગભરાઇને શ્રી ભગવાનને પૂછવા લાગ્યાં કે હે મહારાજ, આ ભયંકર શું દેખાય છે ?

શ્રી મહાદેવજી—હે દેવી, એ બ્રહ્મહત્યા આ મારા સ્કંધદેશના ઉપર બેઠેલી હતી. તે આ તીર્થના પ્રભાવથી ત્યાં ઉભી રહી પાછી મારાપર બેસવાને ઇચ્છા કરે છે, તેથી હું આ સ્થાનને છોડવાને ઇચ્છતો નથી. એમ કહી શ્રી મહાદેવજીએ એ સ્થાનમાં નિવાસ કર્યો. તે દિવસથી એ સ્થાન ધૌતપાપેશ્વર તીર્થના નામથી જગતમાં પ્રખ્યાત થયું. ત્યારથી તમામ દેવો નિત્ય એ તીર્થમાં આવી એ દેવ દેવીની પૂજા કરી જાય છે.

सोन्वर्थाख्यान मूयाऽत्रि पुत्रोजज्ञेज ईश्वरः ॥
अचिन्त्याव्यक्त रूपोपि दत्तोचर्यः स्मृतितोपणा ॥ २ ॥
यस्यास्ति माहुरे निद्रा निवासः सह्यपर्वते ॥
भागीरथ्यां सदा स्नानं ध्यानं गंधर्व पत्तने ॥ ३ ॥
कुरुक्षेत्रे चाचमनं धौतपापेश्वरं तथा ॥
विभूति धारणं संध्या करहाटे श्रियः पुरे ॥ ४ ॥

ટીકા—હે રાજા, જે ભગવાન પોતે અનસૂયા અત્રિ મહારાજના પુત્રથી આ જગતમાં ઓળખાય છે, પોતે અવ્યક્ત અને અચિન્ત્યરૂપે છતાં દત્ત નામથી જગતમાં પ્રખ્યાત છે. જે ઇશ્વર પોતે સ્મર્તૃગામી હોવાથી સ્મરણમાત્રને પૂજા માની ભકતો ઉપર

પ્રસન્ન થાય છે. જે માહોરગઢમાં નિદ્રા કરે છે, જેમનું નિવાસ સ્થાન સહ્યપર્વત છે, જે નિત્ય ભાગીરથી ગંગામાં સ્નાન, અને ગાણુગાપુરમાં ધ્યાન કરે છે, જે ભગવાન કુરૂક્ષેત્રમાં આચમન કરી નર્મદા કિનારે ધૌતપાપેશ્વરમાં આવી ભસ્મ ધારણુ કરે છે, જે કોલ્હાપુરમાં જઇ સંધ્યા, સિદ્ધપુરમાં જઈ ભિક્ષા અને પંઢરપુરમાં જઇ સુગંધી પદાર્થો ધારણુ કરે છે, જે ગોદાવરી કિનારે પાંચાળેશ્વરમાં જઇ નાના પ્રકારના ભોગો ભોગવે છે, અને સાયંસંધ્યા પશ્ચિમ સમુદ્રમાં જઇને કરે છે એવી જેમની દિનચર્યા છે. જેમને છ હાથ અને ત્રણુ મસ્તક છે એવા શ્રી દત્તાત્રેય ભગવાન ભૃગુક્ષેત્રમાં, શ્રી ભાગીરથી ગંગા, શ્રી સરસ્વતિ અને સર્વને માન્ય એવી શ્રી નર્મદા એ ત્રણુનો સંગમ હોવાથી અહીંઆં ધૌતપાપેશ્વરમાં નિત્ય આવી પોતાના ગુરૂશ્રી મહાદેવજીનાં દર્શન કરી જાય છે. હે રાજા, હવે તમે શ્રી દત્તાત્રેય ભગવાનની ઉત્પત્તિને સાંભળો. જેનું શ્રવણુ પાપ, તાપ અને દૈન્યંનો નાશ કરી સર્વ સુખોને આપે છે.

હે રાજા, પુરા કલ્પે આ અખિલ વિશ્વ નારાયણુના સ્વરૂપમાં લીન થયા પછી તે ભગવાનો અંદર સર્વ પ્રાણીઓની પૂર્વ વાસનાનો ઉદ્‌ભવ થતાં એ પ્રભુ જળરૂપે થતાં તેમાં એક ઈંડું ઉત્પન્ન થયું. તેને સર્વ હિરણ્યગર્ભ કરીને કહે છે. તે ઈંડું પુટતાં તેની અંદરથી પૂર્વ વાસના પ્રમાણે આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું. વિધાતાએ એ તમામની પૂર્વવત્‌ વ્યવસ્થા કરી દિક્કાલાદિ ઉત્પન્ન કર્યાં. એ વિષ્ણુ ભગવાનની નાભી કમળમાંથી બ્રહ્મદેવે ઉત્પન્ન થઇ સંકલ્પ માત્રે ચૌદલોક, ચાર ખાણુ, અને લક્ષ ચોર્યાશો યોનિ નિર્માણુ કરી સૃષ્ટિની વૃદ્ધિ માટે સાત માનસ પુત્ર મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ ઉત્પન્ન કર્યા. ત્યાર પછી બીજા પ્રજાપતિઓ અને ક્ષત્રિમાં મનુ મહારાજ તથા શતરૂપાને ઉત્પન્ન કરી શતરૂપાને મનુ મહારાજને આપ્યાં. એ શતરૂપાને એક દેવહુતિ નામનાં કન્યા થયાં. તેમનું લગ્ન કર્દમ પ્રજાપતિ જોડે કરતાં તેનાથી જે કન્યા થઇ તેમાંથી અનસૂયા જેમનાં વેદે વખાણુ કર્યાં છે, એવાં જગદંબા તે બ્રહ્મદેવના નેત્રમાંથી પ્રગટ થયેલા એવા અત્રિઋષિનાં ધર્મપત્ની થયાં. એમના સ્વરૂપનું શી રીતે વર્ણન થઇ શકે ? જેમના પુત્ર નક્ષત્રનાથ ચંદ્રમા

થયા. એ અનસૂયા માતાએ પતિની સેવા એવી રીતે કરી કે તે સેવા રૂપી તપના પ્રભાવથી તે મહા મોટાં તપસ્વીની કહેવાયાં. જેમના તપને જોઇ ઇંદ્રાદિ દેવો સુદ્ધાં ભય પામવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે વખતે મારૂં ઇંદ્રાસન તો નહિ લઇ લે; એવી રીતનો સર્વ દેવોના મનમાં ભય ઉત્પન્ન થતાં તમામ દેવો બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવજીને શરણે આવી બોલ્યા. હે દેવાધિદેવો, અમને અત્રિ મહારાજનાં પત્નીનો બહુ ભય લાગે છે. એ પતિવ્રતા મન, વાણી અને કાયાથી પતિની બહુ સેવા કરે છે, અને જેમના દ્વારથી ભિક્ષા માટે આવેલા અતિથિ વિમુખ જતા નથી. જેમના તપના ભયથી સૂર્ય મંદમંદ તપી રહ્યા છે, વાયુ મંદમંદ વાય છે, એ પતિવ્રતાનાં જ્યાં ચરણ પડે ત્યાં પૃથ્વી રૂના જેવી મૃદુ થઇ જાય છે, એવી રીતે તમામ દેવો એ પતિવ્રતાના શાપના ભયથી ચાલે છે. હે ભગવાન, એ પતિવ્રતા અમને અમારાં પદોથી ભ્રષ્ટ ન કરે એવો કંઇક રસ્તો કાઢો. એ સાંભળી બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવજી ક્રોધ કરી બોલ્યા. હે દેવો, તમે તમારા સ્થાનમાં જાઓ, હવે અમે જોઇએ છીએ કે એ પતિવ્રતા અમને શું કરે છે, એમ કહી ત્રણે દેવો પોતપોતાના સ્થાનમાં આવ્યા. તે પહેલાં નારદજીએ આવી એ ત્રણે દેવોની શકિત આગળ ઇંદ્રાદિ દેવો અનસૂયા માતા માટે જે કાંઇ બોલ્યા હતા તે સર્વ હકીકત કહી નારદજી બોલ્યા. હે માતાઓ, આ તો સ્પષ્ટ રીતે સમજાય છે કે તમારા કરતાં પણ અનસૂયા માતામાં તપ શકિતનું બળ વધારે દેખાય છે; એટલુંજ નહિ પણ આ જગતમાં સર્વે તેમને જગદંબા કહીને બોલાવે છે, તેથી મને વિચાર પડયો કે આ જગતમાં આપનાં નામ જગદંબા સત્ય છે કે અનસૂયાનું, એનો નિર્ણય થવો જોઇએ. એ કારણથી હું આપની પાસે આવ્યો છું, એમ કહી નારદજી ચાલ્યા ગયા. નારદજીનાં એવી રીતનાં વચન સાંભળી ત્રણે શકિતઓ વિચારમાં પડયાં કે નારદજીની વાત સત્ય છે, માટે એનો નિર્ણય આપણે કરવો જોઇએ.

ઉપરની વાત ત્રણે શકિતઓએ પોતપોતાના પતિને કહી. તે સાંભળી ત્રણે દેવો બોલ્યા, અમે પણ જોઇએ છીએ કે મૃત્યુલોકની પતિવ્રતામાં કેટલું બળ છે. એમ કહી ત્રણે દેવો બ્રાહ્મણનાં સ્વરૂપ ધારણ કરી અતિથિના વેશે અનસૂયા માતાના આશ્રમ-

માં આવ્યા. એ પ્રસંગમાં અત્રિ મહારાજ નર્મદાપર પોતાનું નિત્યકર્મ કરવાને ગયા હતા. એ ત્રણે દેવો અનસૂયા માતાને જોઈ બોલ્યા હે માતા, અમે ઘણા દિવસના ભૂખ્યા છીએ, તેથી અમને જલદી ભોજન કરાવો, અથવા ના કહો તો અમે બીજી જગાએ જઇએ. અમે સાંભળ્યું છે કે આપના આશ્રમપર આવેલા અતિથિઓ તૃપ્ત થઇને જાય છે, અને તે કીર્તિ સાંભળીનેજ અમે આવ્યા છીએ. હે માતા, આજ અમને આપને ત્યાં ઇચ્છાભોજન મળશે એવો પૂર્ણ ભરોસો છે. એવી રીતની અતિ કડકડિત ભૂખ લાગેલી સાંભળી અનસૂયા માતાનું હૃદય કળકળી ઉઠયું, તેથી એ પતિવ્રતા બોલ્યાં. હે મહારાજો ! પધારો, રસોઇ તૈયાર છે. હું આપને જરૂર ઇચ્છાભોજન આપીશ. એમ કહી ત્રણે અભ્યાગતોની અર્ધ્ય, પાદ્ય પૂજા કરી કહેવા લાગ્યાં. હે મહારાજો, આપનું આહ્નિક બાકી હોય તે જલદી પૂર્ણ કરો, એટલે હું આપને પીરસું, એટલામાં મારા પ્રાણનાથ પણ આવી પહોંચશે.

ત્રણે દેવો કહે છે, હે માતા, અમે આહ્નિકની સમાપ્તિ કરીને આવ્યા છીએ, અને અમોને બહુ ભૂખ લાગેલી હોવાથી અમારા પ્રાણ અકળાય છે. એ સાંભળી અનસૂયા માતાએ એ ત્રણે અભ્યાગતોને ઉત્તમ આસનપર બેસાડી પત્રાળી માંડી તેની ચારે બાજુ ઉત્તમ પ્રકારના સુશોભિત સાથીઆ પૂરી અન્નને પીરસવા આવતાં એ ત્રણે અતિથિઓ બોલ્યા, હે સાધવી, તમે અમને ઇચ્છાભોજન આપવાનાં હો તો નગ્ન થઇને અમને પીરસો, અને એવી રીતે ન બને તો અમને ના કહો એટલે બીજી જગાએ જઇએ. એ સાંભળી અનસૂયા માતા વિચાર કરવા લાગ્યાં કે આ ત્રણે સ્વરૂપ ઉપર ઇશ્વરી ચિહ્ન જણાય છે, માટે જરૂર એ દેવના દેવો હોવા જોઇએ. હવે કદાચ હું એ અભ્યાગતોને નિર્મુખ જવા દઉં તો તો મારૂં ઘર અરણ્ય સમાન ગણાશે. અરે ! જે સ્ત્રીનું મન નિર્મળ હશે તેને ખળ કામદેવ શું કરનાર છે ? આ આપત્તિમાંથી બચાવનાર મારે માથે પરમેશ્વરરૂપે મારા પતિ બેઠેલા છે, તે મને જરૂર તારશે. એવો નિશ્ચય કરી અભ્યાગતોને કહ્યું કે હું તમને ઇચ્છાભોજન આપું છું, એમ કહી રસોડામાં જઇ પોતાના પતિના સ્વરૂપનું ધ્યાન કરી અનસૂયા માતા બોલ્યાં. જો મેં મારા પતિને પરમેશ્વર સમજી તેમની કાયા, વાચા અને મનવડે સેવા કરી હોય

અને મેં મારા દ્વારથી આજપર્યંતમાં કોઇ પણ અભ્યાગતને નિર્મુખ જવા નહિ દીધો હોય તો આ ત્રણે અભ્યાગતરૂપે આવેલા દેવો મારે ત્યાં બાળક થાઓ. એમ કહેતાં એ ત્રણે દેવો તરતના જન્મેલા બાળક સમાન થઇ રૂદન કરવા લાગ્યા. તે સાંભળી અનસૂયા માતા ગભરાઇને આવી જુએ છે તો ત્રણે બાળક દૃષ્ટિએ પડતાં તરત નગ્ન થઇ તેમની પાસે આવતાં સ્તનમાંથી દૂધ વહેવા માંડયું. આથી ત્રણે બાળકોને સ્તનપાન કરાવી તૃપ્ત કરી પારણામાં સુવાડી ગીતો ગાવા લાગ્યાં. અહો ! આ અનસૂયા માતાનું કેવું મહદ્ભાગ્ય, કે જે દેવો મોટા મોટા યજ્ઞો કરી હવિ આપતાં પણ આજસુધીમાં તૃપ્ત થયા નહિ, તે અનસૂયા માતાના સ્તનપાનવડે તૃપ્ત થયા. જેમના ઉદરમાં અનેક બ્રહ્માંડો રહ્યાં છે તે દેવોને એ સતીએ પારણામાં સુવાડયા. ચતુર્મુખ સૃષ્ટિ કર્ત્તા એવા બ્રહ્મા; કર્પૂર ગૌરવ, જેમના કપાળે ચંદ્રમા, જેમને પાંચ મુખ, જેમનું કાલાગ્નિ સમાન તેજ, અને જે સૃષ્ટિનો સંહાર કરે છે તે મહાદેવજી; તથા જેમનું ધ્યાન કરતાં અત્રિ મહારાજે મોટું સામર્થ્ય પ્રાપ્ત કર્યું હતું, જેમને ચાર હાથ, શેષ નાગનું છત્ર, મેઘના સમાન કાન્તિ અને જે સૃષ્ટિનું પાલન કરે છે તે મહા વિષ્ણુ; એવા ત્રણે દેવો અનસૂયા માતાનું સ્તનપાન કરી તૃપ્ત થયા. તેમને સુવાડી એ મહા સતી ઉપનિષદ્‌ના સારભૂત સપ્ત સ્વર સહિત સુસ્વરયુક્ત ગીતો ગાય છે. એ પ્રસંગમાં અત્રિ મહારાજ પોતાનું નિત્ય કર્મ કરીને આવતાં આશ્રમમાં ગીતોના અવાજ સાંભળી અનસૂયા માતાને પૂછવા લાગ્યા, હે પ્રિયા, બાળકો કયાંથી લાવી ? પતિનાં વચન સાંભળી અનસૂયા માતાએ બનેલી તમામ હકીકત કહી, તે સાંભળી અત્રિ મહારાજે ત્રણે દેવોને નમસ્કાર કર્યા, અને પતિપત્ની પૂર્ણ પ્રેમથી એ ત્રણે દેવોને લાડ લડાવે છે. ત્યારબાદ નારદજીના કહેવાથી એ દેવોની શક્તિઓએ આવી અનસૂયા માતાની પ્રાર્થના કરવાથી એ શક્તિઓને પોતપોતાના પતિ મૂળ સ્વરૂપે કરી આપી તેમને સોંપતાં ત્રણે દેવો બોલ્યા, હે માતાપિતા, આપની શી ઇચ્છા છે ? તે સાંભળી અનસૂયા માતા બોલ્યાં, હે દેવો આ તમારાં સૂતેલાં પારણાં ખાલી રહેવાં ન જોઇએ, દેવો બોલ્યા. હે માતા, આજથી આ જગતમાં તમને સર્વ કાત્યાયની નામથી ઓળખશે.

તમારે નિત્ય આ નર્મદા તટપર રહેવું. અમે ત્રણે દેવો આપની સન્નિધ રહીશું, અને પાછળથી કોઇ નિમિત્તે અમે ત્રણે તમારે ત્યાં પુત્રરૂપે આવીને રહીશું. ત્યારબાદ કૌશિક પત્નીએ સૂર્ય ઉદય નહિ થવા દેતાં તેમને અનસૂયા માતાએ સમજાવી સૂર્ય ઉદય કરાવી તેમના મૃત પતિને સજીવન કરતાં દેવોએ વર આપ્યો કે બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવજી તમારા પુત્ર થશે, તેથી એ ત્રણે દેવો અનસૂયા માતાના પુત્ર થયા. તેમાં બ્રહ્મદેવના અંશનું નામ ચંદ્રમા, મહાદેવજીના અંશનું નામ દુર્વાસા અને વિષ્ણુના અંશનું નામ દત્તાત્રેય પાડયું. એવી રીતે એ દેવો પૃથ્વી ઉપર આવ્યા. ત્યાર બાદ ચંદ્રમા અને દુર્વાસા તપ કરવાને જતાં અનસૂયા માતાને રુદન થવાથી સ્વયં શ્રી દત્તમહારાજે ત્રણે સ્વરૂપે થઇ માતાને દર્શન આપ્યાં. એ દત્ત મહારાજ ત્રણ દેવરૂપે હોવાથી એમને ત્રણ મસ્તક ને છ હાથ છે. એ ભગવાન નિત્ય ભૃગુકચ્છમાં ધૌતપાપેશ્વરમાં આવી શરીરે ભસ્મ લેપન કરી પોતાના ગુરુશ્રી મહાદેવજીને નમસ્કાર કરી જાય છે. એવી રીતનું એ મહા પાપોને નાશ કરનારૂં તીર્થ છે. એ દેવ દેવીની જે શ્રદ્ધાથી અશ્વિન શુકલ સાતમને દિવસે પૂજા કરી આઠમને દિવસે ઉપવાસ તથા પૂજા, જાગરણ, જપાદિ કરી નવમીને દિવસે પૂજા અને બ્રાહ્મણનું દાંપત્ય જમાડે છે તે બ્રહ્મહત્યા, ગુરુપત્ની ગમનાદિ તમામ પાપોથી મુકત થાય છે. જે સ્રીની પ્રજા મૃત થતી હોય, જેનો ગર્ભ અંદર સુકાઇ જતો હોય, અથવા જન્મવંધ્યા હોય તે સ્રીએ નર્મદામાં યથાવિધિ સ્નાન કરવું અને ઉપર કહ્યા પ્રમાણે કરી બ્રહ્મરસ (સોમવલ્લી) લાવી નર્મદાના ઉત્તમ જળના ભરેલા ઘટમાં નાંખી તે ઘટની યથાવિધિ પૂજા કરી બ્રાહ્મણની આજ્ઞા લઇ તે જળવડે સ્નાન કરતાં અવશ્યમેવ તેને દીર્ઘાયુષી પુત્રો થાય છે. બ્રાહ્મણો ઉપરના નિયમે વર્તી વેદપાઠ અગર ગાયત્રીના જપ કરે તો તમામ પાપોથી મુકત થાય છે. આ તીર્થમાં જે શ્રદ્ધાવાન સ્રીનું મૃત્યુ થાય છે તેને આગળ પુરૂષનો જન્મ પ્રાપ્ત થાય છે.

॥ ઇતિશ્રી ધૌતપાપેશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૧૧ ॥

—*—

તીર્થ ૧૨ મું.

હે રાજા, એ ધૌતપાપેશ્વર તીર્થની નજીક એરંડી નામનું તીર્થ છે. ત્યાં નર્મદામાં શ્રદ્ધામાત્રથી સ્નાન કરતાં બ્રહ્મહત્યાદિ પાપોનો નાશ થાય છે અને અનસૂયેશ્વર મહાદેવની પૂજા કરતાં સર્વ કામનાઓ તરત સિદ્ધ થાય છે. એ તીર્થમાં અશ્વિન માસની શુકલ ચતુર્દશીએ ઉપવાસ કરી સ્નાન, દાન, પિતૃ અને દેવતાનું પૂજન કરતાં અનંત ફળને આપે છે અને શ્રદ્ધાવાનને ધર્માર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. એ સ્થાનમાં અનસૂયા માતાએ આવી તપ કરી શ્રી મહાદેવજીને પ્રસન્ન કરી ઉત્તમ સ્વરૂપ અને ઉત્તમ પતિની પ્રાપ્તિ કરી અને જગતમાં પૂજ્ય થયાં.

॥ ઇતિશ્રી એરંડી તીર્થ મહાત્મ્ય ॥ ૧૨ ॥

—※—

તીર્થ ૧૩ મું.

श्री मार्कंडेय उवाच—

ततो गच्छेन्महीपाल तीर्थं कनखलोत्तमम् ॥
गरुडेन तपस्तप्तं पूजयित्वा महेश्वरम् ॥ १ ॥

શ્રી માર્કંડ મહા મુનિ કહે છે, હે રાજા, એ એરંડી તીર્થની નજીક કનખલ નામનું ઉત્તમ તીર્થ છે. એ સ્થાનમાં શ્રી ગરુડજીએ આવી શ્રી મહાદેવજીને સ્થાપન કરી પૂજા ધ્યાનાદિવડે બહુ કાળ તપ કર્યું છે, ત્યાં તમારે જવું. અહીંઆં ગરુડજીએ દેવનાં સો વરસ તપ કરી દેહને ક્ષીણ કરેલો જોઇ શ્રી મહાદેવજી પ્રસન્ન થઇને બોલ્યા, હે વનિતાનંદન ! તારી શું ઇચ્છા છે ?

શ્રી ગરૂડજી—હે ભગવાન, મને શ્રી વિષ્ણુ ભગવાનનું વાહન કરો અને દેવમાં ઇંદ્રપદ આપો.

શ્રી મહાદેવજી—હે ગરુડ, તારી માગણી પ્રમાણે તું વિષ્ણુ ભગવાનનું વાહન થશે અને પક્ષીઓમાં તું ઇંદ્ર કહેવાશે. એમ કહી ભગવાન ગુપ્ત થયા. પછી ગરુડજીએ જે દેવી ચંડ, મુંડ દૈત્યને મારવાથી ચામુંડા નામથી ઓળખાય છે, જેમનો ભૂતગણો સહિત સ્મશાનમાં વાસ છે, જેમની પાસે યોગસિદ્ધિઓ છે,

જેમને મનુષ્યાદિ શબનું માંસ ભક્ષણ કરવું પ્રિય છે, તે દેવીનું ધ્યાન કરતાં તે પ્રસન્ન થવાથી ગરુડજી બોલ્યા. હે દેવી, આપે જેવી રીતે જાલંધરને સિદ્ધિ આપી હતી તેવી રીતે મને અજરામરપણું તથા ક્ષણમાત્રમાં ચરાચરમાં ફરી વળાય એવી ઉડવાની સિદ્ધિ આપો અને તમે તમારા પરિવાર સહિત આ શ્રી ભૃગુક્ષેત્રમાં નિવાસ કરો. એ સાંભળી દેવી બોલ્યાં. તને તારી માગણી પ્રમાણે વર આપ્યો છે અને હું આજથી તારી માગણી પ્રમાણે અહીંઆં નિવાસ કરી ભક્તોના મનોરથને પૂર્ણ કરીશ. એમ કહી એ દેવી આકાશમાર્ગે જતાં લક્ષ્મીજી બોલ્યાં, હે દેવી, મેં મારૂં સ્થાપન કરેલું ભૃગુકચ્છપ ક્ષેત્ર તમને અર્પણ કર્યું છે. ત્યાં તમે રહી માતૃવત્ સર્વપર પ્રીતિ રાખી મારા નગરનું પાલન કરો. હે દેવી, શ્રી ગરૂડે ત્યાં તમારી કનકેશ્વરી નામથી મૂર્તિ સ્થાપન કરી છે, તેમની જે બ્રાહ્મણ નર્મદામાં સ્નાન કરી શ્રદ્ધા ભક્તિથી પંચામૃત, ગંધ, પુષ્પ, અને સિંદુરાદિ સૌભાગ્યવડે પૂજા કરશે, અને અડદનું પકવાન બનાવી નૈવેદ્ય અર્પણ કરશે, અને બળીદાનમાં તમારી સામે ભૂરાં કોળાં આદિનું બળીદાન આપશે તેને તમારે યોગીઓના જેવી સર્વ સિદ્ધિઓ આપવી. બ્રાહ્મણ થઇ જે તમારી અશુદ્ધ મદ્યાદિ પદાર્થોવડે પૂજા કરશે, તે આલોક અને પરલોક બેનાં સુખો ગુમાવી રૌરૌ નર્કની પ્રાપ્તિ કરશે. એવી રીતે વર્તનાર બ્રાહ્મણ ને ફરી બ્રાહ્મણનો જન્મ થશે નહિ. જે તમારી શરદ કાળે વાર્ષિક પૂજા કરશે તેના સર્વ મનોરથ પૂર્ણ થશે. એવી રીતે ભૃગુક્ષેત્રમાં શ્રી ગરૂડેશ્વર મહાદેવ અને કનકેશ્વરી દેવીની પીઠ સ્થાપન થઇ.

॥ ઇતિશ્રી ગરૂડેશ્વર (કનખલેશ્વર) તીર્થ મહાત્મ્ય ॥ ૧૩ ॥

—*—

તીર્થ ૧૪ મું.

શ્રી માર્કંડેય ઉવાચ—

जालेश्वरं ततोगच्छ ल्हिंगमाद्यं स्वयंभुवः ॥
कालाग्निरुद्रं विख्यातं भृगुकच्छे व्यवास्थितम ॥ १ ॥

હે રાજા, એ શ્રીભૃગુકચ્છમાં કાલાગ્નિ રુદ્રનું પ્રખ્યાત જ્યોતિર્લિંગ જાલેશ્વર નામનું છે ત્યાં તમારે જવું. એ ક્ષેત્રમાં મહાદેવ-

જી ભકતોના સર્વ પાપ, તાપ અને દૈન્યનો નાશ કરવાને રહ્યા છે. એની ઉત્પત્તિને તમે સાંભળો.

પૂરાકલ્પે દૈત્યો ઉન્મત્ત થતાં તેમણે વેદોકત કર્મ, ધર્મનો નાશ કરવાથી દેવ, ઋષિ, મુનિ અને સિદ્ધોએ શ્રી પરમેશ્વરની પ્રાર્થના કરી, તેથી કાલાગ્નિ રુદ્ર ઉત્પન્ન થવાથી સર્વત્ર ધુમાકાર થતાં ત્યાં સપ્ત પાતાળને ભેદી એક મહાદેવજીનું બાણ ઉત્પન્ન થયું, અને તેની આજુબાજુ એક મોટો કુંડ થઇ ગયો. શ્રી મહાદેવજીએ દૈત્યોનો નાશ કરી તેના નગરને બાળતાં તે અગ્નિની જ્વાળા એ કુંડમાં આવીને સમાવાથી એ કુંડનું નામ ધૂમાવર્ત પડયું. જે કોઇ એ કુંડમાં અને નર્મદામાં સ્નાન કરી એ કાલાગ્નિ જાલેશ્વરની પૂજા કરે છે તે શ્રદ્ધાવાન એ પુણ્યોના પ્રભાવવડે ઉત્તમ ગતિની પ્રાપ્તિ કરે છે. એ તીર્થમાં કામિક કર્મ તરત સિદ્ધ થાય છે.

॥ ઇતિશ્રી કાલાગ્નિ રૂદ્ર તીર્થ મહાત્મ્ય ॥ ૧૪ ॥

—*—

તીર્થ ૧૫ મું.

ततः परं महाराज चत्वारिंशत्क्रमांतरे ॥
शालग्राम ततो गच्छेत्सर्व दैवत पूजितम ॥ १ ॥

હે રાજા, એ કાલાગ્નિ તીર્થથી ચાળીશ ડગને અંતરે સર્વ દેવોએ પૂજેલું શાલગ્રામ તીર્થ છે. એ જગ્યાપર બ્રહ્મદેવના માનસિક પુત્ર નારદજીએ પર્ણકુટી બનાવી તપ કરી જનાર્દન ભગવાનને પ્રસન્ન કર્યા છે, તેથી જે કોઇ શ્રદ્ધાથી એ તીર્થમાં જઇ એકાદશીનો ઉપવાસ કરી રાત્રે જાગરણ કરી ભગવાનની પૂજા કરે છે, અને દ્વાદશીને દિવસે પ્રાતઃકાળે નર્મદામાં સ્નાન, ભગવાનની પૂજા, યથાશકિત દાન અને બ્રાહ્મણ ભોજન કરે છે તે પોતાનાં તમામ પાપોથી મુકત થઈ સર્વે સુખની પ્રાપ્તિ કરે છે. એમાં પણ માર્ગશિર્ષ માસની શુકલ એકાદશી વિશેષ ફળને આપે છે. જે કોઇ અહીંઆં શ્રદ્ધા ભકિતથી સાંખ્યયોગના નિયમે ભગવાનનું આરાધન કરે છે તેનો ફરીથી જન્મ થતો નથી.

॥ ઇતિ શ્રી શાલગ્રામ તીર્થ મહાત્મ્ય ॥ ૧૫ ॥

—*—

તીર્થ ૧૬ મું.

ततो गच्छेत्तु राजेंद्र तीर्थं परम शोभनम् ॥
उद्दीर्णो यत्र वाराहो ह्यभवद्धरणीधरः ॥ १ ॥

હે રાજા, હવે તમારે શ્રી ધરણીધર એવા શ્રી ઉદ્દીર્ણ વારાહ ભગવાનનું સ્થાન છે એ તીર્થમાં જવું. આદિકલ્પમાં પૃથ્વી માતાપર પાપરૂપ બહુ ભાર થવાથી પોતે રસાતાળમાં જવાથી સર્વે દેવો ખિન્ન થઇ શ્રી જનાર્દન ભગવાનની પ્રાર્થના કરે છે. હે દેવના ઈશ્વર, સર્વકાળ દેવોનાં દુઃખોને હરવાવાળા, હે વિશ્વમૂર્તે, સર્વને મહા ભયમાંથી મુક્ત કરવાવાળા ભગવાનને અમે વારંવાર નમસ્કાર કરી માગણી કરીએ છીએ કે આપ અમારા દુઃખોનો નાશ કરો. હે પરમ કૃપાળુ પરમેશ્વર, આ સર્વ લોકોને ધારણ કરવાવાળી પૃથ્વી જળમાં જઇને બેઠી છે, એનો ઉદ્ધાર કરી એનાપર પૂર્વવત્ લોકોની વ્યવસ્થા કરો એ સાંભળી જનાર્દન ભગવાને મોટી મોટી દાઢી અને પીળા ડોળાવાળું વારાહ સ્વરૂપ ધારણ કરી સમુદ્રમાંથી પૃથ્વી માતાને બહાર કાઢી પૂર્વવત્ તેના પર વ્યવસ્થા કરી. એ ભગવાન પાંચમા ઉદ્દીર્ણવારાહ નામથી ભૃગુક્ષેત્રમાં રહ્યા છે. એમનાં દર્શનથી સર્વ પાપોનો નાશ થાય છે. જે કોઇ નર્મદાના ઉત્તર તીરપર રહેલા પાંચ વરાહ ભગવાનનાં એકાદશીને દિવસે દર્શન કરે છે, તેના બ્રહ્મહત્યાદિ તમામ પોતાનો નાશ થાય છે. હે રાજા, એ પાંચ વરાહના દર્શનનો નિયમને તમે સાંભળો. પ્રથમ દશમીને દિવસે કોરલ ગામે જઇ ત્યાં સંધ્યાકાળે હવિષ્યાન્ન ભક્ષણ કરી ત્યાં આદિવારાહ ભગવાનની સામે જાગરણ કરવું, અને એકાદશીને દિવસે પ્રાતઃકાળે જલદી ઉઠી નર્મદામાં સ્નાન કરી દેવ પિતૃનું તીલ, યવ મેળવી તર્પણ કરવું અને અભિમાન રહિતના બ્રાહ્મણને ગૌદાન આપી એ આદિ વારાહની પૂજા કરવી. (એ પ્રમાણે પાંચે સ્થાનમાં જઇને કરવું) હે રાજા, ત્યાંથી પગે ચાલી ચોધનીપૂર (ઝણોર ગામે) આવી જયવારાહની પૂજા કરવી, ત્યાંથી નીકોરા ગામે લિંગવારાહની પૂજા કરવી, ત્યાંથી મંગલેશ્વર ગામે આવી શ્વેતવારાહની પૂજા કરવી, અને ત્યાંથી પગે ચાલી શ્રી ભૃગુક્ષેત્રમાં આવી ઉદ્દીર્ણવારાહની પૂજા કરી રાતે જાગરણ કરવું, અને દ્વાદશીને દિવસે યથાશક્તિ દાન આપી બ્રાહ્મણ ભોજન કરાવવું.

એનાવડે બ્રહ્મહત્યા, સુરાપાન, સુવર્ણ ચોરી, ગુરૂપત્ની ગમનાદિ તમામ જન્મ પર્યંતનાં કરેલાં પાપોનો નાશ થઇ દેવગતિની પ્રાપ્તિ થાય છે. એમાં પણ જેષ્ઠ માસની શુકલ એકાદશી મહત્ ફળને આપવાવાળી છે.

रेवाजलं पुण्यतमं पृथिव्यां तथाच देवां जगतां पतिर्हरिः ॥
एकादशी पापहरा नरेंद्र बहायासैर्लभ्यते मानवानाम् ॥ २ ॥

હે રાજા, આ પૃથ્વીમાં અનેક તીર્થો છે ખરાં પરંતુ નર્મદાના જેવું ઉત્તમ જળ મનુષ્યોને પવિત્ર કરવાવાળું બીજા તીર્થોનું નથી, તેવીજ રીતે સર્વે દેવોમાં શ્રેષ્ઠ આ જગતના પતિ જનાર્દન ભગવાન સર્વને પવિત્ર કરવાવાળા કહેવાય છે. હે રાજન, તેવી રીતે સર્વ વ્રતોમાં એકાદશી સર્વ પાપોને નાશ કરવાવાળી હોવાથી સર્વ કરતાં શ્રેષ્ઠ કહેવાય છે જે લોકો બહુ જન્મના પુણ્યવાન હોય છે તેઓનેજ આ ત્રણ યોગ પ્રાપ્ત થાય છે. એ વરાહ ભગવાનનું એકેક સ્થાન બ્રહ્મહત્યાનો દોષ નાશ કરે છે, ત્યારે પાંચે વરાહ ભગવાનનાં દર્શન કરતાં સર્વ પાપો જાય તેમાં શું આશ્ચર્ય !

॥ ઇતિશ્રી ભૃગુકચ્છે ઉદ્દીર્ણ વરાહ તીર્થ મહાત્મ્ય ॥ ૧૬ ॥

-*-

તીર્થ ૧૭ મું.

ततोगच्छे न्महीपाल सोमतीर्थ मनुत्तमम् ॥
चंद्रहासेति विख्यातं सर्व दैवत पूजितम् ॥ १ ॥

હે રાજા, એ શ્રી ભૃગુકચ્છમાં સોમ નામના ઉત્તમ તીર્થમાં ચંદ્રમાએ તપ કરવાથી તેને ચંદ્રહાસ પણ કહે છે. એ સ્થાનનું સર્વ દેવતાઓ સુદ્ધાં પૂજન કરે છે. હે રાજા, પૂરાકલ્પે ચંદ્રમા દક્ષ પ્રજાપતિની કન્યા પરણી તેને ઋતુકાળે ઋતુદાન નહિ આપવાથી દક્ષ મહારાજે શાપ આપ્યો કે તમે ક્ષયરોગી થાઓ. હે રાજા, જે વિવાહ કરેલી પત્નીને ઋતુદાન આપતા નથી તે પુરૂષને જે ફળ મળે છે તે સાંભળો. ઋતુકાળે સ્ત્રીનું સેવન કરવાથી પુત્રાદિ પ્રાપ્ત થાય છે, અને તેનાવડે સ્વર્ગ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એવી રીતે એ હીત કરવાવાળું છે એમ શ્રુતિએ કહ્યું છે, તેથી એ ઉચિત ધર્મકાળમાં જે પત્નીનું સેવન કરતા નથી, તેના મસ્તક

પર આના દરેક ઋતુકાળે બ્રહ્મહત્યાનું પાપ ચઢે છે. એ ઘોર પાપથી તે અજ્ઞાની પુરૂષ રૌરૌ નામના નર્કમાં જાય છે, અને ત્યાં આના ઋતુકાળના રૂધિરને પી કાળક્ષેપ કરવો પડે છે. ત્યાર પછી એ પુરૂષ જે જે યોનિમાં જાય છે ત્યાં સદૈવ દુર્ભાગી અને દુઃખી રહે છે.

नारीणां तु सदाकामो ह्यधिकः परिवर्त्तते ॥
विशेषेण ऋतोःकाले भिद्यते काम सायकैः ॥ २ ॥
परिभूताहि साभर्ता ध्यायतेऽन्यं पतिं ततः ॥ ३ ॥

ટીકા—હે રાજા, પુરૂષના કરતાં સ્ત્રીઓને વિષય કામના ઘણી રહે છે. તેમાં પણ જ્યારે સ્ત્રીઓને ઋતુ પ્રાપ્ત થાય ત્યારે તો તેઓને એ વિષય બાણના પ્રમાણે ભેદવાથી તેમનાં ચિત્ત વિહ્વળ થઇ જાય છે. એ આપત્તિના વખતમાં એવી સ્ત્રીઓને જો તેઓનો પતિ ઋતુદાન ન આપે તો તે વખતે તે સ્ત્રી જરૂર બીજા પુરૂષનું ધ્યાન કરી તેની પાસે વિષયભોગ કરાવે છે, એમાં તે સ્ત્રીનો દોષ કેવી રીતે ગણાય. એવા પ્રસંગથી જે પુત્ર થાય તે માતાપિતાને અને તેમના તમામ પૂર્વજોને સ્વર્ગમાંથી નર્કમાં લઇ જાય છે. એજ પાપનાં કારણથી ચંદ્રમા ક્ષય રોગી થયા, તેથી દેવ લોકોને પરિત્યાગ કરી એ પાપનું ક્ષાલન કરવા નર્મદા કિનારે ત્રણ સ્વરૂપ ધારણ કરી તેમણે તપ કરવા માંડયું. એ ત્રણમાં સમુદ્ર કિનારાનું પ્રભાસ ક્ષેત્ર, બીજુ ઐારસંગમ નજીકનું કન્યાલી ક્ષેત્ર, અને ત્રીજું સ્થાન શ્રી ભૃગુકચ્છ ક્ષેત્ર એ ત્રણ સ્થાનમાં બેસી તપ કરી શ્રી મહાદેવજીને પ્રસન્ન કર્યા, અને પોતાને થયેલા રોગથી મુકત થતાં પોતે એ ત્રણ સ્થાનમાં મહાદેવજીને સ્થાપન કરી સોમલોકમાં ચાલ્યા ગયા. આ ક્ષેત્રમાં જે ઉપોષણ કરી બારસ અગર ચોદશને દિવસે નર્મદામાં સ્નાન તથા ક્ષીરનો ચરૂ કરી ઇશાનાદિ પાંચ તથા પુરૂષસૂકત અને ત્ર્યંબકાદિ વડે હોમ કરી શેષ રહેલો ચરૂ ભક્ષણ કરે છે, અને ચંદ્રહાસની પૂજા કરે છે; તેનાથી શ્રી મહાદેવજી પ્રસન્ન થઇ ક્ષયાદિ રોગોનો નાશ કરે છે. એ ચંદ્રહાસ તીર્થમાં સાત સોમવાર સ્નાન કરી જે એ પરમેશ્વરની પૂજા કરે છે તેના કાન, આંખો આદિમાં થયેલા રોગોનો નાશ થાય છે. જે કોઇ ચંદ્રગ્રહણને દિવસે એ તીર્થમાં સ્નાન કરી, ગ્રહણનાં દર્શન તથા એ મહાદેવની પૂજા કરે છે. તેનાં તમામ પાપોનો

નાશ થાય છે. એ તીર્થમાં સંક્રાંતિ, વ્યતિપાતાદિ પર્વણીએ સ્નાન કરી એ મહાદેવની પૂજા કરે છે, તે મહાદેવની પ્રીતિવાળો થાય છે. સમુદ્રનું સ્નાન કરી પ્રભાસ જ્યોતિર્લિંગનાં દર્શન કરવાથી જે ફળ મળે છે તે અહીંઆ નર્મદામાં સ્નાન કરી એ સોમનાથ મહાદેવનાં દર્શન કરવાથી મળે છે. જે અજ્ઞાનીઓ એ તીર્થને જાણતા નથી તેને ખરેખરા પશુ સમજવા.

॥ ઇતિશ્રી ચંદ્રહાસ તીર્થ મહાત્મ્ય ॥ ૧૭ ॥

—*—

તીર્થ ૧૮ મું.

એ ચંદ્રહાસ તીર્થની નજીક ચંદ્રપ્રભાસ નામનું તીર્થ છે. ચંદ્રમા દક્ષ શાપથી મુક્ત થયા પછી પોતાના તેજનો પૂર્ણ પ્રકાશ થવા માટે એ સ્થાનમાં તપશ્ચર્યા કરી પોતે ચંદ્રપ્રભાસ નામથી મહાદેવજીની સ્થાપના કરી. એ સ્થાનનું મહાત્મ્ય સોરઠી સોમનાથ જ્યોતિર્લિંગની બરાબરનું છે, એમાં પણ દરેક પર્વણી અને પ્રદોષને દિવસે વિશેષ ફળને આપે છે.

॥ ઇતિશ્રી ચંદ્રપ્રભાસ મહાત્મ્ય ॥ ૧૮ ॥

—*—

તીર્થ ૧૯ મું.

सिद्धेश्वरं ततो गच्छेत्तस्यैवतु समीपतः ॥
अमृत स्राविताल्लिंग माद्यं स्वायंभुवं तथा ॥ १ ॥

હે રાજા, એ ચંદ્રહાસેશ્વરની નજીક સિદ્ધેશ્વર નામનું અમૃત સ્રાવ કરવાવાળું શ્રી સૂર્યનારાયણે સ્થાપન કરેલું મહાદેવજીનું બાણ છે તેનાં દર્શન કરવાં. એનાં દર્શનમાત્રે મનુષ્ય, દેવ, ઋષિ અને પિતૃ ઋણથી મુકત થાય છે. પૂર્વે એ સ્થાનમાં શ્રી સૂર્યનારાયણે સો વર્ષ પર્યંત તપ કરી શ્રી પરમેશ્વરનું આરાધન કરવાથી સર્વે સિદ્ધિની પ્રાપ્તિ કરી તેથી એ સિદ્ધેશ્વર નામથી ઓળખાય છે. હે રાજા, બાર આદિત્ય, નામે ઇંદ્ર, ધાતા, ગભસ્તિ, ત્વષ્ટા, મિત્ર, અરૂણ, અર્યમા, વિવસ્વાન્, સવિતા, પુષા, અંશુમાન અને વિષ્ણુ

ઉત્પન્ન થઇ ભાસ્કરપદની ઇચ્છા કરવા લાગ્યા. તેથી એ કશ્યપ પુત્રો શ્રી ભૃગુક્ષેત્રમાં આવી શ્રી મહાદેવજીના બાણુને સ્થાપન કરી તપ કરવા લાગ્યા, અને મહાદેવજીને પ્રસન્ન કરી પોતે સર્વ શક્તિમાન થઇ જગતનો પ્રકાશ કરવા લાગ્યા. એ એક સૂર્ય છતાં પોતાના અંશના વિભાગે બાર થયા એ બાર આદિત્ય યુગના ક્ષય વખતે પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કરતાં સર્વે બળીને ભસ્મ થઇ જાય છે તેવારે સમુદ્ર સુદ્ધાં રહેતા નથી. એ વખતે ઇંદ્ર નામના આદિત્ય પૂર્વે, ધાતા અગ્નિ ખૂણામાં, ગભસ્તિ દક્ષિણે, ત્વષ્ટા નૈઋત્યે, અરૂણ પશ્ચિમે, મિત્ર વાયવ્યે, વિષ્ણુ ઉત્તરે, વિવસ્વાન ઇશાને, સવિતા આકાશે, પૂષા પાતાળે, અને અંશુમાન તથા અર્યમા વિષ્ણુના મુખમાંથી પ્રગટ થઇ સર્વ બ્રહ્માંડને બાળી ભસ્મ કરે છે. હે રાજા, એ બાર આદિત્યને પ્રાતઃકાળે ઉઠી શ્રદ્ધા ભકિત વડે નમસ્કાર કરતાં પોતાના દરિદ્રનો નાશ થાય છે, અને સ્નાન કરી નમસ્કાર કરતાં કાયિક, વાચિક, માનસિક તમામ પાપોનો નાશ થાય છે. એ આદિત્યની શ્રદ્ધાથી પ્રદક્ષિણા કરતાં પૃથ્વી પ્રદક્ષિણાનું ફળ મળે છે. જે કોઇ પ્રાતઃકાળે અગર ત્રણમાંથી એક કાળમાં નર્મદામાં સ્નાન કરી એ સિદ્ધેશ્વર આદિત્યની મૂર્તિનાં દર્શન કરે છે અથવા સપ્તમીને દિવસે ઉપોષણ કરી દર્શન કરે છે; અથવા રવિવારને દિવસે અગર ભાનુ સપ્તમીને દિવસે ઉપોષણ કરી એ સિદ્ધેશ્વરનાં દર્શન, પૂજા, અને પ્રદક્ષિણા કરે છે તેનાં તમામ પાપોનો નાશ થઇ તે સાત જન્મ પર્યંત નીરોગી રહે છે. દરાજ, કોઢ, અને ક્ષયાદિ રોગોવાળા દરરોજ એ સિદ્ધેશ્વરની એકસો ને આઠ પ્રદક્ષિણા કરી નિમિત્ત માત્ર દવા કરતાં તે તે રોગોથી જરૂર મુક્ત થાય છે. અપુત્રવાન નિયમ પ્રમાણે રવિવારનું વ્રત કરી શ્રદ્ધાપૂર્વક એ મહાદેવની સેવા કરે છે તો તે દિર્ઘાયુષી પુત્ર મેળવે છે. એ સ્થાનમાં પ્રત્યક્ષ સેવા કરનારને વર આપવાને એ બાર આદિત્યો રહ્યા છે.

॥ ઇતિશ્રી દ્વાદશાદિત્ય તીર્થ (સિદ્ધેશ્વર) મહાત્મ્ય ॥ ૧૯ ॥

તીર્થ ૨૦ મું.

दश दंडन्तरे पार्थ तीर्थं तु कपिलेश्वरम् ॥
सिद्धेश्वरांतिके गच्छेद्भूक्ति मुक्ति फलप्रदम् ॥ १ ॥

હે રાજા એ સિધ્ધેશ્વર તીર્થની નજીક ચાળીશ હાથપર કપિલેશ્વર નામનું ભૂક્તિ, મુક્તિ આપવાવાળું ઉત્તમ તીર્થ હોવાથી તમારે ત્યાં જવું. એ જગાપર વાસુદેવ ભગવાનના પ્રથમ અવતાર રૂપ કપિલ ઋષિએ તપ કર્યું છે. એ ભગવાન પોતે પાતાળમાં બેસી તપ કરતા હતા. એ પાતાળ સાત છે. તેમાં મહાતલ નામના પાતાળમાં અનંતોનંત નામનો નાગ અને મુચુકુંદ નામનો રાજા રહે છે, રસાતલમાં વાસુદેવ નામનો નાગ અને સુપર્વણ નામનો દૈત્ય રહે છે, તલાતલમાં તક્ષક નામનો નાગ અને વિરોચન હિરણ્યાક્ષ નામના દૈત્ય રહે છે, સુતલ નામના પાતાલમાં કાલનેમિ નામનો દૈત્ય રહે છે, નિતલ નામના પાતાલમાં મદાંતક નામનો રાક્ષસ પ્રહ્‌લાદ સહિત રહે છે, વિતલ નામના પાતાળમાં કંબલ અને અશ્વત્તર નામના નાગો અને હયગ્રીવાદિ મહાત્માઓ રહે છે. પાતાલતલમાં શંકુ નામનો નાગ રહે છે; એ જગ્યાપર બેસી કપિલ ભગવાન તપ કરતા હતા. એક પ્રસંગે ત્યાં થઇને નારદજી જતા હતા તે કહેવા લાગ્યા.

નારદજી—હે કપિલ ભગવાન, હું ત્રણ લોકમાં ફરૂં છું, પરંતુ નર્મદા નદીના જેવી પુણ્યવાન નદી મારા જોવામાં આવી નહિ. એ નદીનાં બંને તટો અતિ પવિત્ર છે; તેમાંપણ સાત સ્થાન ઘણાંજ પુણ્ય આપવાવાળાં હોવાથી તેનાં નામ કહું છું તે સાંભળો. ઓમકારનાથ, શૂલપાણીશ્વર, ઐરસંગમ, કોરલ, શુકલતીર્થ, શ્રી ભૃગુકચ્છ અને સાતમું સ્થાન નર્મદા અને સમુદ્ર સંગમ છે. એના જેવું પવિત્ર ક્ષેત્ર આ ત્રણલોકમાં બીજું મારા જોવામાં આવ્યું નહિ. એ સ્થાનમાં કોઇપણ દેવ, મુનિ અને સિદ્ધાદિઓએ જઇને તપ નહિ કર્યું હોય એવું મારા સાંભળવામાં નથી. એ સાંભળી શ્રી કપિલ મહારાજે શ્રી ભૃગુક્ષેત્રમાં આવીને દેવનાં એક હજાર વર્ષ તપ કરી શ્રી મહાદેવજીને પ્રસન્ન કર્યા, અને તેમની પાસે માગ્યું કે હે ભગવાન, આ જગ્યાપર કલિનો નાશ કરવાવાળું અને સર્વ સિદ્ધિઓને આપવાવાળું મારા નામનું તીર્થ થવું

જોઇએ. જે કોઇ આ મારા સ્થાપન કરેલા મહાદેવને ત્રણકાળ અથવા ત્રણમાંથી એક કાળ પૂજે. તેને આ ભવસાગરમાંથી સુખની પ્રાપ્તિ કરાવવી. એ સ્થાનમાં દરેક પર્વણી, જેષ્ઠ શુકલ ચૌદશ, દરેક મંગળવાર, ચોથ અને નોમને દિવસે સ્નાન અને મહાદેવની પૂજા કરી દાનાદિ વગેરે કરશે તેને સહસ્ત્ર ગણું વધારે ફળ મળશે. એ સ્થાનમાં એક બ્રાહ્મણ જમાડતાં કોટિગણું વધારે ફળ મળશે.

॥ ઇતિશ્રી કપિલેશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૨૦ ॥

—*—

તીર્થ ૨૧ મું.

હે રાજા, ત્યાર પછી તમારે ત્રિવિક્રમેશ્વર નામના તીર્થમાં જવું. એ જગ્યાપર ઇંદ્રાદિ દેવોએ પ્રાર્થના કરવાથી શ્રી વામનજી ભગવાને બળીરાજાના યજ્ઞમાં આવી રાજા પાસે રહેવા માટે સાડા ત્રણ ડગલાં જમીન માગતાં રાજા તે આપવાને કબુલ થવાથી શ્રી ભગવાને વિરાટ સ્વરૂપ ધારણ કરી બળીરાજાને પાતાળમાં મોકલી ચીરંજીવી સહિત પાતાળનું રાજ્ય આપ્યું, અને પોતાનો ભકત જાણી પાછળથી ઇંદ્રપદ તથા પરમપદ આપી બળીરાજાને પ્રસન્ન કર્યા. ત્યાર પછી શ્રી ભૃગુમહારાજની પ્રાર્થનાથી શ્રી વામનજી ઘણો વખત ભૃગુક્ષેત્રમાં નિવાસ કરી રહ્યા ને ભૃગુઋષિએ તેમની ઘણી સેવા કરી. (એ કથા પાછળ આવી ગઇ છે.)

॥ ઇતિશ્રી ત્રિવિક્રમેશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૨૧ ॥

—*—

તીર્થ ૨૨ મું.

विश्वरूपं ततो गच्छेत् क्रमद्वादशकांतरे ॥
भृगोर्माया महाहर्तुं रूपं यत्र हरिर्दधौ ॥ १ ॥

હે રાજા, એ તીર્થથી બાર ડગલાંપર વિશ્વરૂપ નામનું તીર્થ છે. એ જગ્યાપર શ્રી ભગવાને શ્રી ભૃગુમહારાજને વિશ્વરૂપ બતાવી એમની માયાનું હરણ કર્યું છે. એ વિશ્વરૂપમાં ચૌદલોક, સપ્ત પાતાળ, તમામ દેવ, દૈત્ય, ગંધર્વ, સિદ્ધ, મુનિ, નદીઓ, ગામ, નાના પ્રકારનાં અરણ્યો, ચંદ્ર, સૂર્ય અષ્ટદિગપાળ, બ્રહ્મા,

શીવ, અશ્વિનિકુમાર, દિશાઓ, દિગ્ગજો, અગ્નિ, સમુદ્રો, વાયુ આદિ તમામ જોઇ શ્રી ભૃગુમહારાજે પ્રાર્થના કરી કહ્યું, કે હે ભગવાન, આપનું આ સ્વરૂપ જોઇને હું ગભરાઉં છું, માટે આપ એ સ્વરૂપને સમાવી આ તીર્થમાં નિવાસ કરો, એમ કહી સાષ્ટાંગ નમસ્કાર કર્યા. તે જોઇ ભગવાને પોતાનું વિશ્વસ્વરૂપ સમાવી કહ્યું કે હું તમારી માગણી પ્રમાણે અહીંઆં રહીશ. જે કોઇ આ તીર્થમાં તમારી અને મારી પૂજા કરશે તેને વાંચ્છિત ફળ આપીશ. જે કોઇ અહીં શ્રાદ્ધાદિ કરશે તેને ગયામાં જઇ શ્રાદ્ધ કરવા કરતાં વધારે ફળ આપીશ. એમ કહી ભગવાન ગુપ્ત થયા.

॥ ઇતિશ્રી વિશ્વરૂપ તીર્થ મહાત્મ્ય ॥ ૨૨ ॥

—*—

તીર્થ ૨૩ મું.

तस्यै वा नंतरं तात देवतीर्थ मनुत्तमम् ॥
महर्षे स्तस्य जामाता भृगोर्देवो जनार्दनः ॥ १ ॥

માર્કંડ—હે યુધિષ્ટિર, એ વિશ્વરૂપ તીર્થની નજીકમાં દેવતીર્થ નામનું ઘણુંજ ઉત્તમ તીર્થ સર્વ પાપોને નાશ કરવાવાળું છે. એ સ્થાનમાં મહર્ષિ શ્રી ભૃગુમહારાજની કન્યા શ્રી લક્ષ્મીજીની સાથે શ્રી જનાર્દન ભગવાને લગ્ન કરી તેઓશ્રી ભૃગુમહારાજના જમાઇ થયા છે. (એ સ્થાનને હાલમાં સર્વે નરનારાયણ તીર્થ કરીને કહે છે, પરંતુ એ તીર્થનું ખરૂં નામ દેવતીર્થ છે, અને એ મહાદેવનું નામ નારાયણ ગિરીશ્વર મહાદેવ છે. એ સ્થાન ભરૂચમાં ભાગાકોટના ઓવારા પર છે).

હવે તમે એ દેવતીર્થની ઉત્પત્તિને સાંભળો—શ્રી શેષશાઇ વિષ્ણુ ભગવાનના નાભીકમળમાંથી ચતુર્મુખ બ્રહ્મદેવ ઉત્પન્ન થયા. એમના દક્ષિણ અંગુઠામાંથી જે પુત્ર ઉત્પન્ન થયા તે દક્ષ પ્રજાપતિ કહેવાયા. એ દક્ષ પ્રજાપતિએ પોતાની દશ કન્યા નામે મરુત્વતી, વસુર્જાના, લંબા, ભાનુમતી, સતી, સંકલ્પા, મુહુર્તા, સાધ્યા, વિશ્વાવતી અને દશમી કકુપ્ ધર્મ સાથે પરણાવી. એની અંદરથી સાધ્યા નામની પતિવ્રતાને મહા ભાગ્યવાન ચાર પુત્રો થયા. તેમનાં નામ નર, નારાયણ, હરિ અને કૃષ્ણ પાડયાં. એ ચારે વિષ્ણુ ભગ-

વાનના અંશરૂપ હોવાથી સર્વે ઋષિઓમાં પૂજ્ય થયા. એ ચાર માંના નર નારાયણ હિમાલય પર્વતના ગંધમાદન શિખર પર જઇ આત્માનાત્માનો વિચાર કરી અદ્વૈત, નિર્ગુણ, સર્વવ્યાપી, એવા પોતાના આત્માને જાણી તે જ્યોતિસ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. એ મહા તપના પ્રભાવથી ગભરાઇ સૂર્યનારાયણ પોતાની ઉગ્રતા છોડી એમનાપર શાન્ત કિરણો પાડવા લાગ્યા. વાયુ એમના મનને ઉપદ્રવ ન થાય એવી રીતે વાવા લાગ્યો. ઋતુઓ ગભરાઇ સારાં સારાં ફળ ફળાદિ આપવા લાગી. સિંહ વાઘાદિ ક્રૂર પ્રાણીઓ પોતાનું ક્રૂરપણું છોડી દઇ મૃગ અને ગાયોની સાથે ખેલવા લાગ્યાં. પૃથ્વી પણ પોતાનું કઠણપણું છોડી દઇ મૃદુપણે રહેવા લાગી. એ ભગવાનની ગંભીરતા અને શાન્તિ જોઇ સમુદ્રે પોતાનું અભિમાન છોડી દીધું. એ ભગવાનનો આનંદ જોઇ ચંદ્રમાએ પોતાના આલ્હાદનું અભિમાન છોડી દીધું. એમના તપોબળરૂપી તેજને જોઇ અગ્નિ ઝાંખા પડી ગયા. જળ એ ભગવાનનું સ્વચ્છ પવિત્રપણું જોઇ લજવાઇ ગયું. અમૃતે એ ભગવાનનું ભાષણ સાંભળી પોતાનો ગર્વ છોડી દીધો. ઇંદ્રે એ ભગવાનની શકિત જોઇ પોતાના બળનું અભિમાન છોડી દીધું, અને આકાશે એ ભગવાનની બુદ્ધિ જોઇ પોતાના સર્વવ્યાપીપણાનું અભિમાન છોડી દીધું. એવી રીતનું એ ભગવાનનું સ્વરૂપ જોઇ તમામ દેવો ગભરાઇ વિચાર કરવા લાગ્યા કે કોઇ રીતે એમના તપનો ભંગ કરવો જોઇએ, તેથી ઇંદ્રે ગભરાઇ પોતાની અપ્સરાઓને બોલાવી કહ્યું, તમે ગંધમાદન પર્વત જ્યાં નર નારાયણ નામના ઋષિ તપ કરે છે ત્યાં જઇ તેમનાથી નહિ ગભરાતાં કોઇ પણ રીતે તેમના તપનો ભંગ કરો. હું તમારી સહાયતા માટે કામદેવ તથા વસંતને મોકલું છું. તે સાંભળી રંભા, તિલોત્તમા, કુબ્જા, ઘૃતાચિ, લલિતા, પ્રલોચના, સુભા, સુમ્લોચના, સૌરભેયિ, મહોદ્ધતા, અલંબુષા, મિશ્રકેશિ, પુંડરિકા અને વરુથિનિ નામની અપ્સરાઓ જેમને જોતાં મહા ધૈર્યવાનના ધૈર્યનો પણ નાશ થઇ તે કામને વશ થઇ જાય, એવી મહા સ્વરૂપવાન અને લાવણ્યવાળી અપ્સરાઓ ગંધમાદન પર્વતપર ગઇ. ત્યારબાદ ઇંદ્રરાજાએ કામદેવ અને વસંત ઋતુને બોલાવી કહ્યું, તમે ગંધમાદન પર્વતપર જઇ તમારો પ્રભાવ ચલાવી નર નારાયણ ઋષિની અંદર કામવિકાર ઉત્પન્ન કરો. મેં

અત્યારે ત્યાં તમામ અપ્સરાઓને મોકલી છે. તે સાંભળી વસંત અને કામદેવ ગંધમાદનપર આવતાં તમામ જંગલ એકાએક નવ-પલ્લવ થવાથી બધી વનસ્પતિઓ પુલ તથા ફળો સહિત શોભવા લાગી. જ્યાં ત્યાં નિર્મળ શાન્ત જળના ઝરાઓ વહેવા લાગ્યા. અતિ આનંદ અને સુગંધી આપતો ઉત્તમ પ્રકારનો વાયુ વાવા લાગ્યો. ઠેકાણે ઠેકાણે હંસ, મોર, પોપટ, મેનાં, કોયલો અને અનેક પ્રકારનાં પક્ષીઓ મનને આનંદ આપે એવા ટૌકા કરવા લાગ્યાં. ભ્રમરો ત્યાં ગુંજાર કરી રહ્યા, અને કસ્તુર્યાદિ મૃગો જ્યાં ત્યાં ખેલવા લાગ્યા. એ જગ્યાએ પૃથ્વી માતામાંથી એવી રીતની સુગંધી ઉત્પન્ન થઈ કે ત્યાં રહેનારા કિન્નર, નાગ અને યક્ષાદિ કહેવા લાગ્યા કે અરે ! આજ પર્યંત આવો આનંદ આપણા જોવામાં આવ્યો નથી. એવી રીતનો ત્યાં આનંદ ફેલાતાં તમામ અપ્સરાઓએ ઋષિઓની ચારે બાજુથી રાગ રાગણી, તાલમાન અને સુરસહિત કામવિકારને ઉત્પન્ન કરે એવું મનોહર ગાયન ગાઇ હાસ્ય વિનોદ અને હાવભાવ સહિત નૃત્ય કરવા લાગી; તે છતાં એ ભગવાનની અંદર કામવિકાર ઉત્પન્ન થયો નહિ. તે જોઇ ધીમેધીમે સામા પુરૂષને કામ ઉત્પન્ન કરે એવી રીતે પોતાનાં વસ્ત્રોને દૂરકરી સ્તનાદિ અંગના ભાગો બતાવી ગાયન કરવા લાગી. હે રાજા, તેમ છતાંપણ એ ભગવાનના મનને કંઈપણ વિકાર થયો નહિ. અરે જેમણે અધ્યાત્મ વિદ્યાનો પાર કાઢી જ્ઞાનસમુદ્રમાં મનને ડુબકી મરાવી છે, અને તેનાવડે જેમનું મન નિવાત દિપ-વત્ અકંપ રહ્યું છે. જેમનું મન સમુદ્રપ્રમાણે બ્રહ્માનંદ સમુદ્રમાં લીન થયું છે, અને તે મન સદૈવ વાસુદેવમય જગતને જોઇ રહ્યું છે, તેથી તેમના મનમાં રાગદ્વેષ રહ્યો નથી. જેમના મનમાં બ્રહ્મા-નંદ વિના કોઇપણ કામવિકાર રહ્યો નથી, અને જેમનું હૃદય બ્રહ્મવિદ્યારૂપી સૂર્યથી ભરાઇ રહ્યું છે ત્યાં કામરૂપી અંધકાર કેવી રીતે પ્રવેશ કરે, એવી રીતે ભગવાનનું ચિત્ર નિર્વિકાર હોવાથી એમને કામદેવનો ક્ષોભ થયો નહિ. તે જોઇ એ અપ્સરાઓ ધીમે ધીમે ગાયન કરતી વસ્ત્રોને દૂરકરી નગ્નપણું બતાવવા લાગી. અરે, અગ્નિને તે વળી અગ્નિ તપાવતો હશે ! જળને તે વળી જળ કોહોવાડતું હશે ! જેમ એ દ્રવ્યો પોતપોતાને વિકાર કરી શક્તાં નથી તેમ જેઓ જ્ઞાનવડે અજ્ઞાનને ઢાંકી જગતને સ્વસ્વરૂપે જુએ

છે, તેની દૃષ્ટિ સામે દ્વૈત રહી શકતું નથી. એ કારણથી એ નર-નારાયણ ભગવાનને અપ્સરાઓથી કાંઇ થઇ શક્યું નહિ. એવી રીતે કામદેવ અને અપ્સરાઓને અતિ પ્રયાસ કરતાં જોઇ શ્રી નારાયણ ભગવાને પોતાની જાંઘામાંથી ત્રિલોકને મોહ પમાડે એવી એક અનુપમ સ્ત્રી ઉત્પન્ન કરી. તે સ્ત્રીને જોઇ કામદેવ અને અપ્સરા આદિ તમામ લજવાઇ સાષ્ટાંગ નમસ્કાર કરી એ ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યાં.

હે જગદ્ધાતા, અમે આપશ્રીની માયાથી મોહિત થઇ ગયેલાં હોવાથી અમારાથી આપશ્રીઓના સ્વરૂપને ઓળખાયાં નહિ. પ્રાણી માત્રનાં અનાદિ અને અપ્રતિષ્ટિત ધામભૂત આપનાં આ બંને સ્વરૂપો હોવાથી અમે એ સ્વરૂપને સાષ્ટાંગ નમસ્કાર કરી માગીએ છીએ કે હે દેવાધિદેવ, અમારા કરેલા અપરાધની ક્ષમા આપી અમારાપર પ્રસન્ન થાઓ જે ભગવાને હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્માદિ ધારણ કરેલાં છે તે ભગવાનજ આપશ્રી નરનારાયણ છો, તેથી અમે વારંવાર નમસ્કાર કરી અપરાધની ક્ષમા માગીએ છીએ. સર્વ વિદ્યાના નિધાનરૂપ અને સર્વ પાપોને બાળવાવાળા અગ્નિરૂપ આ નર નારાયણ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ કે અમારા સર્વ પાપોનો નાશ કરો, જેમના શરીરપર ભૃગુલાંછન છે, જેમણે શારંગ નામનું ધનુષ્ય ધારણ કરેલું છે, જે આત્મજ્ઞાનવડે શ્રીમાન અને પોતે પાપ રહિત હોવાથી ભક્તોના તમામ પાપોનો નાશ કરવાવાળા છે, જેમના મસ્તકપર જટાજુટ બિરાજી રહ્યાં છે, જે પૂર્ણ યમ નિયમ અને ક્ષમાવાન હોવાથી જેમની સૌમ્યદૃષ્ટિ છે, એવા ભગવાનને અમે નમસ્કાર કરી માગીએ છીએ કે અમારાં જન્માર્જિત તમામ પાપોનો નાશ કરો. હે દયાળુ, અમે અવિદ્યા વેષ્ટિત હોવાથી ત્રિલોકીનાથને મોહ પમાડવાને આવ્યાં હતાં તે અમારા અપરાધની ક્ષમા આપી આ રંકોના પર પ્રસન્ન થાઓ. હે નર નારાયણ ભગવાન, આપ વિજ્ઞાનઘન હોવાથી અમારા જેવા મૂઢની પાસે સદૈવ સ્વધર્મનું પાલન કરાવી અમારામાં સાધુપણું ઉત્પન્ન કરો. હે ગોવિંદ, આપશ્રીઓએ આ જે સ્ત્રી રત્ન ઉત્પન્ન કર્યું છે, એના જેવું સ્વરૂપ આજ પર્યંત અમે જોયું કે સાંભળ્યું નથી, તેથી અમારી મતિમાં તો એ જાણે શ્રેષ્ઠ પાર્વતી માતા હોયની એમ દેખાય છે. આપશ્રી સનાતન પરમાત્મા અને સર્વના

આત્મારૂપ હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છો, એવા અમારા આત્મારૂપ પરમાત્માને નમસ્કાર કરી માગણી કરીએ છીએ કે આપશ્રી આ રંકોનાપર પ્રસન્ન થાઓ. જેમની પ્રસન્ન બુદ્ધિ, પ્રસન્ન વદન, પ્રસન્ન કમળ લોચન, શાંત સ્વભાવ, અને કમળના જેવું પ્રપુલ્લિત હાસ્યવદન છે એવા યોગીઓના ઇશ્વરને વારંવાર નમસ્કાર કરીએ છીએ. અમે આ અમારી સામે દેખાતા નરદેવ અને નારાયણદેવને વારંવાર નમસ્કાર કરીએ છીએ. જે હરિ સર્વ દુઃખોને હરવાવાળા છે તે આ નર નારાયણને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. આ જગતમાં જે સર્વસંગને છોડી, તમામ ઇંદ્રિયોને જીતી, સાધુવૃત્તિ ધારણ કરી કેવળ આપના આધાર ઉપર રહે છે. એવા અનાથના આપશ્રી નાથ હોવાથી તેમનાપર અનુગ્રહ કરી સદૈવ પ્રસન્ન રહો છો; એવી રીતે સર્વ દુઃખોને નાશ કરવાવાળા નર નારાયણ પરમેશ્વરને અમે વારંવાર નમસ્કાર કરી માગણી કરીએ છીએ કે અમારા કરેલા અપરાધની ક્ષમા આપી પ્રસન્ન થાઓ, એમ કહી સર્વે રૂદન કરવા લાગ્યાં. એવી રીતે તમામ અપ્સરાઓ, કામદેવ અને વસંતાદિ દેવોનું અભિમાન ગયેલું જોઇ શ્રી નર નારાયણ ભગવાન બોલ્યા.

હે વસંત, કામદેવ અને અપ્સરાઓ, તમે અહીંઆં કેમ આવ્યાં તે કહો. શું તમને ઇંદ્ર રાજાએ અમારા તપની સિદ્ધિ નહિ થવા દેવાને મોકલ્યાં છે ! શું તમારાં ગીત, નૃત્ય અને અંગચેષ્ટાદિ હાવભાવથી પુરૂષના શરીરમાં રહેલો દુરધર કામદેવ પ્રગટ થઇ મનને વિહ્વળ ન કરી શકયો ? અરે, જ્ઞાનબળથી જેની ઇંદ્રિઓએ દુષ્ટ શબ્દાદિ ગુણોને છોડયા હોય તેના અંતઃકરણને શુભાશુભ શબ્દો ભેદી શકતા નથી; ત્યારે આ તમારૂં નૃત્યગીતાદિ તેને કેવી રીતે બંધન કરી શકે ! જે સિદ્ધોએ વિચારપૂર્વક કામદેવને સાધ્ય કર્યો હોય તેમની પાસે પછી કામદેવનું બળ કેવી રીતે ચાલી શકે ? માટે હે અપ્સરાઓ, તમે તથા કામદેવ અને વસંત જઇને તમારા ઇંદ્રને કહો કે સુખે પધારી જે કાંઇ કરવું હોય તે કરે. અરે, જે પુરૂષો સર્વથીપર, પરમપુરૂષ પરમેશ્વર એવા પરમાત્માને તમામ ચરાચરમાં સ્થાવર જંગમરૂપે જુએ છે; જે ભગવાન ચતુર્વ્યુહ રૂપે પોતાના અંશથી સર્વે દેહમાં રહી આ જગતરૂપી નાટકને ભજવે છે, તે ભગવાનને પોતાના આત્મારૂપે સર્વત્ર વ્યાપિ રહેલા જુએ છે; તે સમદર્શીને રાગદ્વેષ કેવી

રીતે ભેદી શકે. આ વસંત, કામદેવ, અપ્સરાઓ અને ઇંદ્રાદિ તમામ મારા આત્મારૂપ હોવાથી હું કોની સાથે દ્વેષ કરૂં? આ તમામ પ્રાણીમાત્ર સર્વેશ્વર વિષ્ણુરૂપ હોવાથી એ મારાથી કેવી રીતે જુદાં કહેવાય કે હું એમનાપર રાગદ્વેષ કરૂં. બ્રહ્મા, ઇંદ્ર, ઇશાન, આદિત્ય મરૂતાદિ તમામ દેવો વિશ્વેદેવા ઋષિ, સાધ્યદેવ, વસૂ, પિતૃગણ, યક્ષ, રાક્ષસ, પિશાચ, નાગ, સર્પ, નદી, સરોવર, મનુષ્ય, પક્ષી, ગાય, સિંહ, જળચર, મક્ષિકા, મચ્છર, ડાંસ, તીડ, કૃમિ, કીટ, તૃણ, વૃક્ષ, છોડ, વેલાદિ અને આ જગતમાં જે કાંઇ જોવામાં આવે છે તે સર્વે એક પરમાત્મામાંથી જન્મ પામ્યું છે, અને મારો આત્મા વિષ્ણુરૂપ હોવાથી હે દેવાંગનાઓ, હું કોના ઉપર રાગદ્વેષ અને લોભ કરૂં. સર્વ ભૂતમય વિષ્ણુ સર્વની અંદર બહાર રહી સર્વને ધારણ કરે છે એવી રીતે જાણતાં રાગદ્વેષાદિ કરવાનું રહેતું નથી. એવી રીતે હું, તું અને તે એમને એકરૂપે સમજતાં હે અપ્સરાઓ, રાગદ્વેષ કરવાનો અવસર રહેતો નથી. એવી રીતના જ્ઞાનવડે જેમની સર્વત્ર એક દૃષ્ટિ થઇ છે, તેઓ કેવળ લોક વ્યવહારને અનુસરી બહારથી જુદાપણું બતાવે છે. શરીર, ઇંદ્રિઓ અને અંતઃકરણ એ પંચભૂતમાંથી, પંચભૂત માયામાંથી, અને એ માયા પરમાત્મામાંથી, એવી રીતે સર્વની ઉત્પત્તિ હોવાથી આત્મામાં કેવી રીતે ભેદ માની શકાય? જેમ સમુદ્રમાંથી જળ ઉત્પન્ન થઇ પૃથ્વી ઉપર પૃથક્ પૃથક્ રૂપે દેખાઇ પાછું સમુદ્રમાં લય પામે છે, તેમાં જેમ જળમાં ભેદ દેખાતો નથી; તેમ આ જગત ભિન્ન ભિન્ન દેખાવા છતાં તે એક આત્મા સ્વરૂપે છે. જેમ અગ્નિ ઉપાધિ ભેદે જુદા જુદા આકારનો દેખાવા છતાં તે એક સ્વરુપે છે; તેમ આ જગત પણ ઉપાધિ ભેદે ભિન્ન ભિન્ન દેખાવા છતાં બ્રહ્મ સ્વરુપે છે. તમારા ઇંદ્રરાજાને અમારે માટે ક્ષોભ થયો છે તેથી તેમને કહેશો કે આ કહેલો વિવેક ચિત્તમાં આણી શાન્ત થાય. હે અપ્સરાઓ, આ મારા દેહની અંદર તમામ લોક, ઇંદ્ર, સુર, અસુર, સમુદ્ર, પર્વત, જંગલાદિ તમામ રહેલું છે તેમાંથી આ તમને એક ઉત્તમ સ્વરુપવાન સ્ત્રી બતાવી તેવી રીતે અખિલ જગત પણ તમને બતાવીશ. હે અપ્સરાઓ, ઇંદ્ર, ઇંદ્રપદનું અભિમાન કરી આવો પ્રયાસ શું કામ કરતા હશે. અરે, એમને કહેશો કે કોનું ઇન્દ્રપદ કાયમ રહ્યું છે કે તમે કાયમ રહેવાના

છો ! હે અપ્સરાઓ, અમને એવી રીતનું જ્ઞાન ઉત્પન્ન થવાથી સ્ત્રી આદિ સ્વરૂપ કુરૂપમાં ભેદ માલમ પડતો નથી. જે લોકો ભેદ દૃષ્ટિવાળા છે તેમને એવી રીતના ભેદો જોવામાં આવે છે. હે અપ્સરાઓ, આ જે ઉત્તમ પ્રકારનું સ્ત્રી રત્ન તમે જુઓ છો એનું નામ ઉર્વશી આપ્યું છે. એ તમારા સર્વમાં શ્રેષ્ટ અપ્સરા કહેવાશે. એ તમારા ઈન્દ્રને અમે પ્રીતિને લીધે અર્પણ કરીએ છીએ. તમારા ઇન્દ્રને કહેશો કે તમને વિના તપે તમારૂં ઇચ્છિત ફળ મળ્યું છે. એની સાથે ભોગ કરી પ્રસન્ન રહો, અને અમારા ઉપર કૃપાદૃષ્ટિ રાખી જગતનું પાલન કરો. હવેથી અમને આવી રીતની ઉપાધિ કરશો નહિ. આ સ્ત્રી રત્નવડે તમે નિવૃત્ત થાઓ. કદાચ આજ પછી ઉપાધિ કરશો તો તમને જરૂર શિક્ષા કરીશું. આ વચનથી ક્રોધ કરશો નહિ. અમે જગતના ઉપકાર માટે જન્મ લીધો છે. આ પ્રાપ્ત થયેલી ઉર્વશી ભવિષ્યમાં ઇન્દ્રરાજાને ત્રેતા અગ્નિરુપ થશે.

ઉપર પ્રમાણે સાંભળી અપ્સરાઓ શ્રી નર નારાયણને વારંવાર નમસ્કાર કરી કહે છે કે હે ભગવાન, આપના દર્શનથી આજ અમારા કોટી જન્મના દોષો ગયા. હે જ્ઞાનદાતા, આપશ્રીએ અમારા હિત માટે કરેલો ઉપદેશ સાંભળી આ માયાવેષ્ટિત મૂર્ખોને આપશ્રીના મહાત્મ્યની ખબર પડી. હે ભવભંજન, હે મનરંજન, આપશ્રીએ પ્રસન્ન થઇ આ વિશાલાક્ષી ઉર્વશીનાં દર્શન કરાવ્યાં તેવી રીતે આ દાસ દાસીઓને આપશ્રીની અંદર રહેલા જગતના સ્વરૂપને બતાવો. હે જગતપતે, અમે સર્વભાવે આપશ્રીના ચરણ કમળને શરણે આવ્યાં છીએ તેથી અમારા અપરાધ તરફ નહિ જોતાં પ્રસન્ન થઇ અમારી ઇચ્છાને પૂર્ણ કરો. જેમ માતાપિતા બાળકના અપરાધને જોતાં નથી તેમ હે દેવ, આપશ્રી દયાળુએ અમારો અપરાધ છતાં કોપ કર્યો નહિ. હે જગદિશ્વર, અમે વારંવાર નમસ્કાર કરી માગીએ છીએ કે આપના આત્માનાત્મા સ્વરૂપનાં (વિશ્વસ્વરૂપ) દર્શન કરાવો.

શ્રી નારાયણ—હે મધુ, મદન અને સુરાંગનાઓ, તમે આ અખિલ જગતને તેમજ તમારો જે જે કંઇ જોવાની ઇચ્છા હોય તેને મારી અંદર જુઓ. એમ કહી પોતે વિરાટ

(વિશ્વ) સ્વરૂપને ધારણ કર્યું. જેની અંદર બ્રહ્મા, પ્રજાપતિ, ઇંદ્ર, દ્વાદશ રુદ્ર, પિનાક ધનુષ્યને ધારણ કરવાવાળા મહાદેવજી, દ્વાદશ આદિત્ય, અષ્ટ વસુ, સાધ્યદેવ, વિશ્વદેવા, તમામ મહર્ષિઓ, અશ્વિનિકુમાર, અગ્નિનારાયણ, યક્ષ, ગંધર્વ, સિદ્ધો, પિશાચો, કિન્નરો, તમામ અપ્સરાઓ, વિદ્યાધર, સર્વ વેદો, મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષો, નદીઓ, સરોવરો, તમામ જીવજંતુઓ, તમામ સમુદ્રો, તમામ પર્વતો, સુશોભિત અરણ્યો, તમામ દ્વીપો, ઓગણપચાશ મરુતો, તમામ નાગો, નગર, ગામ અને પૃથ્વીના રાજાઓ, તમામ દેવાંગનાઓ, તમામ દેવો, તમામ નક્ષત્રો, તમામ ગ્રહો, તમામ તારાઓ, સંપૂર્ણ આકાશમાં રહેલા દેવાદિ પ્રાણીઓ, અને અખિલ વિશ્વસ્વરુપને જોઇ તેનો ઉર્ધ્વ અધઃ આદિ કોઇપણ પ્રકારે પાર નહિ લાગવાથી એ દેવાંગનાદિ તમામ વિસ્મય થઇ ભકિતપૂર્વક સ્તવન કરે છેઃ—

હે દેવાધિદેવ, આપના આ સ્વરુપમાં જોવા જતાં એના આદિ, અંત્ય કે મધ્યનો પાર લાગતો નથી, એવી રીતનું આ અપાર સ્વરુપ છે. હે અનંત જગતના આત્મારૂપ, એવા આ આપના અનંત નારાયણ સ્વરૂપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. હે પરાત્પર, આ પૃથ્વી, આકાશ, વાયુ, જળ, અગ્નિ અને શબ્દાદિરૂપે તમેજ છો. હે વિભો, આ જગતમાં જે કંઇ ભેદાદિ રૂપે દેખાય છે, તે સર્વ આપજ છો, એવાં આપનાં અચ્યુતસ્વરુપને અમે નમસ્કાર કરીએ છીએ. હે ભગવાન, આપશ્રી સર્વની અંદર રહી ચક્ષુવડે રૂપને જુઓ છો, કાનવડે શબ્દને સાંભળો છો, બીજરૂપે થઇ અખિલ જગતને ઉત્પન્ન કરો છો, નાકવડે સર્વ સુગંધોને લો છો, મુખવડે સર્વ ભક્ષણ કરો છો, પગવડે ચાલો છો, હાથવડે લેવડ દેવડ કરો છો, પ્રાણરૂપે રહી સર્વે શરીરને ધારણ કરો છો અને મનવડે મનન કરો છો, તે છતાં આપના સ્વરુપને કોઇજ જાણતું નથી. સર્વ દેવ, મનુષ્ય અને પશ્વાદિ વર્ગમાં આપશ્રી અંશભૂત થઇને રહ્યા નથી તે છતાં અજ્ઞાનીઓ આપને અંશભૂત જીવરૂપે કલ્પે છે; એવા આપના માયિક સ્વરૂપને અમે નમસ્કાર કરીએ છીએ. હે પરમાત્મા, આપ એક છતાં બુદ્ધિમાં બ્રહ્મારૂપે, શાન્તિમાં ચંદ્રરૂપે, બળમાં ઇન્દ્રરૂપે, ધૈર્યમાં સમુદ્રરૂપે, તેજમાં અગ્નિરૂપે, ક્ષમામાં પૃથ્વીરૂપે, ગમન કરવામાં

વાયુરૂપે, મનુષ્યમાં રાજારૂપે, દાનવોમાં મૂઢરૂપે, વિવેકમાં સનત સુજાતરૂપે, જળમાં રસરૂપે, પૃથ્વીમાં ગંધરૂપે, અગ્નિમાં તેજરૂપે, વાયુમાં સ્પર્શરૂપે, આકાશમાં શબ્દરૂપે, મનમાં મનનરૂપે, બુદ્ધિમાં બોધરૂપે, અને અહંકારમાં અહંરૂપે વ્યાપિને રહ્યા છો. હે ભગવાન, આપશ્રીના નાભિકમળમાં બ્રહ્મદેવ, ભ્રકુટિમાં સર્વનો નાશ કરનારા મહાદેવજી, કર્ણમાં અશ્વિનિકુમાર, બાહુમાં તમામ લોકપાળ, નાકમાં વાયુ, નેત્રમાં સૂર્ય ચંદ્ર, જીભ્હામાં સરસ્વતી, પાદમાં પૃથ્વી આદિ, પેટમાં તમામ સપ્તાદિ લોક, જંઘા અને પાદતળનાં આંગળીમાં પિશાચ, યક્ષ, નાગ અને સિદ્ધગણોનો સમુદાય, બંને હોઠમાં પુરૂષનો સમુદાય, મુખમાં તમામ યજ્ઞો, દાંત અને દાઢમાં તમામ નક્ષત્રરુપ દેવો, રોમમાં દેવનો સમુદાય, પાદની રેખામાં વિદ્યાધર, બાહુની સંધીમાં તમામ વેદો, વરાહરૂપે પૃથ્વી ધારણ કરવાવાળા, નૃસિંહરૂપે કાળ વિકાળ દાઢોને બતાવવાવાળા, અને ત્રિવિક્રમરૂપે પૃથ્વીને ભરવાવાળા, એવાં આપનાં આ તમામ સ્વરૂપોને અમે નમસ્કાર કરીએ છીએ. હે દેવ, આ તમામ સમુદ્રો, તમામ વનસ્પતિ, પર્વતો, ગંગાદિ મહા નદીઓ, દ્વિપો, અને જંગલો આદિ આપની અંદર જોવામાં આવે છે. હે ભગવાન આ તમામ મુનિઓ આપની અંદર રહી આપશ્રીની સ્તુતિ કરે છે, અને સર્વ યજ્ઞોવડે આપશ્રીનું યજન કરી નમસ્કાર કરે છે; એવાં આપનાં અનંત સ્વરૂપને અમે નમસ્કાર કરીએ છીએ. હે ભગવાન આપ આ જગતમાં સૂક્ષ્મ સ્વરૂપે કે મોટાં સ્વરુપે અથવા ઉષ્ણ સ્વરુપે કે શીતાદિ કોઇ સ્વરુપે નથી; પરંતુ એ સમસ્ત સ્વરૂપે તમેજ છો, છતાં એ સ્વરુપોથી આપશ્રી પર રહ્યા છો. હે સર્વ પ્રાણીઓના ઇશ્વર, હે સનાતન પરમેશ્વર, આપની માયાથી મોહિત થઇ અમારાથી આપનો જે કાંઇ અપરાધ થયો હોય તેને આપ પ્રસન્ન થઇ ક્ષમા કરો. હે દેવનાદેવ, અમે આપનો અપરાધ કર્યો એમ પણ અમારાથી કેમ કહેવાય, કેમકે હે ભગવાન, આપશ્રી સર્વ સર્વેરૂપે હોવાથી આ અમારા હૃદયમાં રહી આપની માયામાં અમને મોહિત કરવાથી અમે વિહ્વળ થઇ જવાથી ઉલટે માર્ગે વર્તી અપરાધ કર્યો છે તેની ક્ષમા આપો; અને આજ પછી આપશ્રીની માયા અમને ભ્રમિત ન કરે તેવી રીતે અમારા મનના દોષોને હણી જ્ઞાન જયોતિનો

પ્રકાશ કરો. હે દેવ, સૃષ્ટિ કર્તા બ્રહ્મદેવ વિવેકી હોવા છતાં પણ તેઓ આપના અપરાધી થયા છે તો અમારા જેવા અજ્ઞાનીને માટે તો બોલવાનુંજ કયાં રહ્યું ! હે ભગવાન, આપનાં ગોવિંદ, નારાયણ, જનાર્દનાદિ નામો વડે સ્મરણ કરતાં અમારાં પાપોનો કેમ નાશ નહિ થાય. હે પરમાત્મા, આપને અનંત વિશ્વાત્મા, વિશ્વરૂપ જાણી આપનું સ્તવન કરતાં અમારાં પાપોનો નાશ કેમ નહિ થાય ! હે દેવ, આપને વરેણ્ય, યજ્ઞપુરૂષ, પ્રજાપાલન, વામનાદિ નામોથી યાદ કરતાં અમારાં પાપોનો નાશ કેમ નહિ થાય ? હે નારાયણ આપને અબ્જ નામ, પ્રજાપતિ, હર, હરિ આદિ નામોથી યાદ કરતાં અમારાં તમામ પાપો કેમ નાશ નહિ થાય ? હે સંસાર સમુદ્રના નાવરૂપ, હે અધોક્ષજ, તમે અમારાં પાપોનો નાશ કરો. હે પરમેશ્વર, હે લક્ષ્મીપતિ, હે શેષશાઈ, હે વાસુદેવ, હે સ્વેચ્છા પ્રમાણે ગુણયુકત થવાવાળા, હે બ્રહ્માંડના ઉત્પત્તિ, સ્થિતિ, અને લયાદિ કરવાવાળા આપને વારંવાર નમસ્કાર કરી અમે માગણી કરીએ છીએ કે આપનું આ રુપ હવે અમારાથી જોઇ શકાતું નથી, કેમકે તેણે હજારો પ્રલયાગ્નિ સમાનરુપે સર્વ દિશાઓ, ગગન અને પૃથ્વી આદિને આવરણ કરી લીધું છે. હે ભગવાન, આપ વિદ્યમાનરૂપે કયાં રહો છો તે અમારાથી સમજી શકાતું નથી. આપના પિંડમાં આ સર્વ જગત જોવામાં આવે છે, તેથી અમારાથી આપના સ્વરૂપનું કેવી રીતે વર્ણન થાય, અને કેવી રીતે એનું પ્રમાણ બોલી શકાય ? હે ભગવાન, વાયુ, સરસ્વતી અને શેષાદિ જેવાથી આપના આ સ્વરૂપનું વર્ણન થઇ શકે નહિ, તો અમારી આ જીવ્હાથી આપનું મહાત્મ્ય કેવી રીતે વર્ણી શકાય ! હે ભગવાન, આપશ્રી આપના આ સ્વરૂપને સમાવી અમને આપનું પ્રથમનું મનોહર સ્વરૂપ બતાવી શાન્ત કરો, અને એટલા માટેજ અમે આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ.

માર્કંડ મહારાજ—હે રાજા, અપ્સરાદિને ઇશ્વરનાં પ્રત્યક્ષ દર્શન થવાથી તેમને ઉત્તમ જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી તેઓએ ઉપર પ્રમાણે સ્તુતિ કરી અને પોતાના આત્માને સર્વભૂત પ્રાણીની અંદર જોતાં એ વિશ્વરૂપમાં લીન થઇ શ્રી નારાયણ ભગવાનને ઋષિ સ્વરુપે જોવાથી વિસ્મય પામ્યાં અને કહેવા લાગ્યાં. અરે ! એજ ઇશ્વર, પર્વત, સાગર, ભૂમી, જલ, અગ્નિ, વાયુ, આકાશ,

કાળ, દિશા અને સર્વના આત્મારૂપે હોવાથી તેઓ આ જગતને પોતાના સ્વરૂપે ભાવના કરવાને અમને કહેતા હતા. અરે, દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, વિદ્યાધર, નાગ, મનુષ્ય, પશુ, કીટ, મૃગ, પક્ષી, અંતરિક્ષ, ભૂમિ, દેવ અને જલાદિ સર્વે જે ભગવાનનો આશ્રય કરીને રહ્યાં છે તે ભગવાન આ નરનારાયણ છે. એમ કહી સર્વે દેવાંગનાઓએ નમસ્કાર કર્યા, તેથી પ્રસન્ન થઇ નારાયણ ભગવાન બોલ્યા.

તમે આ ઉર્વશીને તમારી સાથે તમારા ઇંદ્રનું હીત કરવાને લઇ જાઓ. જેણે તમને જ્ઞાન ઉત્પન્ન કર્યું, તેજ સર્વ ભૂતોનો નાશ કરે છે એમ તેને જાણી તે માર્ગે તમે જાઓ. આ તમામ ભૂત પ્રાણીમાત્ર મારો અંશ છે. હુંજ આ ભૂતપ્રાણીમાત્રમાં રહેલો હોવાથી મારૂં નામ વાસુદેવ છે, એવી રીતે યોગીઓ જાણે છે. એનાથી પર બીજું કંઇજ નથી. એ સ્વરૂપ ને તમે અનંત કરીને જાણો અને તેનું રાત દિવસ સ્મરણ કરો. મેં તમને જે કંઇ ઉપદેશ કર્યો, તે ઉપદેશમાં બતાવ્યા પ્રમાણે જે કોઇ મને જાણશે તે પરમ પદની પ્રાપ્તિ કરશે. આ જગતમાં દેવ, મનુષ્યાદિ જે કંઇ છે તે સર્વે અનંત વાસુદેવે પોતાની અંદરથી કરેલું છે; એવી રીતે હે દેવાંગનાઓ, સર્વમાં મને જોવો. એ સાંભળી તમામ દેવાંગનાઓ શ્રી નરનારાયણ ભગવાનને નમસ્કાર કરી ઉર્વશીને લઇ ઇંદ્રરાજા પાસે આવી તેમને સર્વ હકીકત કહી. તે સાંભળી તથા ઉર્વશી જોઇ સર્વે દેવો વિસ્મય પામ્યા અને પોતપોતાના મનમાં લજવાઇ ગયા.

માર્કંડ—હે રાજા, તમે પણ સર્વ ભૂતપ્રાણી માત્રમાં ભગવાનને જોઇ એ કેશવ ભગવાનનું ચિન્તવન કરશો તો સંસાર ધર્મથી મુક્ત થશો. જે બુદ્ધિમંત વિશેષે કરીને સર્વ ભૂતાદિમાં પરમેશ્વરને જાણે છે તે બીજાના દોષોને કેવી રીતે જુએ, અને કેવી રીતે માયિક લોભવૃત્તિમાં પડે ? હે રાજા, સર્વે ભૂતાદિમાં ગોવિંદ વિના બીજું કાંઇજ નથી, એવી રીતનો નિશ્ચય કરી કોઇનાપર વૈરભાવ રાખવો નહિ. હે રાજા, આ સર્વ જગતને તમે વાસુદેવ રુપે જુઓ. એજ પરમેશ્વર અત્યારે કૃષ્ણ સ્વરુપે થયા છે, તે પરમેશ્વરનું સત્યસ્વરુપ તમને સમજાવ્યું. એ ભગવાનને જે જન્માદિ ભાવ રહિત જાણે છે તે જરુર ઇશ્વરના પરમપદની

પ્રાપ્તિ કરે છે. હે રાજા, જે કોઇ આ શ્રી નારાયણ ભગવાનના ઉપદેશને સાંભળી તેને મનમાં ધારણ કરશે, અને એ પ્રમાણે વર્તશે તે જરુર પરમપદ જે મોક્ષ તેની પ્રાપ્તિ કરશે. હે રાજા, જે ભક્ત એવી રીતે મહાદેવ અને વિષ્ણુના સ્વરુપને એક સમજી સર્વત્ર એ પરમેશ્વરના સ્વરુપને જોશે, તેને જન્મ મરણનું દુઃખ રહેશે નહિ. જે લોકો આ સંસાર સાગરમાં સ્ત્રી, પુત્ર, કન્યા, કુટુંબ પરિવારાદિરુપ વાયુના ઝપાટાથી હણાયલા એવા આર્ત અને વિષયરુપી વિષના જળમાં ડુબેલા છે, એવાઓને એ સમુદ્ર તરવાને વિષ્ણુરુપી નાવ જેવું બીજું સાધન આ જગતમાં નથી, માટે બુદ્ધિમાને એ નાવનો આશ્રય કરી આ ભવસમુદ્રથી પાર ઉતરી જવું.

હે રાજા, વિશ્વનાયક શ્રી નારાયણ ભગવાને ઋષિને ત્યાં અવતાર લેતાં મહામાયા ભૃગુકચ્છમાં આવી ભૃગુમહારાજને ત્યાં કન્યારૂપે અવતાર લઈ શ્રી લક્ષ્મીજી નામે ઓળખાવા લાગ્યાં, અને શ્રી વિષ્ણુ ભગવાનનું ધ્યાન કરવા લાગ્યાં. એ પ્રસંગમાં લક્ષ્મીજીના સાંભળવામાં આવ્યું કે ગંધમાદન પર્વતપર શ્રી નારાયણ ભગવાને અપ્સરાદિને વિશ્વરુપ બતાવી જ્ઞાનનો ઉપદેશ કર્યો. આથી લક્ષ્મીજીનું ચિત્ત અતિ વિહ્વળ થઇ ગયું, અને એ ભગવાન કયારે અને કેવી રીતે મારા પતિ થાય તેને માટે સાધનોનો વિચાર કરવા લાગ્યાં. એવી રીતની ચિંતા કરતાં જાણી મહા સતી પાર્વતી માતા આવી બોલ્યાં.

બહેન લક્ષ્મી, તમે શું કામ ફિકર કરો છો ? એ તમારા કાર્યની સિદ્ધિ માટે તપ કરો. અરે ! તમે જુઓ, મેં પણ તપ કર્યું ત્યારે મહાદેવજી મારા પતિ થયા, અને ગાયત્રીએ તપ કર્યું તેથી બ્રહ્મદેવ તેમના પતિ થયા; એ સિવાય જેણે જેણે તપ કર્યું છે તેણે ઇચ્છિત પતિની પ્રાપ્તિ કરી છે. તપ વિના મનોવાંચ્છિત ફળની પ્રાપ્તિ થતી નથી. એ સાંભળી શ્રી લક્ષ્મીજીએ મહા કઠણ નિયમોને ધારણ કરી એક હજાર વર્ષ તપ કરી શરીરને ક્ષીણ કરી નાંખેલું જોઇ તમામ ઇંદ્રાદિ દેવો મનમાં લજ્જા પામતાં ગંધમાદન પર્વતપર જઇ શ્રી નારાયણની પ્રાર્થના કરી બોલ્યા. હે શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરનારા ભગવાન, શ્રી ભૃગુમહારાજની ખ્યાતિ નામે પત્ની નિમિત્તે ઉત્પન્ન થએલી કન્યા

લક્ષ્મીજીએ આપને માટે અતિ ઉગ્ર તપ કરી શરીરને ક્ષીણ કરી નાખ્યું છે, તેથી આપશ્રી કૃપા કરી ત્યાં જઇ તેમને વર આપી તેમની ઇચ્છા પૂર્ણ કરો.

એ સાંભળી શ્રી નારાયણ ભગવાન સાગર નજીક ભૃગુક્ષેત્રમાં જ્યાં લક્ષ્મીજી બેસીને તપ કરતાં હતાં ત્યાં જઇ તેમને દર્શન આપી બોલ્યા, હે દેવી, હું તમારૂં તપ જોઇને પ્રસન્ન થયો છું, તેથી તમારી મરજીમાં આવે તે વર મારી પાસેથી માગી લો.

લક્ષ્મીજી—હે ભગવાન, આપશ્રી પ્રસન્ન થયા હોતો આપશ્રીએ ગંધમાદન પર્વતપર અપ્સરા, કામદેવ અને વસંતાદિને જે વિશ્વરૂપ બતાવ્યું હતું; તે સ્વરૂપનાં મને દર્શન કરાવો, અને આપશ્રી મારા પતિ થાઓ.

એ સાંમળી જેમના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ છે એવાશ્રી ભગવાને વિશ્વસ્વરુપ ધારણ કરી શ્રી લક્ષ્મીજીને દર્શન આપવાથી ત્યાં સાથે આવેલા ઇન્દ્રાદિ દેવોએ લજવાઇ જઇ પોતાના કરેલા અપરાધની ક્ષમા માગી. ત્યાર પછી શ્રી નારાયણ ભગવાન ચતુર્ભુજે થતાં શ્રી લક્ષ્મીજી સહિત સર્વે દેવોએ તેમની પૂજા કરી. ત્યાર પછી એ ભગવાન બોલ્યા, જે કોઇ મને વિશ્વરૂપે જાણી મારાં વિશ્વરુપની પૂજા કરશે તેને હું સંસારનાં સર્વ સુખો આપીશ. સર્વ ધર્મનું મૂળ અને પરમ તપ જે બ્રહ્મચર્ય કહેવાય છે, તેને પાળવાથી મારૂં નામ મૂલ શ્રીપતિ છે, અને મૂલશ્રી બ્રાહ્મી (લક્ષ્મી) પણ બ્રહ્મચર્ય પાળવાવાળી હોવાથી તે સર્વે પાપોનો નાશ કરી મહા પુણ્ય આપવાવાળી છે. એવી એ મહા પવિત્ર લક્ષ્મીજી તેનો પતિ હું છું. જે કોઇ આ મહા પાપ તાપોને બાળી ભકતોના મનોરથ પૂર્ણ કરવાવાળી શ્રી નર્મદામાં સ્નાન કરી પવિત્રપણે શ્રદ્ધા ભક્તિથી મને તથા લક્ષ્મીજી બંનેને પ્રાણીમાત્રને પ્રિયવર આપવાવાળાં જાણી “મૂલ શ્રીપતિ” નામથી અમારી પૂજા કરશે તેના સર્વે મનોરથ અમે પૂર્ણ કરીશું. જે કોઇ અહીંઆં શ્રદ્ધાભક્તિથી કંઇ પુણ્યદાન કરશે તેને હું પૃથ્વીનાં બીજાં તીર્થો કરતાં અનંતગણું વધારે ફળ આપીશ. જે કોઇ અહીંઆં શ્રદ્ધા ભક્તિથી મારાં બતાવેલાં વિશ્વ સ્વરુપની પ્રાર્થના કરશે તેની સર્વ કામનાને પૂર્ણ કરી છેવટે હું તેને પરમપદની પ્રાપ્તિ કરાવીશ. હે રાજા, આ મહા દુર્ઘટ સંસારરુપી જંગલની અંદર પડેલાં શ્રી

લક્ષ્મીજી મનવાંચ્છિત વરની પ્રાપ્તિ કરવાથી બહુ પ્રસન્ન થયાં અને શ્રી ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યાં. હે નારાયણ ભગવાન, આપશ્રી આ જગતના ધાતા, જગતના પતિ, પરબ્રહ્મઅને ભકતોના ભવસાગરનો નાશ કરવાવાળા છો. હે ભક્તવત્સલ, આપશ્રી મને આપની સાથે આ જગતની ઉત્પત્તિ અને લયાદિ કાર્યમાં જોડો, અને જેવી રીતે આપ મને પ્રિય છો; તેવી રીતે મને આપની પ્રિયા કરો; તેમજ ગૃહસ્થાશ્રમના ધર્મના કામમાં આપની સાથે મને જોડો. એ આશ્રમના નિયમે મારી પાસે પુણ્ય કર્મ કરાવો.

શ્રી નારાયણ—હે દેવી, તમે મને અહીંઆં બોલાવ્યો તેથી આજથી તમારૂં નામ "નારાયણગિરિ દેવી" છે, અને હું પણ અહીંઆં નારાયણગિરિના નામથી તમારી સાથે રહીશ. જે કોઇ શ્રદ્ધા ભક્તિથી મને શ્રી નારાયણ નામથી સ્મરણ કરે છે તેનાં કોટિ જન્મોનાં પાપોનો નાશ કરવાથી હું ગિરિ કહેવાઉં છું. હે દેવી, જેમ આ પૃથ્વીપરના તમામ પદાર્થો વગેરે ગિરિના આશ્રય વડે રહેવાથી પર્વત સર્વનો રાજા કહેવાય છે; તેમ સુરાસુર અને મનુષ્યાદિ તમામ મારો આશ્રય કરીને રહે છે; તેથી જે કોઇ તમારું ને મારું શ્રી નારાયણગિરિ નામથી સ્મરણ કરશે; તેનાં ગિરિ સમાન પાપોનો હું નાશ કરીશ. જે કોઇ નીચેના મંત્રે મારાં સમગ્ર નામ બોલી પૂજા કરશે તેનો હું દિવ્ય દેહ કરી દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ કરાવી દિવ્ય ભોગો અને દિવ્યલોકને આપીશ. ॥ મંત્ર ॥

शिवं श्री विश्वरूपंच श्रीपति मूलश्रीपतिम ॥
नारायण गिरिं देवं भृगुकच्छं नमाम्यहम ॥ १ ॥

જે કોઇ મને શીવ, સર્વે સિદ્ધિરૂપ, લક્ષ્મી વિશ્વરૂપ, શ્રીપતિ, મૂલ શ્રીપતિ, નારાયણગિરિ, ભૃગુજામાતૃ, કૂર્મ ભગવાન અને દેવતીર્થને નામે અહીંઆં સ્મરણ કરશે તેના સર્વ મનોરથને હું પૂર્ણ કરીશ.

ત્યારબાદ તમામ દેવોએ એ સર્વ હકીકત શ્રી ભૃગુમહારાજને કહેવાથી એ ઋષિ બહુ પ્રસન્ન થયા, અને વિધિવત્ પોતાની કન્યાનું દાન આપવાને માટે સર્વ સામગ્રી તૈયાર કરવા માંડી, તથા સ્વર્ગ

મૃત્યુ અને પાતાળમાંથી તમામ ઋષિઓને બોલાવી લગ્નનો સમારંભ કર્યો. એ લગ્નમાં બ્રહ્મખાદિ કાર્ય માટે બ્રહ્મદેવ અને સપ્ત ઋષિઓએ શ્રૃવા પકડયા. પૃથ્વીમાતા અને સાગરોએ મળી વેદી બનાવતાં ત્યાં મૂર્તિમંતરૂપે અગ્નિ આવ્યા. એ કાર્ય માટે નાના પ્રકારનાં રત્ન લઇ સમુદ્ર આવ્યા, અને કુબેર તમામ ધનનો ભંડાર લઇને આવતાં ત્યાં બ્રાહ્મણોને યથેચ્છ દક્ષિણા આપી. ત્યાં વિશ્વકર્માએ આવી સુશોભિત મંડપની રચના અને દરેક દેવાદિની યોગ્યતા પ્રમાણે બેસવાને આસનો તૈયાર કર્યા. સર્વને આમંત્રણ કરવાને અને સન્માન આપવાને માટે ઇંદ્રરાજા રહ્યા. કપિલાદિ નગરથી એ યજ્ઞ માટે બ્રાહ્મણો આવ્યા. તેમાં શૌનક, બાષ્કલા, છાકલા અને અત્રેયાદિ મુખ્ય હતા. અહીંઆં શ્રી ભૃગુકચ્છપ ક્ષેત્રમાં સર્વેશ્વર ભગવાનનાં લગ્ન નિમિત્તે તમામ દેવ ઋષિ આદિનો પરસ્પર સમાગમ થવાથી મહાવિચિત્ર પ્રકારનો દેખાવ અને આનંદ થઇ રહ્યો. ત્યાર પછી એ મખમાં આવેલા ઋષિઓમાંથી કોની કેવી રીતે યોજના કરવી તેને માટે સર્વેએ મળી શ્રી નારાયણ ભગવાને પૂછ્યું.

શ્રી ભગવાન—આ મખથી અંદર સદ્ભ્ય સનત્કુમાર, ઐાદ્ગતા અત્રિ અંગીરસ અને મરિચિ, હોતા. ધર્મવસિષ્ઠ, બ્રહ્મા સનકમુનિ એ વખતે પતિ સહિત લક્ષ્મીજીએ એ બ્રાહ્મણોને દક્ષિણામાં છત્રીશ હજાર ગામ આપ્યાં. ત્યાં બ્રહ્મદેવ અગ્નિમાં આહુતિ આપે છે, શ્રી સરસ્વતી માતા વીણા લઇ ઋષિપત્નીઓ સહિત તાલમાન મેળવી રાગરાગણી સહિત નાના પ્રકારે શ્રુતિનાં ગીતો ગાય છે, ગંધર્વો ગાયન કરે છે, અને અપ્સરાઓ નાચે છે, અને સિદ્ધગણો બંદિજન પ્રમાણે પોકાર કરે છે. ત્યાં શ્રી લક્ષ્મીજી અને શ્રી નારાયણ ભગવાને પરસ્પરના લલાટનાં દર્શન કરવાથી તે લલાટની ઉત્તમતા પ્રમાણે તે સ્થાનનું "શ્રી પતિક્ષેત્ર" નામ પડયું. એ સ્થાન મહાસિદ્ધિને આપવાવાળું હોવાથી તમામ દેવ ઋષિઓએ એ ભૃગુકચ્છપનું સેવન કરી ઇચ્છિત ફળ મેળવ્યું છે. ત્યાર પછી શ્રી લક્ષ્મીજીએ શ્રી ભગવાનને કહ્યું કે પ્રાણનાથ, હવે બ્રાહ્મણોને બેસાડવાની યોજના કરો. તે સાંભળી શ્રી ભગવાને મરિચ્યાદિ ઋષિઓને પોતાની નજીક બેસાડતાં શ્રી લક્ષ્મીજીએ શ્રી ભૃગુમહારાજના શિષ્યો આદિમાં જે બ્રહ્મચર્ય વ્રતવાળા હતા. તેમને પોતાની નજીકમાં

બેસાડવાને શ્રી ભગવાન પાસે આજ્ઞા માગતાં પાર્વતી સહિત શ્રી મહાદેવજી બેઠા હતા તે બોલ્યા, હે નારદજી, કૃષ્ણાજીન ધારણ કરેલા નૈષ્ઠિક અને સમાવર્તન કરેલા બ્રહ્મચર્ય વ્રતવાળા કોણ કોણ અને કેટલા છે, તેમને શોધી બેસાડવાની યોજના કરો. તે સાંભળી શ્રી નારદજીએ બાર હજાર કૃષ્ણાજીન ધારણ કરેલા અને ચોવીશ હજાર બીજા મળી છત્રીશ હજાર બ્રહ્મચારીઓને ક્રમ પ્રમાણે બેસાડતાં શ્રી લક્ષ્મીજીએ ઉઠી એ સર્વેની પૂજા કરી ચરણ પકડીને બોલ્યાં હે મહારાજો, તમે પ્રસન્ન થઇને મને આશીર્વાદ આપો. એમ કહી સર્વેને ધન, ધાન્ય, વસ્ત્રાભૂષણાદિ વાંચ્છિત આપી તેમનો આશીર્વાદ લઇ કર્મનો આરંભ કર્યો. એ સભાની મધ્યમાં શ્રી લક્ષ્મીજી સહિત ભગવાન શોભતા હતા. એ વખતે તમામ દેવઋષિ આદિની સ્ત્રીઓએ આવી વસ્ત્રાભૂષણ અને હળદિ કંકુ શ્રી લક્ષ્મીજીને આપતાં લક્ષ્મીજીએ તે સર્વ સ્ત્રીઓનું સન્માન કરી પોતાની નજીક તેઓને બેસાડયાં. ત્યાર બાદ એ કાર્યની સમાપ્તિ થતાં સર્વે ઋષિઓ બોલ્યા હે ભગવાન, આ યજ્ઞનું અવભૃથ સ્નાન કયાં કરવું તે આપશ્રી કૃપા કરીને કહો.

એ સાંભળી શ્રીપતિ ભગવાને પોતાના ચરણ કમળમાંથી ગંગાજી પ્રગટ કરતાં તે પવિત્ર જળ શ્રી નર્મદાજીના પવિત્ર જળની સાથે મળ્યું; તેથી દૂધમાં સાકર મળવા જેવો ત્યાં સર્વને આનંદ થયો. એ મહાપવિત્ર સ્થળમાં ત્યાં આવેલા સર્વએ મળી સ્નાન કરી એ તીર્થ અને શ્રીપતિની મધુપર્ક વિધાને અર્ઘ્યપાદ પૂજા કરી. સર્વે દેવઋષિએ એ તીર્થનું મહાત્મ્ય શ્રી મહાદેવજીને પૂછતાં શ્રી મહાદેવજી બોલ્યા.

હે દેવો, દશ અશ્વમેધ યજ્ઞ કરી અવભૃથ સ્નાન કરવામાં આવે, તેનું અહીંઆં સ્નાન માત્રે ફળ મળે છે. વળી અહીંઆં શ્રીપતિ ભગવાનની પૂજા કરી તમે અવભૃથ સ્નાન કર્યું, એનું તમને કેટલું પુણ્ય મળ્યું તે કહેવાને કોઇજ સમર્થ નથી, તેથી તેનું અનંતફળ કહેવામાં આવે છે. હે દેવો, આજથી આ તીર્થનું નામ દેવતીર્થ છે. જે કોઇ અહીંઆં નિત્ય શ્રદ્ધાભક્તિથી સ્નાન કરી હું, તમે, શ્રીપતિ અને સર્વે ઋષિ આદિઓએ મળી પૂજા કરેલા આ મહાદેવજીના બાણની પૂજા કરશે, તે અહીંઆંજ દેવસ્વરૂપે થઇ દેવોના વૈભવ ભોગવી છેવટે નિષ્કામી હશે તો

સદ્ય મુક્તિની પ્રાપ્તિ કરશે, અને કામી હશે તો ઉત્તરાયણુ માર્ગે તે તે લોકમાં જઇ સર્વે ભોગોને ભોગવી કલ્પાન્તે મુક્તિની પ્રાપ્તિ કરશે. એ સાંભળી સર્વે દેવો ભગવાનને નમસ્કાર કરી પોત પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા.

યુધિષ્ઠિર—હે મહામુને, એ તીર્થનું નામ દેવતીર્થ કેમ પડયું એનું મહાત્મ્ય મને સંક્ષેપમાં કહો.

માર્કંડેય—હે રાજા, આ બ્રહ્માંડની અંદર જે કાંઇ તીર્થો છે, તે તમામ તીર્થોમાં રહી સેવા કરવાવાળા, અને તમામ તીર્થોમાં ફરેલા મહા પુણ્યવાન સમસ્ત દેવ, પિતૃ, ઋષિ, અને સર્વે દેવના દેવો કે જેમનું અંતકાળે એકવાર નામ યાદ આવતાં યમ સુદ્ધાંનો ભય રહેતો નથી તે હરિ, હર, બ્રહ્માદિ દેવો વગેરે સર્વે આ તીર્થમાં આવી સ્નાનાદિ કરવાથી આ વૈષ્ણુવતીર્થ મહા પુણ્યને આપવાવાળું થવાથી તેનું દેવતીર્થ નામ પડયું. હે રાજા, આ પૃથ્વીપર કુરૂક્ષેત્ર, અંતરિક્ષમાં ત્રિપુષ્કરતીર્થ, અને દેવલોકમાં પુરૂષોત્તમ તીર્થ સર્વે કરતાં શ્રેષ્ટ કહેવાય છે; તે ત્રણેના કરતાં પણ આ દેવતીર્થ શ્રેષ્ટ કહેવાય છે. તેથી આ તીર્થના જેવું બીજું પવિત્ર તીર્થ બ્રહ્માંડમાં બીજી જગાએ નથી. એ તીર્થમાં જઇ મનુષ્ય એકવાર શ્રદ્ધાથી સ્નાન કરે છે, તેને પૃથ્વીના સર્વે તીર્થોમાં સ્નાન કરવાનું ફળ મળે છે. એ તીર્થમાં સૂર્ય, ચંદ્ર ગ્રહણમાં સ્નાન કરી જે કંઇ દાન આપવામાં આવે છે, તેનું અનંત કોટિગણું ફળ મળે છે. હે રાજા, શ્રી ભૃગુકચ્છ તીર્થનાં અનંત તીર્થો સર્વે પુણ્ય આપવાવાળાં છે ખરાં, પરંતુ સર્વ કરતાં આ તીર્થ શ્રેષ્ટ છે. જે કોઇ એ તીર્થમાં સ્નાન કરી એ સ્થાનમાંના દેવોને પૂજે છે તેને દેવલોકની પ્રાપ્તિ થાય છે. એ સ્થાનમાં જે શ્રદ્ધાભક્તિથી એક બ્રાહ્મણ જમાડે છે, તેને સ્વર્ગના સર્વ વૈભવ મળે છે. એ સ્થાનમાં એકાદશીને દિવસે ઉપોષણ કરી શ્રીપતિની પૂજા અને જાગરણ કરે છે, અને બીજે દિવસે નર્મદામાં સ્નાન કરી યથાશકિત બ્રાહ્મણ જમાડે છે તેને યમયાતના રહેતી નથી. જેમણે યથાવિધિ વૈષ્ણવી દિક્ષા લીધી હોય તેમણે આ દેવની નારદ પંચરાત્ર વિધાને પૂજા કરવી, તેણે પણ ઉપર બતાવેલા શ્લોકના નિયમે ધ્યાન કરી પૂજા કરવી. જે કોઇ એ હરિહરનું પંચામૃત, ધુપ, દિપ, નૈવેદ્યાદિ ષોડશોપચારે અથવા રાજોપચારે

પૂજા કરી ત્રિકાળ આરતિ ઓવાળે છે, તેનાવડે તે મનુષ્ય તમામ દુઃખનો નાશ કરી આયુર્દાવાન, લક્ષ્મીવાન, થઇ સર્વે સુખને ભોગવે છે. જે કોઇ સંધ્યાકાળે એ દેવોની આરતિ ઉતારી દેવનાં દર્શન કરે છે, અને તે આરતિ બંને હાથવડે લઇ તેનાવડે મુખ માર્જન કરે છે, તે દેવની પ્રીતિવાળો થાય છે, અને એના પ્રભાવે એના ચક્ષુઆદિ તમામ રોગોનો નાશ થાય છે. જે કોઇ એ દેવની સામે તેલનો નંદાદિપ રાખશે, તેના વંશની વૃદ્ધિ થશે, અને નર્મદામાં સ્નાન કરી જે શ્રીપતિની સામે ઘીના દીવાઓ કરી પ્રદક્ષિણા કરશે તેને અનંત પુણ્ય મળશે. જે કોઇ પિતૃઓના શ્રાદ્ધ વખતે એ તીર્થનું મહાત્મ્ય દેવપિતૃને શ્રવણ કરાવશે તે પિતૃઓના આશીર્વાદથી સર્વે સુખોને ભોગવશે.

॥ ઇતિશ્રી દેવતીર્થ મહાત્મ્ય ॥ ૨૩ ॥

—*—

તીર્થ ૨૪ મું.

ततो गच्छेद्धराधीश हंसतीर्थ मनुत्तमम ॥
यत्र हंसस्तपस्तप्त्वा ब्रह्मवाहन तांगतः ॥ १ ॥

હે રાજા, એ દેવતીર્થની નજીક હંસતીર્થ નામનું ઉત્તમ તીર્થ છે. એ જગ્યાપર હંસે તપ કરી મહાદેવજીનો પાસે બ્રહ્મદેવનું વાહન થવાનો વર પ્રાપ્ત કર્યો છે. એ જગ્યા, સ્નાન દાનાદિ કરતાં સર્વ પાપ અને દુઃખોને નાશ કરી સર્વે સુખોને આપે છે.

॥ ઇતિશ્રી હંસતીર્થ મહાત્મ્ય ॥ ૨૪ ॥

—*—

તીર્થ ૨૫ મું.

तस्यैवा नंतरं गच्छेत्सूर्य तीर्थ मनुत्तमम ॥
मूलस्थान मितिख्यातं पद्मजस्थापितं शुभम ॥ १ ॥

હે રાજા, હંસતીર્થની નજીક સૂર્યતીર્થ નામનું ઉત્તમ તીર્થ છે. એ મૂલસ્થાન નામથી વિખ્યાત છે. એ મૂલેશ્વર મહાદેવની સ્થાપના મૂલ શ્રીપતિની આજ્ઞાથી લક્ષ્મીજીએ કરી છે, અને એ સ્થાનમાં તીર્થનો પ્રકાશ કરવાને શ્રી સૂર્યની પણ સ્થાપના કરી છે.

(નવચોકીનો ઓવારો) અહીંઆં દરેક સાતેમ અને દરેક રવિવારે વિશેષ ફળ છે; તેમાં પણ શુકલપક્ષની સાતમે અથવા ભાનુ સપ્તમીને દિવસે ઉપોષણ કરી રક્તચંદન અને કરેણનાં પૂલાદિથી એ દેવની પૂજા, જાગરણાદિ કરવાથી સૂર્ય લોકની પ્રાપ્તિ થાય છે.

॥ ઇતિશ્રી મૂલસ્થાન તીર્થ મહાત્મ્ય ॥ ૨૫ ॥

—*—

તીર્થ ૨૬ મું.

હે રાજા, ત્યાર પછી અડતાલીશ દંડને અંતરે કંઠેશ્વર તીર્થ છે, ત્યાં તમારે જવું. એ સ્થાનમાં બ્રહ્મદેવના પુત્ર કંઠે આવો તપ કરી વેદવેદાંગનો પાર જાણવાવાળો થઇ કંઠ શાખાનો પ્રકાશ કર્યો. એ સ્થાનમાં એ ઋષિએ જે મહાદેવજીને બેસાડયા છે, તે કંઠેશ્વર મહાદેવના નામથી ઓળખાય છે. એ જગ્યાએ પવિત્રપણે બેસી જે વિદ્યાભ્યાસ કરે છે, તે થોડા વખતમાં મોટો વિદ્વાન થાય છે. એ સ્થાન આઠમ, ચૌદશે વિશેષ ફળને આપવાવાળું છે.

॥ ઇતિશ્રી કંઠેશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૨૬ ॥

—*—

તીર્થ ૨૭ મું.

હે રાજા, કંઠેશ્વર તીર્થથી પચાશ દંડપર અટ્ટહાસેશ્વર નામનું સર્વે દુઃખોનો નાશ કરવાવાળું તીર્થ છે ત્યાં તમારે જવું. એ સ્થાનમાં જમદગ્નિ નામના ઋષિના જાબાલી નામે પૌત્ર મૌન ધારણ કરી જડવૃત્તિ રાખી શ્રી મહાદેવજીનું ધ્યાન કરવા લાગ્યા. એમની તપશ્ચર્યાથી પ્રસન્ન થઇ શ્રી મહાદેવજી જટીલરૂપ ધારણ કરી વર આપવાને આવ્યા. તે છતાં એ જાબાલી ઋષિ મૌનને નહિ છોડતાં ઇસારતથી પ્રાર્થના કરવા લાગ્યા, તે જોઇ શ્રી મહાદેવજીને હસવું આવ્યું, તેથી એ મહાદેવજીનું નામ અટ્ટહાસેશ્વર પડયું. તે જોઇ મહાદેવજી બોલ્યા હે મુને, તેં યોગ સિદ્ધ કરેલો છે અને સર્વે સિદ્ધિઓ તારી સમીપ છતાં તું નહિ બોલવાથી મને હસવું આવ્યું, અને તે જોઇ તારી વાચા નીકળી માટે તારી ઇચ્છામાં આવે તે મારી પાસે માગ.

જાબાલી ઋષિ—હે ભગવાન, આપ પ્રસન્ન થયા હો તો આ અટ્ટહાસેશ્વર નામના આપના સ્થાનમાં આપશ્રી નિવાસ કરો, આ તીર્થ સર્વે પાપોને નાશ કરનારૂં થાઓ, અને મને આપશ્રીના ચરણુની પૂર્ણુ ભક્તિ આપો; તે પ્રમાણે વર આપી મહાદેવજી ગુપ્ત થયા. એ તીર્થમાં મૃત પુત્રવાન અગર વંધ્યા સ્ત્રી સ્નાન કરી શ્રદ્ધાભક્તિથી એ મહાદેવની સેવા અને દર્શન કરે છે, તો તે સારા પુત્રની પ્રાપ્તિ કરે છે. એ તીર્થમાં અષ્ટમી અને ચતુર્દશી વિશેષ ફળને આપે છે. એ દિવસે જો સ્ત્રી પૂજા કરી કુંભોદકના જળને બ્રાહ્મણુ પાસે અભિમંત્રણુ કરાવી તે જળવડે સ્નાન કરવાથી સારા પુત્રની પ્રાપ્તિ કરે છે.

॥ ઇતિશ્રી અટ્ટહાસેશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૨૭ ॥

—*—

તીર્થ ૨૮ મું.

હે રાજા, ત્યાર પછી પચાશ દંડનાપર ભુર્ભુવેશ્વર નામનું તીર્થ છે ત્યાં જવું. એ સ્થાનમાં બેસી શ્રી ભૃગુમહારાજે સો વરસ તપ કર્યું છે. તે પ્રસંગે એ સ્થાનમાં માઘ શિવરાત્રીની મધ્ય રાત્રીની સંધીમાં એકાએક પાતાલ ભેદી પરમલિંગ ઉત્પન્ન થયું. તે જોઇ શ્રી ભૃગુમહારાજે સાષ્ટાંગ નમસ્કાર કરતાં શ્રી મહાદેવજી પ્રસન્ન થઇ પ્રત્યક્ષ દર્શન આપી બોલ્યા, હે ઋષિ, તમારી ઇચ્છામાં આવે તે માગી લો.

શ્રી ભૃગુ—હે ભગવાન, આપ પ્રસન્ન થયા હો તો આ તીર્થમાં એકાદશ મૂર્તિરૂપે સદૈવ વાસ કરો. આ બાણુ વ્યાહૃતિનો ઉચ્ચાર કરતાં ઉત્પન્ન થયું છે, માટે એનું નામ ભુર્ભુવેશ્વર છે. આ સ્થાનમાં આવી જે શ્રદ્ધાભક્તિથી નર્મદામાં સ્નાન કરી આ મહાદેવની સેવા કરશે, તે કદાચ બ્રહ્મહત્યારો, ગોહત્યારો, ગુરૂપત્નીગમન કરનારો, સુવર્ણુ ચોરી કરનારો, માતા પિતા ત્યાગી, અભક્ષાભક્ષ કરનારો, આત્મઘાતી, દેવ, દ્વિજ, ગુરૂ અને સ્ત્રીની નિંદા કરનારો, જાણુ અજાણથી થયેલાં પાપોવાળો, અને બાળ, યુવા, અગર વૃદ્ધાવસ્થામાં કરેલાં પાપોવાળો હશે, તેનાં તમામ પાપોનો હું તત્ક્ષણુ નાશ કરીશ. એ તીર્થ સેવનાર વ્યાધિ અને દરિદ્રાદિ રહિત થઇ સાત જન્મ પર્યંત પૂર્ણુ સુખોને ભોગવનારો થશે. આ

સ્થાનમાં જે કોઇ મારી જેષ્ઠ માસની અષ્ટમી અને ચૌદશને દિવસ ઉપવાસ કરી પૂજા કરશે તેને અશ્વમેધનું ફળ મળશે, એમ કહી શ્રી મહાદેવજી ગુપ્ત થયા.

॥ ઇતિશ્રી ભુભુ વેશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૨૮ ॥

—*—

તીર્થ ૨૯ મું.

ततो गच्छेन्महीपाल भद्रकालीति संगमम् ॥
शूलतीर्थमितिख्यातं स्वयंदेवेन निर्मितम् ॥ १ ॥

હે રાજા—એની આગળ અડતાળીશ ડગલાંપર ભદ્રકાલી સંગમપર શૂલપાણી નામનું તીર્થ સ્વયં દેવદેવીએ નિર્માણ કરેલું છે. એ શૂલપાણી મહાદેવ અને શૂલેશ્વરી દેવીની ઉત્પત્તિને તમે સાંભળો. પૂર્વે એ સ્થાનમાં સર્વે ધર્મોને જાણવાવાળા, સાધન ચતુષ્ટય સંપન્ન અધિકારી માંડવ્ય નામના પ્રખ્યાત ઋષિ અશોક વનની અંદર એક વૃક્ષ નીચે મૌન ધારણ કરી મહા ઉગ્રતપ કરતા હતા. એ પ્રસંગમાં ચોર લોકો રાજદ્વારમાંથી ચોરી કરી નાસતાં તેમની પાછળ રાજદૂતો પડવાથી તે ચોરો ગભરાઇ તે ધનાદિને માંડવ્ય ઋષિની નજીક નાંખી દઇ સંગમમાં સંતાઇ ગયા. ત્યારબાદ રાજદૂતોએ આવી ઋષિને પૂછ્યું, આ તમારે ત્યાં ધનાદિ કોણ નાંખી ગયું ? ઋષિ પોતે સમાધિમાં હોવાથી તેમને ધનનો ખબર નહિ પડવાથી તેમણે રાજદૂતોને કંઇ ઉત્તર આપ્યો નહિ; તેથી એ રાજદૂતો ઋષિને બાંધી રાજા પાસે લઇ ગયા અને સર્વે હકીકત કહી. તે સાંભળી રાજાએ આજ્ઞા કરી કે એને શૂલીપર ચઢાવી દો, તેથી રાજદૂતોએ એ ઋષિને એક સ્તંભની સાથે શૂલીપર ચઢાવતાં ત્યાં એ ઋષિ તપના પ્રભાવે ઘણો કાળ શ્રી મહાદેવજીનું ધ્યાન ધરીને રહ્યા છે, એ સમાચાર ત્યાં તમામ ઋષિઓને મળતાં તેઓ મનમાં બહુ ખેદ કરવા લાગ્યા. તે પ્રસંગે એ માંડવ્ય મહારાજની પાસે રાત્રે અનેક પક્ષીઓ આવી પૂછવા લાગ્યાં કે હે ઋષિશ્રેષ્ઠ, આપને રાજાએ શા કારણથી શૂળીપર ચઢાવ્યા છે ?

ઋષિ—હે પક્ષીઓ, મને કંઇજ ખબર નથી, તેમ મેં રાજાનો કંઇ પણ અપરાધ કર્યો નથી. તે સાંભળી તમામ પક્ષી-

ઓએ જઇ એ હકીકત રાજાને કહીને બોલ્યાં અરે, તમે આ નિરપરાધી મહાતપસ્વી માંડવ્ય મહારાજને શૂળીએ ચઢાવ્યા એ ઠીક કર્યું નહિ. કદાચ એ તપસ્વી જો તમને શાપ આપશે તો તમારૂં અકલ્યાણ થશે. એ સાંભળી રાજાએ ત્યાં આવી ઋષિનો પ્રાર્થના કરી કહ્યું હે મહારાજ, અમે અજ્ઞાનીઓથી આપનો આ મોટો અપરાધ થયો છે, તેની ક્ષમા આપો, અને અમારાપર કૃપાદૃષ્ટિ રાખો; એમ કહી રાજાએ મુનિને શૂળી ઉપરથી ઉતારતાં એ મુનિના શરીરમાંથી માંસનો લોચો બહાર નીકળી આવતાં એમને અતિ ત્રાસ થવાથી મુનિશ્રીએ મનમાં મહાદેવજીનું ધ્યાન કર્યું. એ પ્રસંગમાં ત્યાં એકાએક તે શૂળના સ્તંભને ફાડી મહાદેવજી પ્રગટ થયા અને બોલ્યા, હે મુનિ, પાર્વતી સહિત હું તમને પ્રસન્ન થયો છું, માટે તમારો ઇચ્છામાં આવે તે માગો. આ લોકમાં સત્યવાનને તપની સિદ્ધિ જલદી મળતી નથી, તેનું કારણ સાંભળો દરેકને પૂર્વનાં કરેલાં કર્મોનું ફળ પ્રથમ ભોગવવું પડે છે; તેમાં શુભ કર્મો હોય તો શરીરને નાના પ્રકારના ભોગો મળે છે, અને પાપ કર્મોવડે નાના પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે. એવી રીતે મનુષ્યમાં પોતપોતાના કર્મોવડે અનેક પ્રકારો જોવામાં આવે છે. તેમાં કેટલાંક સદૈવ દરિદ્રી, કેટલાંક ધનની વિપત્તિવાળાં, કેટલાંક સંતતિ વિનાનાં, કેટલાક વિપરીત ચિત્તવાળાં, કેટલાક દુષ્ટવૃત્તિવાળાં, કેટલાક પુત્ર મરણથી પીડાતાં, કેટલાક મિત્રાદિવડે દુઃખી, કેટલાક રાજા, અગ્નિ અને ચોરથી પીડા પામેલાં, કેટલાક શરીરથી દુઃખી, કેટલાક વૃદ્ધાવસ્થાથી પીડાતાં, અને કેટલાક નાના પ્રકારનાં કષ્ટો પામતાં જોવામાં આવે છે. વળી કેટલાક પૂર્વના પુણ્યવાન તપ કરતા, કેટલાક ધર્મ મર્યાદે વર્તવાવાળા, કેટલાક દાતૃત્વવાન; કેટલાક સ્વપત્નીની સાથે પ્રેમવાળા, કેટલાક દાન કરવાવાળા કેટલાક સર્વમાં પૂજ્યપણું ભોગવવાવાળા, કેટલાક નિંદિત કર્મ કરતાં લજવાવાળા, કેટલાક વિનયવાન, કેટલાક ઘણા સદ્‌ગુણોવાળા, કેટલાક લક્ષ્મીવાન, કેટલાક શાંત, કેટલાક ધર્મપર પ્રીતિવાળા, કેટલાક તપ કરવાવાળા, કેટલાક માતાપિતા, ગુરૂ આદિ વડિલોની સેવા કરવાવાળા, કેટલાક પોતાના સંબંધીથી સુખ ભોગવવાવાળા, કેટલાક હરિહરાદિની એક ભાવે સેવા કરવાવાળા જોવામાં આવે છે. હે ઋષિ પૂર્વનાં કરેલાં દુષ્કર્મ

ભોગવ્યા વિના તેની શાંતિ થતી નથી. જે લોકો એવા કષ્ટના વખતમાં ઇશ્વરનું એક ભાવથી ચિન્તવન કરે છે, તેની અંદર આપોઆપ ધીમે ધીમે શાંતિની પ્રાપ્તિ થાય છે, અને તેને તે દુઃખો પછીથી ઓછાં માલમ પડે છે. હે ઋષિ તમે આવા મહા કષ્ટના વખતમાં મને અંતઃકરણથી ભૂલ્યા નહિ તેથી અમે ગૌરી સહિત તમને પ્રસન્ન થયાં છીએ.

માંડવ્ય—હે ભગવાન, આપશ્રી મને પ્રસન્ન થયા હો તો આ શૂળને તમે અમૃતસ્ત્રાવી કરો કે જેથી મને શરીરની અંદરથી કાઢતાં દુઃખ થાય નહિ.

શ્રી મહાદેવ—હે ઋષિ, તમે એ શૂળને માટે મારૂં ચિન્તવન કરવાથી હું આપના દુઃખનો નાશ કરવાને એકદમ પાતાળમાંથી પ્રગટ થઇ આ શૂળના મૂળમાં રહ્યો છું, અને આ પાર્વતી શૂળના અગ્ર ભાગમાં રહ્યાં છે, તેથી એ જગતમાતાએ એ શૂળને અમૃતસ્ત્રાવી કરી છે.

માંડવ્ય—હે ભગવાન હું જે આ શૂળમાં રહ્યો તે કથાનું જે સ્મરણ કરે તેના દુર્ભાગ્યનો તમે નાશ કરો. આ લોકમાં દુર્ભાગ્ય જેવું બીજું દુઃખ નથી. આ મારૂં ચરિત્ર પુરાણમાં ગવાવું જોઇએ, અને ત્રિલોકને આપ દહન કરો તેવારે મારૂં આપના સ્વરૂપમાં ઐકય થવું જોઇએ. જેમ વિષ્ણુના વક્ષસ્થળમાં રહી કૌસ્તુભ આનંદ કરે છે, તેવી રીતે મને આપના વક્ષસ્થળમાં ધારણ કરો. જે ઉમાદેવીનું અપમાન થવાથી તે પોતે દક્ષના યજ્ઞમાં બળી પુનઃ પાર્વતીરૂપે પ્રગટ થઈ આપને પ્રાપ્ત થયાં તે દેવી સહિત આપશ્રી આ સ્થાનમાં સ્થિતિ કરો.

એ સાંભળી ભૂમંડલ ભેદી શૂળના મૂળમાં મહાદેવજીનું લિંગ ઉત્પન્ન થઇ તેમાં શ્રી મહાદેવજી દેખાવા લાગ્યા, અને વામભાગે શૂલેશ્વરી દેવી પ્રતિમારૂપે દેખાવા લાગ્યાં. તે જોઇ શ્રી માંડવ્ય મહારાજ સ્તુતિ કરીને બોલ્યા, હે માતા, તમે આ સ્વરૂપે કયા કયા મુખ્ય સ્થાનમાં રહ્યાં છો, તે મને કૃપા કરીને કહો.

દેવી—હે ઋષિ, આ જગતમાં સર્વ કાળ સર્વ ભૂત પ્રાણીમાત્રરૂપે મને જોવી. આ બ્રહ્માંડની અંદર ચૌદલોકમાં મારા વિનાની કોઇજ વસ્તુ નથી, તે છતાં મારી સિદ્ધિની ઇચ્છાવાળાને

માટે હું મુખ્ય મુખ્ય સ્થાન કહીશ. તેમણે એ જગ્યાપર જઇ મારૂં તે તે સ્વરૂપે સ્મરણ કરવું. કાશીમાં વિશાલાક્ષી નામે, નૈમિષારણ્યે લિંગ ધારણી, પ્રયાગમાં લલિતાદેવી, ગંધમાદનપર કામુકા, માનસ સરોવરપર કુમુદા, અપરે વિશ્વકાયા, ગોમંતમાં ગૌત્તમી, મંદરાચળપર કામચારિણી, ચૈત્રરથ સ્થાનમાં મદોત્કટા, હસ્તિનાપુરમાં હયંતી, કાનકુબ્જમાં સ્થિતાગૌરી, યમલ પર્વતે રંભા, એકામ્રકે કીર્તિમતી, વિશ્વેશ્વરમાં વિશ્વા, પુષ્કરમાં પુરૂહુતા, કેદારમાં માર્ગદાયિ, હિમવતનગરે નંદા, ગોકર્ણમાં ભદ્રકર્ણિકા, સ્થાનેશ્વરમાં ભવાની, બિલ્વક પર્વતે બિલ્વપત્રિકા, શ્રી શૈલ્યે માધવી, ભદ્રસ્થાનમાં ભદ્રેશ્વરી, વારાહશૈલે જયા, કમલાલયે કમલા, રૂદ્રકોટીમાં કલ્યાણી, કાલંજરમાં કાલી, મહાલિંગમાં કપિલા, માકોટમાં મુકુટેશ્વરી, શાળીગ્રામમાં મહાદેવી, શિવલીંગમાં જલપ્રિયા, હરદ્વારમાં કુમારી, સંતાનમાં લલિતા, સહસ્રાક્ષમાં ઉત્પલાક્ષી, હિરણ્યાક્ષમાં મહોત્પલા, ગયામાં વિમલા, પુરૂષોત્તમમાં મંગલા, વિપાશામાં અમોઘાક્ષી, પુંડ્રવર્ધનમાં પાટલા, સુપાર્શ્વમાં નારાયણી, ત્રિકુટ પર્વતપર ભદ્રસુંદરી, વિપુલ પર્વતપર વિમલા, મલયાચલપર કલ્યાણી, કોટીતીર્થમાં કોટવી, ગંધમાદનપર સુગંધા, ગોદાશ્રમે ત્રિસંધ્યા, ગંગાદ્વારમાં રતિપ્રિયા, શિવચંડમાં સભાનંદા, દેવીકા તટપર નંદિની, દ્વારકામાં રૂક્મિણી, વૃંદાવનમાં રાધા, મથુરામાં દેવકી, પાતાળમાં પરમેશ્વરી, સહ્યપર્વતે એકવીરા, હરિશ્ચંદ્રમાં ચંડિકા, રામતીર્થમાં રમણા, યમુનામાં મૃગાવતી, કોલ્હાપુરમાં મહાલક્ષ્મી, વિનાયકમાં રૂપાદેવી, વૈદ્યનાથમાં આરોગ્યા, ઉજ્જનમાં મહેશ્વરી, ઉષ્ણુતીર્થમાં અભયા, વિંધ્યાચળમાં મૃગી, માંડવ્ય ક્ષેત્રમાં માંડુકી, માહેશ્વરમાં સ્વાહા, છાગલિંગમાં પ્રચંડા, અમરકંટમાં ચંડિકા, સોમેશ્વરમાં વરારોહા, પ્રભાસમાં પુષ્કરાવતી, સરસ્વતી નદીમાં વેદમાતા, પરાતટપર પારા, મહાલયમાં મહાભાગા, પયોષ્ણીમાં પિંગલેશ્વરી, ઉત્પલાવર્તકમાં લોલા, શોણ સંગમપર સુભદ્રા, સિદ્ધવટમાં મતા, ભારત આશ્રમમાં લક્ષ્મીતરંગા, જાલંધરમાં વિશ્વમુખી, કિષ્કંધપર્વતે તારા, દેવદારૂવને પુષ્ટિ, કાશ્મીર દેશમાં મેધા, હિમાદ્રીપર ભીમાદેવી, વસ્ત્રેશ્વરમાં પુષ્ટિ, કપાલ મોચનમાં બુદ્ધિ. કાયાવરોહણમાં માતા, શંખોદ્ધારમાં ધ્વની, પિંડારકમાં ધૃતિ, ચંદ્રભાગામાં કાલા. અચ્છોદમાં શક્તિ ધારિણી,

વેણામાં અમૃતા, બદ્રિકાશ્રમમાં ઉર્વશી, ઉત્તર કુરૂમાં ઔષધી, કુશદ્વીપમાં કુશોદરા, હેમકૂટપર મન્મથા, કુમુદે સત્યવાદી, અશ્વત્થમાં વંદિનીકા, વૈષ્ણવાલયમાં નિધિ, વેદમુખમાં ગાયત્રી, શિવસન્નિધ પાર્વતી, દેવલોકમાં ઇંદ્રાણી, બ્રહ્મદેવ મુખે સરસ્વતી, સૂર્યમાં પ્રભા, સર્વે માતૃકાઓમાં વૈષ્ણવી, સતીઓમાં અરૂંધતિ, સ્ત્રીઓમાં તિલોત્તમા, જગતરૂપ ચિત્રમાં બ્રહ્મકલા, સર્વે શરીરે શક્તિ, ભૃગુક્ષેત્રમાં શૂલેશ્વરી, શ્રી ભૃગુમહારાજના સન્નિધમાં સૌભાગ્ય સુંદરી નામે, રહેલી છું. હે મુનિ, મેં તમને મારાં એકસોને આઠ સ્થાન તથા નામો મુખ્ય બતાવ્યાં. હે મુનિ, હું સર્વત્ર પરિપૂર્ણ નામરૂપે ભરાઇ રહેલી છું એવી રીતે જાણી જે કોઇ આ મારાં એકસો ને આઠ નામનો મહાદેવજીની સામે ભક્તિપૂર્વક પાઠ કરશે, તે સર્વ પાપોથી મુક્ત થઇ પોતાની સર્વ કામનાને સિદ્ધ કરશે. જે સ્ત્રી એ કહેલાં તીર્થમાં જઇપ્રીતિ પૂર્વક ત્રણ દિવસ રહી સ્નાનાદિ કરી શિવ સહિત મારી અને મારા ગણોની પૂજા કરશે તેનાં સર્વે દુઃખોનો નાશ થશે. જે સ્ત્રી નિત્ય નિયમે મારૂં દર્શન કરશે, તેને પતિ પુત્રાદિથી દુઃખ થશે નહિ. જે સ્ત્રી અહીંઆં તુલા પુરૂષનું દાન કરશે તેનાં સર્વ દુઃખોનો નાશ થઇ તે સર્વ સુખોની પ્રપ્તિ કરશે, અને આગળના પદંર જન્મપર્યંત તે સાવિત્રીના જેવી સ્વરૂપવાન થઇ રાજ્યપત્નીનું સુખ ભોગવશે. જે કોઇ એ તીર્થમાં ત્રણ દિવસ ભક્તિથી સ્નાન કરી એ દેવદેવીની પૂજા કરશે તેને કોઇનો શાપ થયો હશે તો તે શાપથી મુક્ત થશે. જે કોઇ દરેક શિવરાત્રીને દિવસે જાગરણ કરી એ દેવદેવીની પૂજા કરી, બીજે દિવસે બ્રાહ્મણનું દાંપત્ય જમાડશે તે સર્વ પાપોથી મુકત થઇ રૂદ્રલોકમાં જશે.

॥ ઇતિશ્રી શૂળેશ્વરતીર્થ મહાત્મ્ય ॥ २९ ॥

તીર્થ ૩૦ મું.

હે રાજા ત્યાર પછી ચાલીશ ડગલાંપર સરસ્વતી નામનું મહાપુણ્યને આપવાવાળું તીર્થ છે ત્યાં જવું. એ તીર્થમાં બ્રહસ્પતિ મહારાજે શ્રી સરસ્વતી માતાને પ્રસન્ન કરવાને ઘણો કાળ

તપ કર્યું, તેના વડે શ્રી સરસ્વતી માતા પ્રસન્ન થઇ બોલ્યાં હે, ઋષિ, તમારી ઇચ્છામાં આવે તે માગી લો.

બ્રહસ્પતિ—હે માતા, આપ પ્રસન્ન થયાં હો, તો અહીંઆં નર્મદા સાથે યમુનાજીનો સંગમ કરો, અને આ નર્મદાના ઉત્તરતીરમાં કાલીંદ્રીનો નિત્ય નિવાસ કરો, અને તમે પણ અત્રે રહી વિદ્યાર્થીઓને વેદ, વેદના અંગ અને સર્વે શાસ્ત્રોથી પરિપૂર્ણ કરો, એમ કહી શ્રી બ્રહસ્પતિ મહારાજે નમસ્કાર કર્યાં.

ત્યાર પછી શ્રી સરસ્વતી માતા બોલ્યાં, આજથી અહીંઆં નર્મદા સાથે યમુનાજીનો વાસ સંગમરૂપે થશે, અને તમારી માગણી પ્રમાણે જે શ્રદ્ધાથી આ તીર્થનું સેવન કરશે તેને વિદ્યાદાન આપીશ, એમ કહી પોતે ગુપ્ત થયાં. એ જગ્યાએ સ્નાન કરવાથી બ્રહ્મહત્યાનો નાશ થાય છે. એ તીર્થમાં ત્રીજ, અષ્ટમી, દશમી, ત્રયોદશી, ચતુર્દશી, અમાવાસ્યા અને શુકલપક્ષની પંચમી વિશેષ ફળને આપે છે. તે દિવસે ઉપોષણ કરી એ તીર્થમાં સ્નાન, એ દેવદેવીની પૂજા, અને શ્રાદ્ધાદિ કરી બીજે દિવસે બ્રાહ્મણ ભોજન કરે છે, તેને અક્ષય ફળ મળે છે. પવિત્ર બ્રાહ્મણોને શોધી તેમને જમાડવા તથા દાન આપવું. તીર્થમાં તીર્થના બ્રાહ્મણોને દાન આપવું, બહારથી આવીને વસેલાને આપવું નહિ. જે બ્રાહ્મણ એ તીર્થમાં સ્નાન કરી સંધ્યાદિ કર્મ કરે છે, તેને અગ્નિષ્ટોમ યજ્ઞનું નિત્ય ફળ મળે છે. મુગો અગર બધિર એ તીર્થમાં નિત્ય શ્રદ્ધા ભક્તિથી સ્નાનાદિ કરતાં શ્રી સરસ્વતી માતાની કૃપાથી વાચાલ તથા સાંભળનાર થાય છે. એવી રીતે સર્વે કામનાને પરિપૂર્ણ કરનારૂં એ તીર્થ છે.

॥ ઇતિશ્રી સરસ્વતી તીર્થ મહાત્મ્ય ॥ ૩૦ ॥

-*-

તીર્થ ૩૧ મું.

ततो गच्छेत राजेंद्र दारुकेश्वर संज्ञितम् ॥
पूर्वोक्तेन प्रमाणेन तीर्थं परम शोभनम् ॥ १ ॥

હે રાજા, ત્યાર પછી આગળ ચાલીશ ડગનાપર દારૂકેશ્વર તીર્થ છે ત્યાં જવું, એ સ્થાનમાં દારૂક નામના મુનિએ ઇંદ્રના

સારથી થવાને માટે શ્રી પરમેશ્વરની બહુ કાળ ઉપાસના કરવાથી ભગવાને પ્રસન્ન થઇ એમને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરાવી ઇંદ્ર રાજાનું સારથીપણું આપ્યું એ તીર્થમાં કપિલા અગર કોઇ પણ ગાયનું દાન આપવાથી અનંત ફળ મળે છે. એ તીર્થમાં વૈશાખ માસની શુકલઅષ્ટમી અનંતગણું ફળ આપે છે.

॥ ઇતિશ્રી દારૂકેશ્વર તીર્થ મહાત્મ્ય ॥ ૩૧ ॥

—※—

તીર્થ ૩૨ મું.

तस्यै वानंतरं राजन्नाश्विनं तीर्थमुत्तमम् ॥
कामिकं सर्वतीर्थानां प्राणीनां सिद्धिदायकम् ॥ १ ॥

હે રાજા, એ તીર્થ પછી સર્વ કામનાને સિદ્ધ કરનારૂં આશ્વિન તીર્થ છે ત્યાં જવું. એ તીર્થમાં અશ્વિનિકુમાર જે સર્વે દેવોના વૈદ્ય કહેવાય છે, તેમણે તપ કરી શ્રી મહાદેવજીની કૃપાથી યજ્ઞમાં હવિ ભાગને પ્રાપ્ત કર્યો એ અશ્વિનિકુમારની ઉત્પત્તિને સાંભળો સૂર્યનારાયણને અતિ તેજવાન જોઇ તે તેજ સહન થાય તેવી શક્તિ પ્રાપ્ત કરવાને શ્રી સંજ્ઞા દેવી મેરૂ પર્વતપર તપ કરવાને બેઠાં હતાં. તે પ્રસંગમાં ત્યાંથી સૂર્યનારાયણ ભગવાન જતાં સંજ્ઞા દેવીનું તપરૂપ સ્વરૂપ જોઇ કામ ઉત્પન્ન થવાથી ઘોડાનું સ્વરૂપ લઇ ત્યાં આવતાં એ ભગવાનનું વીર્ય ક્ષલિત થવાથી તે વીર્યે નાસિકાદ્વારથી સંજ્ઞાદેવીના અંદર પ્રવેશ કર્યો, તેથી એ અશ્વિનિ કુમારનું ઘોડા જેવું મુખ થયું. એવી રીતે અતિ સ્વરૂપવાન એ સૂર્યપુત્રની ઉત્પત્તિ છે એ તીર્થમાં જઇ અશ્વિનની શુકલદશમીને દિવસે જે કોઇ સ્નાન અને મહાદેવની પૂજા કરશે તે આગલા જન્મમાં નીરોગી સ્વરૂપવાન અને ભાગ્યવાન થશે.

॥ ઇતિશ્રી આશ્વિન તીર્થ (ગોનાગોનિતીર્થ) મહાત્મ્ય ॥ ૩૨ ॥

—※—

તીર્થ ૩૩ મું.

तस्यै वानंतरं पार्थ सावित्री तीर्थमुत्तमम् ॥
यत्र सिद्धामहाभागा सावित्री वेद मातृका ॥ १ ॥

હે રાજા, ત્યાર પછી તમારે જ્યાં વેદમાતા સાવિત્રીએ સિદ્ધિની પ્રાપ્તિ કરી છે, તે ઉત્તમ સાવિત્રીતીર્થમાં જવું. અહીંઆં બ્રહ્મદેવનાં પત્ની તપ કરી ત્રણ લોકમાં પૂજ્ય થયાં છે, અને ત્યારથી એ પોતે ગાયત્રી માતાના નામથી ઓળખાવા લાગ્યાં. બ્રહ્મણ સિવાયના અન્ય જો એ ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરશે તો તે અવશ્યમેવ રૌ રૌવાદિ મહા નર્કમાં જશે. આગળના ત્રણ યુગમાં બ્રાહ્મણ, ક્ષત્રિ અને વૈશ્યને એ ગાયત્રીનો અધિકાર હતો. તે વખતે પણ જેવી રીતે બ્રાહ્મણો એ ગાયત્રીના જપ કરે; તેવી રીતે ક્ષત્રિથી થાય નહિ, અને ક્ષત્રિ જેવી રીતે જપે તેવી રીતે વૈશ્યથી એ મંત્રના જપ થાય નહિ. એ ત્રણેની ઉપવીત વિધિ અને ગાયત્રીની અનુષ્ટાન વિધિ તે વખતે પણ જુદી જુદી હતી, તે પ્રમાણે તે લોકો તે મર્યાદે વર્તતા હતા. ત્યાર બાદ પાછળથી કલિના પ્રભાવે પોતાના પેટના સ્વાર્થપર જઇ ક્ષત્રિ વૈશ્યોએ એ ઉપવીતનો ત્યાગ કર્યો, ત્યારથી એ બંને વર્ણોનો એ અધિકાર ચાલ્યો ગયો. એ ગયેલો અધિકાર પાછળથી કોઇથીજ કોઇ પણ પ્રકારે કોઇ પણ પ્રાયશ્ચિત આપીને એમને પાછો આપી શકતો નથી, કારણ કે એને માટે એનું પ્રાયશ્ચિત કે વિધિ વિધેય શાસ્ત્રમાં કોઇ જગ્યાએ બતાવ્યું નથી. જેવી રીતે બ્રાહ્મણ ભ્રષ્ટ થાય તો તેના મરણ પર્યંતમાં અમુક પ્રાયશ્ચિત કરી અમુક વિધિ પ્રમાણે પુનઃ ઉપવીત લઇ અમુક વિધિએ ગાયત્ર્યાદિ અનુષ્ટાન કરવું એ પણ બ્રાહ્મણના મરણ પર્યંતમાં કહ્યું છે. એવી રીતના પાપાત્મા બ્રાહ્મણોથી ભ્રષ્ટપણામાં જે પ્રજા થઇ હોય, તેને અમુક પ્રાયશ્ચિત આપી બ્રાહ્મણ કરવી, એવું શાસ્ત્રમાં કોઇ જગ્યાએ કહ્યું નથી, તેથી તે પ્રજા પણ બ્રાહ્મણ થઇ શક્તી નથી. એ કારણથી શાસ્ત્રે કહ્યું છે કે એવી રીતના પતિત પતિનો સ્ત્રીએ ત્યાગ કરવો. જો એ પ્રજાને પ્રાયશ્ચિત આપી લઇ શકાતી હોત તો સ્ત્રીને પતિનો ત્યાગ કરવાનું કોઇ દિવસ શાસ્ત્ર કહેત નહિ; કારણ પતિ એજ સ્ત્રીનો પરમેશ્વર છે. એવી રીતે જે શાસ્ત્રે કહ્યુ છે તે શાસ્ત્ર પતિત (ઘટસ્ફોટન થયેલા) પતિનો ત્યાગ કરવો એમ સ્ત્રીને કહેજ નહિ. જે સ્ત્રી એવા પતિનો ત્યાગ ન કરે તે સ્ત્રી આ લોકને પરલોકથી ભ્રષ્ટ થાય છે એમ શાસ્ત્રે કહ્યું છે. એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે પતિત બ્રાહ્મણનાથી થયેલી પ્રજા બ્રાહ્મણ

થઇ શકતી નથી, તેવી રીતે ક્ષત્રિ વૈશ્યને માટે પણ પ્રાયશ્ચિત નહિ હોવાથી તેમને એ સંસ્કાર કોઇથીજ આપી શકાતા નથી, તેમ આજ પર્યંતમાં આપણા કોઇ પણ મહાન આચાર્યોએ કોઇજ ક્ષત્રિ વૈશ્યને આપ્યા પણ નથી. કદાચ એ આચાર્યોમાંથી શ્રી શંકરાચાર્ય ભાષ્યકાર ભગવાન જેવા સમર્થ તે વખતે જો કોઇ ક્ષત્રિ રાજા આદિને પ્રાયશ્ચિતાદિ આપી જો એ સંસ્કાર આપ્યા હોત તો પછી કોઇને બોલવાનું રહેતજ નહિ; પરંતુ શાસ્ત્રમાં એનું પ્રાયશ્ચિતાદિ નહિ હોવાથી તેમણે તમામ ક્ષત્રિ વૈશ્યોને સ્પષ્ટપણે ના કહી હતી કે તમને અધિકાર મળી શકે નહિ, માટે તમે પુરાણોકત વિધિએ સંસ્કાર કરાવી સુખી થાઓ. એવી રીતે આશીર્વાદ મળતાં કેટલાક ક્ષત્રિ વૈશ્યોએ પુરાણોકત વિધિ પ્રમાણે ઉપવીત ધારણ કર્યાં, અને તેઓ પુરાણોકત કર્મો કરવા લાગ્યા. આજકાલ પેટના સ્વાર્થ માટે જે બ્રાહ્મણો ખોટો શાસ્ત્રાર્થ કહી પૈસા કઢાવી બ્રાહ્મણ સિવાયનાને વેદોકત કર્મો આપે છે તે શાસ્ત્રાર્થ આપવાવાળા, એ કર્મો કરાવવાવાળા, અને એ કર્મો કરવાવાળા જરૂર મહાપાપભાગી થઇ નર્કમાં જનાર છે, એને માટે જરાપણ સંશય નથી. તેથી નિશ્ચય પૂર્વક કહેવામાં આવે છે કે કલિયુગમાં બ્રાહ્મણ સિવાય અન્ય દ્વિજો કહેવાતા નથી, તેમ એ ક્ષત્રિ વૈશ્યોને વેદોક્ત કર્મનો અધિકાર નથી, એટલા માટે જ્યાં ત્યાં ક્ષત્રિ વૈશ્યવર્ણનો અભાવ છે એમ કહ્યું છે, માટે જેમને સુખની પ્રાપ્તિ કરવી હોય તેમણે એવી ભાંજગડમાં નહિ પડતાં શાસ્ત્રના સરળ માર્ગે ચાલ્યા જવું. જેમ રાજાના કાયદાનો ભંગ કરનાર ગુનેગાર ગણાઇ સજાને પાત્ર થાય છે, તેમ ઇશ્વરના શાસ્ત્રરૂપી કાયદા માટે સમજવું. એ શાસ્ત્રાર્થના નિશ્ચય માટે ત્રણ પ્રમાણો કહ્યાં છે. પ્રથમ વેદમાં જે વાત કહી હોય તે વાતનો ખુલાસો સ્મૃતિ કરે છે, અને જે વાત સ્મૃતિમાં કહી હોય તેનો ખુલાસો ધર્મશાસ્ત્રો કરે છે, અને તે પ્રમાણે પોતાપોતાની શાખાના આચાર્યોએ દરેક કર્મ માટે સૂત્રો કહી તેના પ્રયોગ બાંધી આપ્યા છે, તે પ્રમાણે તે તે કર્મો તથા તે તે પ્રાયશ્ચિતો કરવામાં આવે છે. એ ત્રણ પ્રમાણ જેને માટે મળે તે વચન સિદ્ધ કહેવાય છે, અને બુદ્ધિમાનને તપાસ કરતાં એવી રીતનો આ નિર્ણય તરત લક્ષમાં આવશે. એ સાવિત્રીનું પ્રાતઃકાળે રકતવર્ણ અને બાલ્યા

વસ્થા, મધ્યાન્હે શ્વેતવર્ણ અને યુવાવસ્થા અને સાયંકાળે શ્યામવર્ણ અને વૃદ્ધાવસ્થા છે. એવી રીતે ધ્યાન કરી બ્રાહ્મણો એ ગાયત્રીને જપતાં તમામ પાપોને બાળી આ ગહન સંસારમાં સુખને મેળવે છે. શુદ્રાદિ એ ગાયત્રી અને વેદાદિનો ઉચ્ચાર કરે તો વેદે કહ્યું છે કે રાજાએ તેની જીવ્હા કાપી નાખવી, અને શ્રવણ કરે તો કાનમાં લાખ ભરી કાન બંધ કરવા. જ્યારે અહીંઆં ઇશ્વરે રાજાઓને એવી રીતની સજા કરવાની આજ્ઞા આપી ત્યારે ઇશ્વર એમને કેવી સજા કરશે એનો વિચાર પોતે કરી લેવો, માટે જેમને સુખી થવું હોય તેમણે જાણી જોઇ અગ્નિમાં પડી બળી મરવું નહિ. જે બ્રાહ્મણો થઇ એ ગાયત્રી આદિનો ઉપાસના કરતા નથી તે જીવંત શૂદ્રવત્ છે, અને મુઆ પછી અવશ્ય તે કુતરા થાય છે. જે કોઇ એ સાવિત્રીતીર્થમાં સ્નાન કરી-શ્રદ્ધાભક્તિથી શ્રી સૂર્યનારાયણ અને શ્રી મહાદેવજીની પૂજા કરી દેવપિતૃ કાર્ય કરે છે, તે આગળના જન્મમાં બ્રાહ્મણ થઇ પુત્ર, પૌત્ર, ધનાદિ અને સર્વ સુખોને ભોગવે છે.

॥ ઇતિશ્રી સાવિત્રીતીર્થ મહાત્મ્ય ॥ ૩૩ ॥

——*——

તીર્થ ૩૪ મું.

હે રાજા, ત્યાંથી બાર ધનુષ્યને અંતરે વાલખિલ્યેશ્વર તીર્થ સર્વ પાપોનો નાશ કરનારૂં છે ત્યાં જવું. પૂર્વે પાર્વતી માતાનાં મહાદેવજી સાથે લગ્ન થયાં તેવારે બ્રહ્મદેવનું વિર્ય સ્ખલિત થવાથી તેની અંદરથી અંગુષ્ટમાત્ર પ્રમાણના સાઠ હજાર જટાજુટ સહિત ઋષિઓ ઉત્પન્ન થયા હતા તે ઋષિઓ વાલુકાના સંબંધે ઉત્પન્ન થવાથી તેમનું નામ વાલખિલ્ય આપી બ્રહ્મદેવ બોલ્યા, તમે લોકોના હિતને માટે તપ કરી સર્વ સુખને ભોગવો. તે ઉપરથી તે ઋષિઓ ભૃગુક્ષેત્રમાં આવી તપ કરવાથી શ્રી મહાદેવજીએ પ્રસન્ન થઇ વર માગવાને કહ્યું.

વાલખિલ્યો—હે ભગવાન, આપશ્રી પ્રસન્ન થયા હો તો અમને સર્વ વિદ્યા આપી વાયુ પ્રમાણે ગમન કરવાની શક્તિ આપો, અને અમારી વિચરવામાં વાયુના પ્રમાણે અકુંઠિત ગતિ થવી જોઇએ.

શ્રી મહાદેવજી—હે ઋષિઓ, તમને તમારી માગણી પ્રમાણે વર આપ્યા. આજથી તમે સૂર્યના રથની સાથે રહી તેમનું રક્ષણ કરો, એમ કહી શ્રી ભગવાન ગુપ્ત થયા.

આવી રીતે એ વાલખિલ્યેશ્વર મહાદેવનું મહાત્મ્ય છે. એ તીર્થમાં જઇને જે સ્નાન દાનાદિ કરે છે, તે સર્વે પાપોથી મુકત થાય છે.

॥ ઇતિશ્રી વાલખિલ્યેશ્વર મહાત્મ્ય ॥ ૩૪ ॥

—※—

તીર્થ ૩૫ મું.

હે રાજા, ત્યાંથી અઢાર દંડને છેટે નર્મદેશ્વર નામનું તીર્થ ભુકિત મુકિત આપવાવાળું છે ત્યાં જવું. એ સ્થાનમાં બેસી શ્રી ભૃગુમહારાજે નર્મદાને પ્રસન્ન કરવા માટે તપ કરતાં બહુ કાળે શ્રી નર્મદાજીએ પ્રસન્ન થઇ દિવ્ય સ્વરૂપ ધારણ કરી એ મુનિને દર્શન આપી વર માગવાને કહ્યું. તે સ્વરૂપ જોઇ શ્રી ભૃગુ મહારાજ અનેક સ્તોત્રોવડે શ્રી નર્મદાની પ્રાર્થના કરી સાષ્ટાંગ નમસ્કાર કરી બોલ્યા. હે દેવી, આપનો સર્વ તીર્થમાં વાસ છે તે છતાં હું માગણી કરૂં છું કે આપશ્રી આ મારા ક્ષેત્રમાં સ્વ નામનું તીર્થ સ્થાપન કરો. તે સાંભળી શ્રી દેવીએ પોતાના નામના શ્રી નર્મદેશ્વર મહાદેવની સ્થાપના કરી, અને એ ક્ષેત્રને વર આપી ગુપ્ત થયાં. એ સ્થાનમાં સ્નાનમાત્રે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. એ મહાદેવની પૂજા કરતાં સાત જન્મનું પાપ જાય છે. એ તીર્થમાં આઠમ, ચૌદશે ઉપવાસ કરી એ દેવની પૂજા કરવાથી અશ્વમેધનું ફળ મળે છે. માર્ગશિર્ષ વદિ અષ્ટમીને દિવસે ઉપોષણ કરી શ્રી નર્મદેશ્વર મહાદેવની જાગરણાદિ કરી પૂજા કરવાથી બ્રહ્મહત્યાદિ મહાપાપોનો નાશ થાય છે. અહીંઆં જે કંઇ શુભાશુભ કર્મ કરે છે તેનું અનંતગણું ફળ મળે છે.

॥ ઇતિશ્રી નર્મદેશ્વરતીર્થ મહાત્મ્ય ॥ ૩૫ ॥

※

તીર્થ ૩૬ મું.

હે રાજા, હવે એ તીર્થની નજીક સર્વ કામનાને સિદ્ધ કરવાવાળું માતૃતીર્થ છે. જેવારે અહીંઆં શ્રી લક્ષ્મીજીનાં લગ્ન થયાં હતાં, તેવારે ભૃગુમહારાજે પ્રાર્થના કરવાથી તમામ દેવો દેવી સહિત એ સ્થાનમાં રહ્યા હતા. ત્યારથી એ તીર્થ માતૃતીર્થ નામથી ઓળખાય છે. એ સ્થાનની જે સ્ત્રી શ્રદ્ધાભક્તિથી સેવા કરશે તેને ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થશે, અને જે પુરૂષ એ તીર્થનું સેવન કરશે તેના સર્વે મનોરથ પૂર્ણ થશે. એ તીર્થ આઠેમ અને ચૌદશે અનંત ફળ આપે છે.

॥ ઇતિશ્રી માતૃતીર્થ મહાત્મ્ય ॥ ૩૬ ॥

તીર્થ ૩૭ મું.

હે રાજા, એ તીર્થની નજીકમાં મત્સ્યેશ્વર નામનું તીર્થ સર્વે દેવોએ સેવન કરેલું અને સર્વે પાપોને નાશ કરનારૂં છે. એ સ્થાનમાં પૂરા કલ્પમાં શ્રી ભગવાને મત્સ્ય સ્વરૂપને ધારણ કરી દૈત્યોનો નાશ કરવા માટે દશહજાર વર્ષ અહીંઆં તપ કર્યું હતું. ત્યારપછી વેદનો ઉદ્ધાર કરવા માટે ભગવાને સમુદ્રમાં જઇ દૈત્યોને માર્યા પછી એ સ્થાનમાં આવીને નિવાસ કર્યો. એ બાણુ શ્વેત-વારાહ કલ્પમાં મત્સ્યાવતારમાં સ્થપાયેલું છે. જે કોઇ નર્મદામાં સ્નાન કરી એ ભગવાનની પૂજા કરે છે તેને અશ્વમેધનું ફળ મળે છે. જે કોઇ અહીંઆં શાન્ત દાન્ત બ્રાહ્મણને શોધી દાન આપશે અગર જમાડશે તે અનંત ફળની પ્રાપ્તિ કરશે. જે કોઇ એ તીર્થમાં યોગાભ્યાસી બ્રાહ્મણની જેવી રીતે સેવા કરશે તેવાં ફળની તેને પ્રાપ્તિ થશે. એ તીર્થમાં માર્ગશિર્ષ માસની અષ્ટમી અને ચતુર્દશી વિશેષ ફળને આપે છે.

॥ ઇતિશ્રી મત્સ્યેશ્વરતીર્થ મહાત્મ્ય ॥ ૩૭ ॥

તીર્થ ૩૮ મું.

હે રાજા, એ તીર્થની નજીકમાં અષ્ટદિકપાળ (દેવતીર્થ) નામનું તીર્થ સર્વે પાપોને નાશ કરવાવાળું છે. શ્રી ભૃગુમહારાજે લક્ષ્મીજીનાં લગ્ન થયા પછી સર્વે દેવોને પ્રાર્થના કરી કહ્યું કે હે દેવો, આ મારા ક્ષેત્રના રક્ષણ માટે આ જગ્યાપર અષ્ટદિકપાળે પોતાના અંશથી રહેવું જોઇએ. તે સાંભળી સર્વે દેવો મુનિના વચનને માન્ય કરી એ સ્થાનમાં રહ્યા, ત્યારથી એ અષ્ટદિકપાળ (દેવતીર્થ) તીર્થ કહેવાયું. એ તીર્થમાં જે કંઇ કરવામાં આવે છે તે અક્ષય ફળને આપવાવાળું થાય છે. એ સ્થાનમાં ત્રયોદશી વિશેષ ફળને આપે છે.

॥ ઇતિશ્રી અષ્ટદિકપાળ (દેવતીર્થ) તીર્થ મહાત્મ્ય ॥ ૩૮ ॥

-*-

તીર્થ ૩૯ મું.

तस्यैवनंतरं चान्य च्छिखितीर्थं मनुत्तमम् ॥
प्रधानं सर्व तीर्थानां पंचायतन मुत्तमम् ॥ १ ॥

હે રાજા, ત્યાર પછી તમારે સર્વ તીર્થમાં ઉત્તમ શિખિ નામનું તીર્થ છે ત્યાં જવું. એ જગ્યાપર શ્રી અગ્નિનારાયણે તપ કરી મહાદેવજીને પ્રસન્ન કરવાથી સર્વે દેવોમાં શિખારૂપ (શ્રેષ્ટ) થયા. એ અગ્નિનારાયણે પોતે શિખેશ્વર મહાદેવની સ્થાપના કરી. એ જગ્યાએ શુકલ પક્ષનો પડવો વિશેષ ફૂળને આપે છે. તેમાં પણ આશ્વિન માસના પડવાને દિવસે જે કોઇ એ સ્થાનમાં સ્નાન કરી મહાદેવજીની પૂજા કરે છે તે વાંચ્છિત ફળને મેળવે છે.

॥ ઇતિશ્રી શિખિતીર્થ મહાત્મ્ય ॥ ૩૯ ॥

—*—

તીર્થ ૪૦ મું.

ततो गच्छे द्धराधीश कोटितीर्थं मनुत्तमम् ॥
यत्र सिद्धामहाभागाः कोटि संख्या महर्षयः ॥ १ ॥

હે રાજા, એ તીર્થ નજીક કોટિ તીર્થ નામનું ઉત્તમ તીર્થ છે. એ સ્થાનમાં એક કરોડ બ્રાહ્મણોએ મોટી મોટી સિદ્ધિઓની પ્રાપ્તિ કરી છે એ સ્થાનમાં વસિષ્ઠાદિ મહર્ષિઓએ આવી તપ કરી શ્રી મહાદેવજી પ્રસન્ન કર્યા પછી એ ઋષિઓએ કોટીશ્વર મહાદેવ અને કોટીશ્વરી ચામુંડાદેવી (બહુચરા માતા) નો સ્થાપના કરી છે. એ તીર્થમાં શ્રાવણ વદિ અષ્ટમીને દિવસે સ્નાન કરી એ દેવદેવીની પૂજા કરવાથી સર્વ પાપોનો નાશ કરી પોતાની એકત્રીશ પેઢીના પુરૂષોને નર્કમાંથી તારે છે. એ જગ્યાએ સ્નાન દાનાદિ જે પુણ્ય કર્મ કરવામાં આવે છે તે કોટીગણું ફળ આપવાવાળું થાય છે.

॥ ઇતિશ્રી કોટિતીર્થ મહાત્મ્ય ॥ ૪૦ ॥

—*—

તીર્થ ૪૧ મું.

भृगुतीर्थे ततो गच्छत्तीर्थं राजमनुत्तमम् ॥
पैतामहं महापुण्यं सर्व पातक नाशनम् ॥ १ ॥

હે રાજા, આ શ્રી ભૃગુકચ્છ ક્ષેત્રમાં છેવટના તીર્થનું નામ ભૃગુતીર્થ–પિતામહ તીર્થ છે. એ તીર્થ સર્વ પાપોને નાશ કરવાવાળું અને મહા પુણ્યને આપવાવાળું છે. એની ઉત્પત્તિને તમે સાંભળો. બ્રહ્મદેવે આ સૃષ્ટિના આરંભમાં સંકલ્પમાત્રે એક સરસ્વતી નામે અનુપમ કન્યા ઉત્પન્ન કરી તે સ્વરૂપ જોઇ પોતે મોહિત થવાથી શ્રી વિષ્ણુ ભગવાન બોલ્યા, તમે આ તમારા બનાવેલા સરસ્વતી-રૂપ ચિત્રને વારંવાર જુઓ છો તેથી હજુ તમે માયાના પાશમાં બંધાયેલા જણાઓ છો, માટે હું તમને શાપ આપું છું કે તમે વેદ રહિત થઇ આ સર્વ લોકમાં અપૂજ્ય થાઓ. એ શાપથી ખેદ પામી શ્રી બ્રહ્માજી નર્મદા કિનારે આવી દેવનાં ત્રણસો વર્ષ તપ કરી શ્રી મહાદેવજીને પ્રસન્ન કરતાં શ્રી મહાદેવજી બોલ્યા, હે બ્રહ્મદેવ, તમને પૂર્વવત્ વેદ આવડશે, પરંતુ આજથી તમને પર્વણિ પર્વણિએ સર્વે લોકો પૂજશે. હું પણ તમામ દેવપિતૃ સહિત આ તીર્થમાં રહીશ, એમ કહી મહાદેવજી ગુપ્ત થયા. તે દિવસથી એ તીર્થ પિતામહ નામથી ઓળખાય છે. એ તીર્થ સર્વે તીર્થોમાં ઘણુંજ ઉત્તમ છે. એ તીર્થમાં દરેક અમાવાસ્યાને

દિવસે સ્નાન કરી એ મહાદેવની પૂજા, તર્પણ અથવા શ્રાદ્ધપિંડ દાનાદિ જે કંઇ પુણ્ય કર્મ કરે છે, તે અનંત ફળને આપે છે. એમાં પણ ભાદ્રપદ માસની અમાવાસ્યા વિશેષ ફળને આપે છે. અથવા જેવારે કન્યાગત બ્રહસ્પતિ થાય છે, તેવારે બાર માસ પર્યંત કૃષ્ણા નદીના કરતાં પણ અહીંઆં પુણ્ય દાનનું અનંતગણું વધારે ફળ મળે છે. એવું એ મહા પાપોને નાશ કરવાવાળું તીર્થ છે, અને એ કારણથી તમામ અમાવાસ્યા પિતૃ પર્વણિ કહેવાય છે.

॥ ઇતિશ્રી પૈતામહ તીર્થ મહાત્મ્ય ॥ ૪૧ ॥

---*---

ઉપસંહાર.

---****---

આ શ્રી ભૃગુકચ્છપ તીર્થમાં અનંત તીર્થો છે, અને એનું મહાત્મ્ય પણ અનંત છે. એ તીર્થ જેવારે આ બ્રહ્માંડની પ્રથમ ઉત્પત્તિ થઇ તેવારે સ્થપાયું છે. એ બ્રહ્માંડ ઉત્પન્ન થયાને અત્યારે બ્રહ્મદેવને આ એકાવનમું વર્ષ ચાલે છે. જે બ્રહ્મદેવના એક રાત્ર દિવસમાં આપણા આઠ હજાર યુગ જાય છે. એનાપર કેટલાક પ્રલયો સુદ્ધાં થઇ ગયા તેથી એનું મહાત્મ્ય લખવાને સરસ્વતી અને હજાર મુખવાળા શેષનાગ સુદ્ધાં સમર્થ નથી, ત્યારે મારા જેવા અલ્પજ્ઞથી તો એનું મહાત્મ્ય લખાયજ કયાંથી! તે છતાં શ્રી સદ્ગુરૂ મહારાજે મારા હૃદયને જે પ્રમાણે પ્રેરણા કરી તે પ્રમાણે મેં રેવાખંડના આધારે આ મહાત્મ્ય લખ્યું છે. એ શ્રી ભૃગુતીર્થમાં એકતાળીશ તીર્થનું મહાત્મ્ય જુદી જુદી રીતે કહેવાયુ છે, એ ઉપરથી એમ નહિ સમજવું કે અમુક તીર્થ નાનું અને અમુક તીર્થ મોટું છે. જેવી રીતે એક ઘરમાં અનેક માણસો રહે છે તેના જેમ ગુણાદિ કહેવામાં આવે છે, છતાં તે ઘર એક હોવાથી તે ઘરનાપર જેમ વધારે ઓછો ભાવ મનુષ્યને થતો નથી; તેવી રીતે આ ક્ષેત્ર એક હોવાથી એમાં કોઇએ વધારે ઓછો ભાવ કરી મનને કલુષિત કરવું નહિ, પરંતુ સર્વત્ર સ્નાન દાનનું એકજ ફળ મળે છે એવી રીતે સમજી આ ક્ષેત્રની સેવા કરવી આ શ્રી ભૃગુક્ષેત્રમાં ગંગા, સરસ્વતી અને યમુના આ ત્રણ નદીઓ કે જેમનું એકવાર નામ લેતાં સર્વ પાપો બળીને ભસ્મ થાય છે, એ

ત્રણે સુદ્ધાં શ્રી નર્મદાની સાથે સંગમરૂપે થઇને લોકને પાવન કરવાને રહ્યાં છે. વળી દેવના દેવ એવા શ્રી બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવજી પોતપોતાની શક્તિઓ સાથે એ ક્ષેત્રમાં રહ્યા છે વળી શ્રી ભૃગુમહારાજની કન્યા સ્વતઃ લક્ષ્મીજી, તેમનાં લગ્ન શ્રી વિષ્ણુ ભગવાનની સાથે આ ક્ષેત્રમાં થયાં છે. વળી શ્રી કચ્છપ ભગવાન, શ્રી લક્ષ્મીજી અને ભૃગુમહારાજે મળી આ ક્ષેત્રની સ્થાપના કરી છે, જેની અંદર વાસુદેવ ભગવાનના અવતાર શ્રી કપિલ, શ્રી દત્તાત્રેય, શ્રી વારાહ, શ્રી મત્સ્ય, અને શ્રી વામનાદિ અવતારે નિવાસ કર્યો છે. જે સ્થાનને પ્રકાશ કરવાને દ્વાદશ સૂર્ય, અષ્ટદિક્પાળ, વિરભદ્રાદિ ક્ષેત્રપાળો, ચોસટ યોગીની અને નવ દુર્ગાદેવીઓ રહ્યાં છે. જે સ્થાનમાં બુદ્ધિના દેવ બ્રહસ્પતિ, મનના દેવ ચંદ્રમા, વાણીના દેવતા સરસ્વતી, અહંકારના દેવતા રુદ્ર, ચક્ષુના દેવતા સૂર્ય, ઘ્રાણના દેવતા અશ્વિનિકુમારાદિ રહ્યા છે. જે સ્થાનમાં સરસ્વતી અને બ્રહસ્પતિ વિદ્યાદાન આપવાને રહ્યાં છે. જે સ્થાનમાં શૂલેશ્વરી અને સૌભાગ્યસુંદરી નામની દેવીની બે પીઠો છે; અરે, કાશી, કોલ્હાપુર, મદુરા, અયોધ્યા, કાલંજર, (કલકત્તા) આદિ સ્થાનમાં દેવીની એક પીઠ હોવાથી તે ત્રિભુવનમાં માન્ય થયાં, ત્યારે અહીંઆં તો દેવીની બે પીઠો છે, ત્યારે એ ક્ષેત્રનું મહાત્મ્ય કેટલું હશે? વળી કાશી, પ્રયાગ, હરદ્વારાદિ સ્થાનમાં જે ગંગાજી છે. તે આ ક્ષેત્રમાં નિવાસ કરીને રહ્યા છતાં શ્રી વિષ્ણુ ભગવાને લક્ષ્મીજી સાથે લગ્ન કર્યાં તે વખતે સર્વ દેવ ઋષિઓની અવભૃથ સ્નાનની માગણીથી શ્રી ભગવાને પોતે પોતાના ચરણમાંથી ગંગાજીને પ્રગટ કરી શ્રી નર્મદાજી જોડે બીજીવાર સંગમ કરાવતાં સર્વેએ એ ભગવાન અને એ સંગમની પૂજા કરી તેમાં સ્નાન કર્યું. એવી રીતે બે સ્વરૂપે ગંગાજી નર્મદા સાથે મળીને લોકોને પાવન કરવાને રહ્યાં, ત્યારે એ ક્ષેત્રનું મહાત્મ્ય કેટલું વધારે હશે? વળી અનસુયા માતા જેવાંએ આવી આ ક્ષેત્રમાં ઉત્તમ પતિ મેળવવાને તપ કર્યું. ગરૂડજી, હંસાદિ વગેરે આ ક્ષેત્રમાં તપ કરી દેવોના વાહન થયા. નારદજી વગેરેએ પણ અહીંઆં આવી તપ કરી સિદ્ધિઓ મેળવી. ભગવાન પોતે બળીરાજાને માટે વામનસ્વરૂપ ધારણ કરી આ ક્ષેત્રમાં આવ્યા હતા, અને ત્રિવિક્રમ સ્વરૂપધારણ કરી બળીરાજાને પાતાળમાં મોકલી નિવાસ કર્યો. (એ

વખતે ભગવાને બળીરાજાને વરો આપ્યા, તે દિવસની યાદગીરી માટે સર્વે લોકો દીવાળીનો તહેવાર કરે છે. એમાં એક દિવસ ભગવાન ગામ બહાર રહ્યા, બીજે દિવસે બોલાવી લાવ્યા, અને ત્રીજે દિવસે વર આપ્યા, એ ત્રણ દિવસ દીવાળીના નામથી ઓળખાય છે.) મોટા મોટા ઋષિઓએ અહીં તપ કરી વેદના પારને જાણવાવાળા થઇ વેદની શાખાઓને જગતમાં પ્રવર્ત કરી. જે ક્ષેત્રના રક્ષણ માટે મહાદેવજી પોતાના એકાદશ રૂદ્ર સ્વરૂપને ધારણ કરીને રહ્યા છે, અને અગ્નિનારાયણ સ્વતઃ આ ક્ષેત્રમાં રહ્યા છે; ત્યારે આ ભૃગુક્ષેત્રનું મહાત્મ્ય કેવડું હશે તે માટે દરેકે વિચાર કરી લેવો. પ્રયાગમાં ગંગા યમુના અને સરસ્વતી ત્રણ સંગમ મળવાથી એ ક્ષેત્ર જગતમાં માન્ય થયું છે અને સર્વે વાંચ્છિત ફળ આપવાવાળું કહેવાય છે, ત્યારે આ શ્રી ભૃગુકચ્છપ ક્ષેત્રમાં તો ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા અને સમુદ્ર એ પાંચનો સંગમ છે, તેથી એ સ્થાનનું મહાત્મ્ય પ્રયાગ કરતાં પણ કેટલું વધારે હશે એને માટે શ્રદ્ધાવાને વિચાર કરી લેવો એ કારણથી એ ક્ષેત્ર પ્રયાગ કાશી આદિ તીર્થો કરતાં પણ શ્રેષ્ઠ છે. ત્રણ લોકમાં શ્રી ભૃગુકચ્છપ ક્ષેત્ર સમાન ક્ષેત્ર નથી, નથી ને નથીજ. માટે દરેકે શ્રદ્ધાભક્તિ રાખી નર્મદાદેવી અને એ ક્ષેત્રની સેવા કરવી, એનાવડે શ્રદ્ધાવાનને એ ક્ષેત્ર તત્કાળ ઇચ્છિત ફળ આપે છે. આ ક્ષેત્રમાં શુભાશુભ કર્મનું અનંતગણું વધારે ફળ મળે છે, માટે દરેકે અશુભ કર્મનો ત્યાગ કરી શુભ કર્મો કરવાં. એને માટે રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય, ઈર્ષા, અસૂયા, દંભ, દર્પ, અહંકાર અને અસત્યને છોડી, બ્રહ્મચર્યાદિ પાળી સત્વગુણને ધારણ કરી શુભ કર્માનુષ્ટાન કરતાં તે મનુષ્યને તત્કાળ અહીંઆં ફળ મળે છે, એમાં જરા પણ સંશય નથી. જે કોઇ આ ક્ષેત્રમાં શ્રદ્ધાભક્તિથી નર્મદામાં સ્નાન કરી શ્રી હરિ હરાદિ તમામ દેવોને એક સ્વરૂપે સમજી શ્રી મહાદેવજીની પૂજા કરે છે, તે પોતાનાં તમામ પંચ મહા પાતકોથી મુક્ત થાય છે. અહીંઆં નર્મદામાં સ્નાનમાત્રે બ્રહ્મહત્યાદિ પાપો જાય છે. જે કોઇ આ સ્થાનમાં સૂર્ય, ચંદ્રગ્રહણ અને સૂર્ય સંક્રાન્તિને દિવસે નર્મદામાં સ્નાન કરી મહાદેવજીને જળ ચઢાવે છે તેને સહસ્ર અશ્વમેધનું ફળ મળે છે. જે કોઇ પર્વણિ સિવાય

નર્મદામાં સ્નાન કરી મહાદેવજીની પૂજા કરે છે તેને સો અશ્વમેધનું ફળ મળે છે, સોમવતિ અમાવાસ્યા, અને વ્યતિપાતાદિ તમામ પર્વણિને દિવસે સ્નાન કરે છે તેને ગંગા કિનારે સુવર્ણ શૃંગી અને રૂપાની ખરીવાળી લક્ષ કપિલાગાયનું પવિત્ર બ્રાહ્મણને દાન આપવાથી જે ફળ મળે છે, તે ફળ નર્મદામાં સ્નાનમાત્રે મળે છે એ કારણથી માઘ માસમાં પ્રયાગ કરતાં એનું ફળ અનંત છે. એને માટે ધર્મસિંધુમાં જુવો. ત્યાં પશ્ચિમ વાહિની ગંગા નામે લખ્યું છે. અહીંઆં જે કોઇ શ્રદ્ધાથી એક બ્રાહ્મણને ભોજન કરાવે છે, તેને કોટિ બ્રાહ્મણભોજનનું ફળ મળે છે. જે કોઇ આ ક્ષેત્રમાં અગ્નિહોત્રાદિ લઇ અગ્નિનારાયણની સેવા કરે છે તે ચારે પુરૂષાર્થની પ્રાપ્તિ કરે છે. આ ક્ષેત્રમાં જે કોઇ પીપળો, ઔદુંબર, અને બિલ્વવૃક્ષની નીચે અગર શિવાલયમાં બેસીને જપ કરે છે તેને તે જપનું કોટિગણું વધારે ફળ મળે છે, જે કોઇ પવિત્રપણે નર્મદામાં અભિષેક અને ગંધ પુષ્પાદિવડે નર્મદા અને મહાદેવજીને એક સ્વરૂપે સમજી શ્રદ્ધાથી પૂજા કરે છે, તેને દરરોજ કેટલું ફળ મળે છે તે કહેવાને સરસ્વતી અને બ્રહ્મદેવ સુદ્ધાં સમર્થ નથી, તેથી અનંત ફળ કરીને કહેવામાં આવે છે. જે કોઇ જેષ્ઠ માસના શુકલ પડવાથી દશમી પર્યંત ગંગાજીના ઉત્સવ વખતે અહીંઆં નિત્ય સ્નાન કરી એ ઉત્સવ કરે છે તેને તે ઉત્સવનું ગંગા, સરસ્વતી, યમુના, નર્મદાજી અને સમુદ્ર સંગમદેવતા કેટલું ફળ આપે છે તે કહેવાને કોઇ સમર્થ નથી, માટે અનંત ફળ કહેવામાં આવે છે. આ સ્થાનમાં દેવને માટે બાગ અને ધર્મશાળાદિ બનાવનારને અખંડ ઇંદ્રલોકની પ્રાપ્તિ થાય છે. અહીંઆં હોમાદિ જે કંઇ કરે છે, તેનું પણ અનંત ફળ મળે છે. જે કોઇ અહીં એક રૂદ્રનું નિયમપૂર્વક આવર્તન કરે છે, તેને એકાદશ અતિરૂદ્રનું ફળ મળે છે. જે કોઇ આ ક્ષેત્રની પ્રદક્ષિણા કરે છે તેને બ્રહ્માંડની પ્રદક્ષિણા કરવાનું ફળ મળે છે. દેવાલય બંધાવનારને સદ્‌ગતિ મળે છે. **न प्रतिष्ठा समोरिपुः** એટલે જે લોકો દેવાલય વગેરે બંધાવી તેની પૂજા અર્ચન સંબંધી વ્યવસ્થા પાછળથી નહિ રાખશે તેની એ પ્રતિષ્ઠા રિપુસમાન થઇ તેને નર્કની પ્રાપ્તિ કરાવશે, માટે નવી પ્રતિષ્ટા કરતાં જીર્ણોદ્ધાર કરવો એ વધારે સારૂં છે. મહાદેવાદિ દેવોની પ્રદક્ષિણા કરનારને પૃથ્વી પ્રદક્ષિણાનું ફળ

મળે છે. એ પ્રદક્ષિણા મંદગતિથી કરવી, અને એક પ્રદક્ષિણા પૂરી થાય કે દેવને નમસ્કાર અને પાછી પ્રદક્ષિણાના આરંભમાં નમસ્કાર એવી રીતે બે નમસ્કાર કરવા. કુષ્ટિ અને અંગ રહિત જો એવી રીતે શ્રદ્ધાભક્તિથી લક્ષ પ્રદક્ષિણા કરશે તેનો રોગ આપોઆપ શાન્ત થતો જશે. જે સ્ત્રી શ્રદ્ધાથી એ તીર્થની સેવા કરશે તેને આગળનો જન્મ પુરૂષનો આવશે. જે કોઇ આ સ્થાનમાં દરરોજ વિધિ પ્રમાણે શ્રી સૂર્યને નમસ્કાર કરે છે તે તમામ રોગોથી મુક્ત થાય છે, પછી કદાપિ શ્વેત કોઢ, ક્ષયાદિ રોગો હોય તોપણ શું થયું ! તેનો પણ જલદી નાશ થાય છે. ગોદાન આપનારને અખંડ ગોલોક મળે છે. આ સ્થાનમાં જે કોઇ સંન્યાસ લઇ તેની મર્યાદા પ્રમાણે વર્તે છે તેની પુનરાવૃત્તિ થતી નથી. જે કોઇ આ સ્થાનમાં દંડિ યા આતુર સંન્યાસીને ભિક્ષા કરાવે છે તેને તે ભિક્ષા મેરૂ સમાન પુણ્ય આપવાવાળી થાય છે. જે કોઇ બ્રહ્મચર્યાદિ વ્રતો પાળવાવાળા બ્રાહ્મણને જમાડે છે તેને કોટિ બ્રાહ્મણ ભોજન કરાવવાનું ફળ મળે છે. તર્પણ, શ્રાદ્ધાદિ કરે છે તેના પિતૃઓ અખંડ તૃપ્તિ ભોગવે છે. પ્રેતને નારાયણબળી કરવાથી જરૂર તેને સદ્‌ગતિ મળે છે. જે કંઇ અહીંઆં દાનાદિ આપવામાં આવે છે તે દાનનું અનંત કોટિગણું ફળ મળે છે. દેવાલયનો જીર્ણોદ્ધાર કરનાર તેથી બેતાળીસ પેઢી સહિત સ્વર્ગલોકમાં જાય છે, માટે સર્વએ શ્રદ્ધાભક્તિથી આ તીર્થનો ઉપર બતાવ્યા પ્રમાણે સેવા કરવી. આ તીર્થના મહાત્મ્યનું નિત્ય શ્રવણ મનન કરશે તેને વાંચ્છિત ફળની પ્રાપ્તિ થશે.

આ શ્રી ભૃગુકચ્છતીર્થ મહાત્મ્યને હું મારા સદ્‌ગુરૂ ભગવાન વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના ચરણારવિંદમાં અર્પણ કરૂં છું તેનાવડે શ્રી દત્તાત્રેય સદ્‌ગુરૂ ભગવાન સંતુષ્ટ થાઓ.

આ ક્ષેત્ર મહાત્મ્યની સમાપ્તિ સંવત ૧૯૭૩ માર્ગશિર્ષ વદ્ય છઠ ને ભૃગુવારે પ્રાતઃકાળે શ્રી દેવતીર્થમાં કરવામાં આવી છે.

श्री सद्‌गुरु दत्तात्रेयार्पण मस्तु ॥

સમાપ્ત.

શ્રીપરમપૂજ્ય ગાંડામહારાજ વિરચિત પુસ્તકો.

—✱✱✱✱✱✱✱✱—

સ્ત્રીધર્મ નિરૂપણ.

એમાં સ્ત્રીપુરૂષોના ધર્મ, અર્થ કામ અને મોક્ષના શાસ્ત્ર વિહિત માર્ગો દશ માતૃકાઓના આખ્યાન સાથે વર્ણવેલા છે. કીંમત રૂા. ૨–૮–૦

પુરૂષધર્મ નિરૂપણ.

એમાં સંન્યાસ, વાનપ્રસ્થ, ગૃહસ્થ અને બ્રહ્મચર્ય એ ચારે આશ્રમના નિયમો શાસ્ત્ર પદ્ધતિએ વર્ણવેલા છે, ઉપરાંત વિદ્વત્સંન્યાસ, મનન, મનને ઉપદેશ, સ્પર્શાસ્પર્શ વગેરે વિષયો વર્ણવી જ્ઞાન મેળવવાનો સરળ માર્ગ બતાવ્યો છે. કીંમત રૂા. ૧–૧૨–૦

લઘુ સ્ત્રીધર્મ નિરૂપણ.

આ પુસ્તક સ્ત્રીધર્મ નિરૂપણના સારરૂપ છે. કીંમત રૂા. ૦—૩—૦

લઘુ સ્ત્રીધર્મ નિરૂપણ.
અને
રમાબાઈનું ચરિત્ર.

આ પુસ્તક સ્ત્રીધર્મ નિરૂપણના મોટા પુસ્તકના સારરૂપ હોઇ તેમાં આધુનિક અવતારી પુરૂષનું જીવન કેવું હોય છે, તે આબેહુબ બતાવ્યું છે, જે વાંચવાથી ધર્મ ઉપર શ્રદ્ધા ચોંટે છે. કીંમત રૂા. ૧–૦–૦

પ્રસિદ્ધ કર્તા.

કલ્યાણજી નીચ્છાભાઈ દેશાઈ.

ઓફીસ ખડકી—ભરૂચ.